પુસ્તક પ્રાપ્તિસ્થાન :—

આ પુસ્તકના પ્રેરક :—

પ. પૂ. પન્યાસજી મહારાજ શ્રી સુબોધસાગરજી મહારાજ સાહેબના.

વિનેયાન્તેવાસી પૂ. મુનિરાજશ્રી મનહરસાગરજી મહારાજશ્રી પાસેથી સ્ટોકમાં નકલ હશે ત્યાં સુધી મળશે.



પૂ. આચાર્ય ભગવંત ગુરૂદેવ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા. નો ત્રિરંગી ફોટો બ્લોક તેમજ ટાઈટલ જેકેટ બ્લોક ભજનપદ ભાવાર્થ સંગ્રહ ભાગ ૧લાના સૌજન્યથી.

આવાં અનેકવિધ ભજનોમાંથી ૧૦૮ ભજનો ચૂંટી તેઓશ્રીના જ શિષ્યરત્ન પ્રશાન્તમૂર્તિ **આચાર્ય પ્રવર શ્રીમત્ કીર્તિસાગરસૂરીશ્વરજી** મહારાજે ગુજરાતી ભાષામાં સરળ અનુવાદ લખ્યો. અને દુન્યવી દૃષ્ટાન્તો આપી ખૂબ સારી રીતે સમજાવતો ગ્રંથ બહાર પાડવાનું નક્કી કર્યું.

તેમાંના પ્રથમ ૫૪ ભજનોનો સાતસો ચાલીશ પેજ પ્રમાણ દળદાર ગ્રંથ પૂ. પં **શ્રીમન્મહોદયસાગરજી** ગણિવરશ્રીની પ્રેરણાથી આજથી બે વર્ષ પહેલાં ભજનપદ ભાવાર્થ સંગ્રહ ભા ૧ લા તરીકે બહાર પાડવામાં આવ્યો હતો અને ભાગ બીજા તરીકે આ બીજો ગ્રંથ બીજા ૫૪ ભજનના સંગ્રહ પૂ પં **શ્રીમત્સુબોધસાગરજી** ગણિવરની પ્રેરણાથી બહાર પાડવા અમો ભાગ્યશાળી બન્યા છીએ આ ગ્રંથમાં આર્થિક સહકાર પૂ. પં. **સુબોધસાગરજી** ગણિવર શ્રીની પ્રેરણાથી **શ્રી આંબલીપોળ ઉપાશ્રયના** જ્ઞાન ખાતાની ઉપજમાંથી હા. શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી તેમજ અન્ય સહાયકોની શુભ નામાવલી પ્રગટ કરવામાં આવેલ મુજબ તરફથી મળ્યો છે. તેઓ સર્વેનો અંતરથી આભાર માનીએ છીએ

આ ગ્રંથ પ્રકાશનના સંપાદન કાર્યમાં સતત સેવા આપનાર પૂ. **મુનિરાજ શ્રી દુર્લભસાગરજીના**, તેમજ [illegible] શ્રી આર્ય [illegible] સુગંધ અર્પનાર **સમર્થ** સાહિત્યકાર પંડિતવર્ય **શ્રી છબીલદાસ કેસરીચંદભાઈ** સહકારીના અમે ઋણી છીએ

સમર્પણ

જેઓશ્રીએ
મારી અનાદિ કાળની અજ્ઞાનતાને ટાળી છે;
આત્મિક સ્વરૂપનું મને ભાન કરાવ્યું છે,
વ્યાવહારિક અને ધાર્મિક ક્રિયાઓમાં મને
નિપુણ કર્યો છે
તેમજ
હઠયોગ અને રાજયોગની સારી સમજ આપી
મારો જીવનોદ્ધાર કર્યો છે
અને જેઓશ્રીએ
[illegible] અધ્યાત્મ અને વ્યવહારના
[illegible] સ્વ અને પરનું કલ્યાણ કર્યું છે
એવા મારા આરાધ્યદેવ
મારા જીવનતારક ગુરુદેવ,
આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનો
ઉપકાર હું કેવી રીતે ભૂલી શકું?
અને આપની એ ગુણની રાશિ આગળ
મારી વાણીનો હું શું ઉપયોગ કરું?
છતાંય
આપે રચેલા અને મધુરવાણીથી ઉપદેશેલા
આપના ભજનો અને પદોનો
મારી અલ્પબુદ્ધિ પ્રમાણે તેનો અર્થ કરી
[illegible] પદનો ભાવાર્થ
[illegible]
[illegible]

[illegible]
કીર્તિસાગરસૂરિ

કેટલીક વ્યક્તિઓ માત્ર ક્રિયા કરીને આત્મ સંતોષ માને છે. કેટલીક વ્યક્તિઓ માત્ર જ્ઞાન ભણીને આત્મ સંતોષ માને છે. કેટલીક વ્યક્તિઓ માત્ર સાહિત્યકાર બનીને કે સાહિત્યકાર કહેવડાવીને પોતાની ઇતિ કર્તવ્યતા માને છે. કેટલીક વ્યક્તિઓ સામાજિક સેવક કહેવડાવવામા પોતાને પુણ્યશાળી–ભાગ્યશાળી માને છે. કેટલાક સાધુ થવામાં આનંદ માને છે. જ્યારે કેટલીક વ્યક્તિઓ સાચે-સાચા સાધુ હોવામાં અને સામાજિક સેવામાં લાગી રહેવા છતાં પોતે તદ્દન અલ્પાલ્પ હોય તેમ માનનારી હોય છે. પરંતુ સાચા જ્ઞાની બનવું, સાચા ક્રિયાશીલ બનવું, ઉચ્ચ-કોટિના સાહિત્યકાર બનવું, સાચી સાધુતા પ્રાપ્ત કરવી અને તેમ છતાં માનવતા ભર્યા સહૃદયી સમાજ સેવક બની મહાભાગ્યશાળી બનવામા જેમણે આનંદ માન્યો હોય એવા અધ્યાત્મજ્ઞાનદિવાકર યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજી મ. મા દર્શન–જ્ઞાન–ચારિત્રનો વાસ્તવિક ત્રિવેણી સંગમ થયેલો હતો.

તેમણે બનાવેલા ભજનોએ જૈન દર્શનમા એક નવો ચીલો પાડ્યો હતો. હજારો અને લાખો ગમે જૈન તો ઠીક પણ જૈનેતરો અરે મુસ્લિમો સુધી જેમણે ભજનોને [illegible] મુગ્ધ બન્યા કેટલાય જૈનેતરોને મોઢે ભજનો [illegible] ત્યારે આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર-સુરીશ્વરજી [illegible] પ્રાચીન ગ્રંથોની પ્રાકૃતિક ભાષામા [illegible] ન કરતા હોય, લોક હૈયામાં આત્મ જાગૃતિની [illegible] ન હોય એમ લાગ્યા જ કરે !

પ્રસ્તાવના શ્રીમદ્જીએ પોતે જ લખી છે. અને દરેકનાં પ્રૂફો પણ તેઓશ્રીએ પોતે જ તપાસ્યાં છે.

૭. શ્રીમદ્જીએ આખી બારાખડીના દરેક અક્ષર પર સૌથી વધુ પંક્તિઓ લખી છે. બધી પંક્તિઓનો કુલ સરવાળો ૧૨૦૦૦ થાય છે. જેમાં [ક] ઉપર સૌથી વધુ પંક્તિઓ લખી છે જેની સંખ્યા છે એક હજારને બાસઠ !

૮. શ્રીમદ્જીના ઘણા ગ્રંથોની બેથી ત્રણ ત્રણ આવૃત્તિઓ પ્રગટ થઈ છે. એકલા ભજન સંગ્રહ ભાગ પહેલાની ૧૭ આવૃત્તિઓ બહાર પડી છે.

૯. શ્રીમદ્જીએ તેમના જીવન દરમિયાન ૨૫૦૦૦ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો.

૧૦ 'આગમસાર' ગ્રંથ તેમણે એકસો (૧૦૦) વખત ફરી ફરીને વાચ્યો હતો.

૧૧ શ્રીમદ્જી પેન્સીલથી જ લખતા હતા. રોજની એક ડઝન છોલેલી પેન્સીલ તેઓ લખીને પૂરી કરતા હતા.

૧૨ શ્રીમદ્જી વિજાપુરમાં જન્મ્યા હતા અને તે જ [illegible] તેઓ કાળધર્મ પામ્યા હતા.

[illegible] આ કામ કર્યું છે આવું આશ્ચર્ય [illegible] ભજન [illegible] ને [illegible] વાંચવું જ રહ્યું. [illegible] ભજન [illegible] અને તેના લખાણ પ્રમાણે જ

રસોઇ આવી જ રહી, તેમ અહીં પણ વાસ્તવિક રીતે જીવનમા ઉતારવા માટે ગ્રંથ વાચવો જ રહ્યો. તો સહુ કોઈ આત્મસંશોધનના જિજ્ઞાસુઓએ ગ્રંથને ખૂબ મનન-પૂર્વક વાચવા અમારી નમ્ર વિનતિ છે.

આ ગ્રંથના ભાગ ૧લાની પ્રસ્તાવના સાક્ષરવર્ય પ્રખર અનુભવી શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈએ લખી છે તે જોતાં આ મારૂ લખેલું આમુખ કદાચ ફીકકું લાગશે પણ તેવા અનુભવનુ પુણ્ય મારી પાસે ક્યાથી હોય? એ તો સ્વાભાવિક છે વળી યોગનિષ્ઠ આચાર્યશ્રીના આશયને તો આપણે તેમની કોટિમા તદ્દન અલ્પજ્ઞ હોઈ તેમની વાણીને કઇ રીતે સમજી પણ શકીએ તો પછી ન્યાય તો કઈ રીતે આપી જ શકીએ. છતાં જેટલું સારૂ હોય તે તેઓશ્રીનુ અને સ્ખલના છે તે મારી પોતાની છે તેને ક્ષન્તવ્ય ગણી વાંચકો આત્મલક્ષી બને એવી અભિલાષા અસ્થાને નહી જ ગણાય.

આ ગ્રંથ આપણી આન્તરિક-બાહ્ય બધી વિગતોને સમજવા માટે-ઓળખવા માટે ભોમિયારૂપ બની જશે એ માટે જરૂર વાચવા વિજ્ઞપ્તિ કરીએ છીએ અને અંત સહુ [illegible] ગ્રંથની સહાયથી મોક્ષગામી બને એજ એક અભિલાષા

નિ

પં. છબીલદાસ કેસરીચંદ સંઘવી
[illegible]
[illegible]
[illegible]

જાગતો જોગેન્દ્ર

યાને

અવધૂત યોગી

[illegible]

[illegible]

આજના શહેરી માનવ જેવો રઘવાટ નથી, ચિંતા છે પણ કાયર જેવો ઉદ્વેગ નથી.

સ્થિર બુદ્ધિ છે મનની હાલત પણ સ્થિર છે ઊઠીને એ સૌ પ્રથમ વીતરાગની છબીને નમસ્કાર કરે છે પોતાના જીવનતારક ગુરુને પણ એ ભાવથી વંદે છે

અને થોડી જ વારમા એ પદ્માસન વાળીને બેસી જાય છે અર્ધબીડી આંખે એ નાસીકાના અગ્રભાગે તાકી રહ્યો છે ન હલન છે ન ચલન શરીરને આછું ધ્રુજવી નાંખતો મંદ મદ સમીર એના ખૂલ્લા દેહની આસપાસ ચક્કર મારી રહ્યો છે.

પણ એ તો શાત છે દુનિયાની નજરે એક જ જગાએ બેઠેલો એ કોઈ અલૌકિક દુનિયામા ગુમ થઈ જાય છે.

સમય વહ્યો જાય છે એ વધુ ને વધુ અંતરગેળ થતો જાય છે. વદન પર ચિંતનની એક તેજ ઝાલર ફરકતી દેખાય છે

પ્રભાતના સતાનો તો હવે જગતની ગલીઓમા રમતાં થઈ ગયા છે ઉષા પણ સજીધજીને સહસ્રરશ્મિને વધાવતી ગુલાલ વેરી રહી છે

તેજ પુજનુ પ્રથમ પગલુ પડે છે અને સોઽહમ્ સોઽહમ્‌ની ધીમી ગૂંજ ગાતો એ ઊભો થાય છે

આ એનો નિત્યક્રમ છે ત્યારપછી એ વ્યવહારિક કાર્યમા લાગી જાય છે એ પૂરા થતા ફરી પાછો પલાઠી-સ્થાને સમવિસ્થ બની જાય છે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

માટે આવે છે તો કોઈ સમસ્યા લઇને દરેકને એ સાંભળે છે અને ‘ધર્મલાભ’ આપે છે.

ઘણા આવે છે અને વિખરાય છે પણ ન એની કલમ અટકે છે ન એનો વિચાર વિચારોની વણઝાર એકધારી ચાલી જાય છે.

એ જૈન શ્રમણ છે. સમુદાયના આચાર્ય છે. નિત્યની એને ફરજો છે. સામાજિક, ધાર્મિક તેમજ સામુદાયિક એવી અનેક જવાબદારીઓ તેના પર છે પરંતુ જીવનનો એ કુશળ કારીગર છે સમય અને કર્તવ્યની એણે એવી કુસગુથણી કરી છે કે એનો દરેક દિવસ, પસાર થતી પ્રત્યેક પળ, જોનારને કોઈ કળાનો કોઈ સુદર કટકો જ લાગે છે

એને નમસ્કાર કરનારના દુ.ખ દૂર થઈ જાય છે. એના માત્ર દર્શન કરનારના સતાપ શમે છે. એના ‘ધર્મલાભ’ પ્રાપ્ત કરનારના ભાગ્ય ઊઘડે છે. એના અંતેવાસી બનનારના જીવન પાવન બની જાય છે એનો એક શબ્દ કાને પડતા અંતરમા અજવાળું થાય છે. એનો સ્પર્શ પામતા નિજાનદ મસ્તીનો જીવનમા નશો ચડે છે.

અનેકના એ આરાધ્ય દેવ છે ઘણાની એ પ્રાણ [illegible] છે

જ્યા જાય છે ત્યા એના દર્શન માટે લોક ઘેલુ થાય છે. એને સાંભળવા ગામગામથી લોકો આવે છે જૈન જૈનેતર [illegible] [illegible]

પરંતુ બહેચરદાસ માટે ભાવિ કંઈક બીજું જ નિર્માણ થયેલ છે.

બળદોના શીંગ પંપાળતા, ભેંસો અને ગાયોને નીરણ ધરતા, ખેતરમાં વાવણી અને લણણી કરતાં બહેચરદાસ અભ્યાસ પણ કરે છે

પહેલી જ ચોપડી એ પહેલા નંબરે પાસ કરે છે. વિજયના વરદાનથી બહેચરદાસની જ્ઞાન ભૂખ ભભૂકી ઊઠે છે પછી તો એ ઘરમાં ને સીમમાં, દોસ્તો સાથે કે પશુઓ સાથે કાં તો એ કવિતા ગાય છે, કાં એ પાઠ યાદ કરે છે જેમ જેમ એ ભણતા જાય છે, નવા નવા શબ્દો ને નવા નવા પ્રસંગો યાદ કરતા જાય છે તેમ તેમ એ જ્ઞાન તરફ વધારે ઝૂકતા જાય છે

વિજાપુરના જ વતની શ્રી ડાહ્યાભાઈ એ તેમના અનેક મિત્રોમાના એક પરમ મિત્ર હતા બહેચરદાસ નાતે કણબી હતા. કુળ ધર્મે અર્ધા શૈવ અને અર્ધા વૈષ્ણવ હતાં. જ્યારે શ્રી ડાહ્યાભાઈ જૈન હતા તેમની પાસે જૈન ધર્મનાં અનેક પ્રાચીન ગ્રંથો હતા.

બહેચરદાસ એ બધાં પુસ્તકો પોતાની હૈયા ઉકલતથી વાંચી જાય છે. અનેકાંતના એ વાચનથી તે ખૂબ જ પ્રભાવિત થાય છે, એક દિવસ એ પોતાના પરમ મિત્રને કહે છે: ' દોસ્ત ! મારે એક મહાન વિદ્વાન બનવું છે, શું હું તેવો બની શકીશ ? ”

હવે સ્વતંત્ર બન્યાં. જીવનનો ભાર હવે પોતે જ ઉપાડતાં થયાં.

વિદ્યાર્થીઓને ભણાવતા હતાં પરંતુ પોતાના હૈયાને જંપ ન હતો. હજુ ય જ્ઞાનની ભૂખ અણબૂઝી જ હતી બહુમૂલ્ય ગ્રંથો તો સંસ્કૃત ભાષામાં હતાં. પ્રાકૃત ને માગધીમાં હતા આ ભાષાજ્ઞાન વિના જ્ઞાનની પ્યાસ અતૃપ્ત જ હતી.

એ ય તક મળી ગઈ મહેસાણામા પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્ રવિસાગરજી મ સા.હતાં. ત્યાં શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા હતી. સાધુ–સાધ્વીઓને શાસ્ત્રાધ્યયન કરાવવાનું તેનું ધ્યેય હતું. બહેચરદાસનો નંબર લાગે તેમ ન હતું પરંતુ ભાવિ બળવાન હતું અને એથી ય વધુ બળવાન તેમની જ્ઞાનભૂખ હતી શેઠ શ્રી નથ્થુરામ મંછાચંદ ભાઈએ પાઠશાળાના વહીવટ કર્તાઓ સાથે પત્રોથી સંપર્ક સાધ્યો. બહેચરદાસ માટે ભલામણ કરી

અને એક શુભ ચોઘડિયે સૌ સ્નેહી પૂજ્યોને નમસ્કાર કરી એ મહેસાણા ઊપડી ગયા.

વિજાપુરમા જૈનત્વના જે બી રોપાયાં તે મહેસાણામા ફુલી-ફાલી નીકળ્યા આ પાઠશાળામાં તે જમાનાના ધુરંધર શ્રમણો આવતાં અને અભ્યાસ કરતા

બહેચરદાસ તો પૂજ્ય રવિસાગરજી મ. સા. ના અંતેવાસી જ બની રહ્યા અને એ જ ગુરુએ એક દિવસ

તેનો રંજ ન હતો ઉલ્ટો તેના બદલે નવા ધર્મનો ઉન્માદ હતો. અને જયમલ પદ્મીંગ જૈન ધર્મને હલકો પાડવા સુરતની ગલીએ ગલીએ ફરી રહ્યાં હતાં.

મુનિશ્રીનું અંતર મીશનરીના આ ઝેરી પ્રચારથી કકળી ઊઠયું. ઇશુની વાતો કરે, તેના સિદ્ધાંતને શીખવે તે સામે મુનિશ્રીને વાંધો ન હતો. પરંતુ જૈનત્વને તેમજ જૈન દર્શનને એ વગોવીને તે પ્રચાર કરે તે સામે તેમનો ભારોભાર વિરોધ હતો

અને એ કલમ લઈને બેસી ગયા. આજ સુધી માત્ર વાચ્યું હતુ, વિચાર્યુ હતુ, ચર્ચાઓ કરી હતી. થોડું અનુભવ્યુ હતુ આજ એ કલમ લઇને લખવા બેસી ગયા.

જયમલ પદ્મીંગ (જિત મુનિ)ના "જૈનધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો"ના એક એક અક્ષરને તેમણે જાણી લીધો દલીલે દલીલોને વાંચી લીધી અને એનો જડબાતોડ જવાબ આપવા એ કાગળ અને પેન્સીલ લઇ બેસી ગયાં.

મુનિશ્રીએ માત્ર દસ જ દિવસમા જ અઢીસો પાનાં જેટલો એક ગ્રંથ તૈયાર કરી નાખ્યો, ન કંઇ વિચારોની વિમાસણ, ન કંઈ ભાષાની ભાજગડ એક સરખુ તર્કબદ્ધ લખાણ તૈયાર થઈ ગયું

પૂજ્ય મુનિરાજશ્રી મોહનલાલજી મહારાજએ ગ્રંથ આદ્યન્ત જોઈ ગયાં યુવાન ને ઉગતા આ મુનિશ્રીની પ્રતિ-

યોગના એ પ્રખર અભ્યાસી છે તેવા જ એ મહાન ॥ અનુભવી પણ છે.

મુનિશ્રી તો યોગના દીવાના છે. અધ્યાત્મના અઠંગ પૂજારી છે જો કે છે તો એ જૈન શ્રમણ પરંતુ એ સંકુલ નથી. વાડાના એમને ભેદ નથી પંથના એમને અભરખા નથી. જિજ્ઞાસુ જીવ છે અત્મને ઉન્નત કરે તેવા તમામ ઉમદા તત્ત્વોના તે ગ્રાહક છે.

મુનિશ્રી સ્વામી પાસે જાય છે સ્વામીજી આ પડછંદ જવાન સાધુને જોઈને ઘડીભર થભી જાય છે. મુનિશ્રીની નજરમા નિશ્ચલતા છે. એમના અંગ અંગમાથી બ્રહ્મચર્યના તેજ કિરણો ચમકે છે. વિશાળ બાહુ છે. માંસલ પગ છે કપાળમા તેજસ્વિતા છે. મો પર નિર્મળ સુકુમારિતા છે અને હોઠો પર મરક મરક થતું નિર્મળ હાસ્ય છે

સ્વામીજીને આ જવાન સાધુ ભાવિ જાય છે. યોગ માટે તેમને આ શ્રમણ યોગ્ય લાગે છે સ્વામીજી પુરા દિલથી યોગ વિદ્યા શિખવે છે. યમ, નિયમ, પ્રાણાયામ રેચક, કુભક, ધ્યાન, નિદિધ્યાસન, સમાધિ હઠયોગ વગેરે તમામ વિદ્યા એ આ મુનિશ્રીને આપી દે છે

મુનિશ્રી જાણે હવે નવા અવતાર બન્યા છે શ્રમણ તો છે જ. હવે એ યોગનિષ્ઠ બને છે.

મુનિશ્રીને સમાધિ ભાવિ જાય છે સમાધિ એ સં

વિજયજી, પ્રવર્તક શ્રી ચતુરવિજયજી, પાયચ્છંદ ગચ્છના શ્રી ભાયચંદજી મહારાજ તેમજ સ્થાનકવાસી શ્રમણ પૂજ્યો પણ હતા.

મુનિશ્રી એ સૌને મળતા. દરેક સાથે એ સત્સંગ કરતા. જ્ઞાનચર્ચા કરતાં અહીંજ આંબલીપોળના—ઉપાશ્રયે પંજાબ કેસરી-લાલા લજપતરાય તેમને મળવા આવેલાં અને તેમની મેધાથી પ્રભાવિત થયેલાં.

ગુજરાતના મહાકવિ શ્રી નાનાલાલે પણ તેમની મુલાકાત લીધેલી. અને જ્યારે મુનિશ્રી કાળધર્મ પામ્યાં ત્યારે તેમણે અંજલિ આપતાં લખ્યું હતુ. :—

> " એમની ભવ્યમૂર્તિ એમના આત્મ સ્વરૂપ જેવી ભવ્ય હતી. વિશાળ મુખારવિંદ ઉચ્ચ અને પુષ્ટ દેહસ્તંભ યોગીન્દ્રના જેવી દાઢી, જબર દસ્ત દંડ "
>
> આપણે સૌ માનવજાત મૂર્તિપૂજક છીએ અને એ ભવ્યમૂર્તિ અદ્રશ્ય થઈ છે. છતાં પણ જેણે એ નિરખી છે, એના અંતરમાંથી એ જલ્દી ભુંસાશે નહિ જ.
>
> આનંદઘનજી પછી આવા અવધૂત જૈન સંઘમાં થોડા જ થયા હશે. "

ગુજરાતના લાડીલા નવલ કથાકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ પણ મુનિશ્રીના પરિચયમાં આવ્યા

અને જયારે ગુરુદેવે તેમના લખેલાં કર્મયોગના છપાયેલા ફારમ તેમને મોકલી આપ્યાં ત્યારે જેલમાં બેઠા બેઠા તેમણે નિખાલસતાથી લખ્યું :—

Haw ! Known, that you are wrltings yonr "Karmyogaı might not have Writtcn My Karmyoga

(Sd) B. G. Tılck.

"જો મને પહેલેથી ખબર હોત કે આપ આ કર્મયોગ લખી રહ્યાં છો તો મારો કર્મયોગ હું કદી ન લખત અને મને સંતોષ છે કે ભારતને આપ જેવા સંત સર્જક મલ્યાં છે.

જો કે ગુરુદેવે સાહિત્ય સેવા ઘણી કરી છે. પરંતુ તે સેવા તેમણે એકાંગી બનીને નથી કરી. સમાજ સેવા તરફ પણ તેમનુ જાગૃત ધ્યાન હતું

અમદાવાદમાં તેમની પ્રેરણાથી બંધાયેલા શેઠ લલ્લુભાઈ રાયજી બોર્ડીંગ આજે પણ તેમની ગૌરવગાથા ગાતી ઊભી છે.

અમદાવાદની જેમ માણસા પણ તેમના જીવન કાર્યની યાદ આપી જાય છે

અહી તેઓશ્રી અમર શિષ્યો બનાવવાનો સંકલ્પ કરે છે. એવા શિષ્યો જે યુગો સુધી જીવે, યુગ આથમે પણ એ શિષ્યો તો અમર જ રહે અને તેવા બે ચાર નહિ એકસો આઠ શિષ્યો બનાવવાનો એ નિર્ધાર કરે છે.

ગઈ હતી અલખના અવધુત તરીકે ઘણાં તેમને મસ્તક નમાવતા હતા. એક નીડર લેખક ને વ્યાખ્યાતા તરીકે ઘણા તેમને અહોભાવની નજરે જોતા હતા. અને જેઓએ તેમનુ વચન માનીને કાર્ય કર્યું હતું તેઓ તેમનો બોજ ઝીલવા ખડે પગે તૈયાર હતા.

મુંબઈથી શેઠ શ્રી જીવણચંદ ધરમચંદ, શેઠ શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલ, શેઠશ્રી ફકીરચંદ કેસરીચંદ શ્રોફ આદિને તાબડતોબ બોલાવ્યા. પાઠશાળાની આખી હાલત સમજાવી અને તેને સધ્ધર કરવાની આજ્ઞા આપી. ગુરૂ ભકતો આજ્ઞા લઈને પાલીતાણા પહોંચ્યા.

અને છેલ્લા શ્વાસ ભરતી પાઠશાળામાં આચાર્યશ્રીની પ્રેરણાથી પ્રાણ ફૂંકાયો. મરતી સંસ્થા ઊભી થઈ ગઈ.

મુનિશ્રી ચારિત્ર્ય વિજયજીએ કહ્યું ' તમે આ સંસ્થા બચાવી છે હવે આ સંસ્થા તમારી થઈ. તમારું નામ જોડી તે સંસ્થાને હવે સાચવો''

આચાર્યશ્રીએ સાફ શબ્દોમા ના પાડી અને એ પાઠશાળાનુ જુનુ નામ બદલી શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ' નામ સ્થાપન કર્યું. કારણ આચાર્યશ્રી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ સા. ના જીવન અને કવનથી ખૂબજ પ્રભાવિત થયાં હતાં. તેમના પ્રત્યે તેમને ઊંડી ભકિત ને શ્રદ્ધા હતી

પ. પૂ. પન્યાસપ્રવર શ્રીમત્ સુબોધસાગરજી ગણિવર્ય-શ્રીના શિષ્ય મુનિરાજ શ્રી મનોહરસાગરજી મ. તથા મુનિરાજ શ્રી જશવંતસાગરજી મહારાજની શુભ પ્રેરણાથી નીચેના સદ્‌ગૃહસ્થો તરફથી આવેલી સહાયની યાદી.

૧૨૧૦=૦૦ આંબલીપોળ ઉપાશ્રય જ્ઞાનખાતામાંથી
હ. શ્રેષ્ઠિવર્ય કેશવલાલ લલ્લુભાઈ

૨૫૨=૦૦ શ્રી જ્ઞાનખાતામાથી મહુડી

૨૦૦=૦૦ શ્રી આંબલીપોળ સાધ્વીજીના ઉપાશ્રયે
જ્ઞાનખાતામાંથી હ. શ્રાવિકા લીલીબેન

૧૦૧=૦૦ પ્રવર્તિની સાધ્વીજી મનોહરશ્રીજી
મ.ના સદુપદેશથી

૧૫૧=૦૦ સાધ્વીજી પ્રવિણાશ્રીજીના ઉપદેશથી
ગોલવાડ ઉપાશ્રયેથી હ. લીલીબેન

૧૦૦=૦૦ શ્રી પુધરા જૈન સંઘ હ રતીલાલ નેમચંદભાઇ

૧૦૦=૦૦ સ્વ. શ્રેષ્ટિવર્ય શ્રી બબાભાઈ જેઠાભાઇના
શ્રેયાર્થે તેમના ધર્મપત્નિ સકરીબેન તથા
સુપુત્રો તરફથી અમદાવાદ

૧૦૦=૦૦ શ્રેષ્ઠિવર્ય ગોકળદાસ દોલતરામ
હ. ચન્દુભાઈ પુધરા

૫૨=૦૦ સાધ્વીજી રાજેન્દ્રશ્રીજીના ઉપદેશથી શાસ્ત્ર ખાતે

૧૬૦=૦૦ શ્રી ઝવેરીવાડ જ્ઞાન ખાતેથી

૨૫=૦૦ સાધ્વીજી રતિશ્રીજીના ઉપદેશથી

૫૦=૦૦ સંઘવી ભોગીલાલ કેશવલાલ કડીવાલા તરફથી

૨૦૦=૦૦ શ્રી શાસ્ત્ર ખાતે

પરમોપકારી સદ્દગુરૂ દેવ, સંસારિક સુખમાં આસક્ત બને મનુષ્યોને ચેતવણી આપતાં ૫૫ મા પદની રચના કરતાં ઉપદેશે છે

પદ ૫૫

(વહાલા વીર જીનેશ્વર—એ રાગ)

ચેતન ચતુર થઈને મોહે શું મુંઝાય છે રે,
ખરેખર ધનદારાથી કદી ન શાંતિ થાય છે રે.
...ચેતન ૧

માયા મમતાથી શું ફુલે. બાહ્યદષ્ટિથી ભવમાં ભૂલે,
સમજુ ધોળે દહાડે શું ચઉટે લુંટાય છે રે.
...ચેતન ૨

અવસર મળીયો શીદને ચૂકે, ગદ્ધાની પેઠે શું ભૂકે,
અરે જીવ મળીયું ટાણું. શીદને હારી જાય છે રે.
...ચેતન ૩

અર્ક તણાં આકુલાં જેવાં. તન ધન યૌવન મન છે તેવાં,
હીરો હાથે ચઢીયો ચૂકી ક્યાં ભટકાય છે રે.
...ચેતન ૪

ચેત ચેત આતમ તું ચટપટ. દુર કરી દુનિયાની ખટપટ,
પ્રેમે બુદ્ધિસાગર સદ્દગુરૂ સંગત સહાય છે રે:
પામી અન્તર ચેતનને આત્મ તો હરખાય છે રે.
...ચેતન ૫

મોક્ષમાર્ગ માટે જેમ વિચાર અને વિવેક વિના બોલવાથી માણસાઈને ઘણો ધક્કો લાગે છે અને લોક કહેશે કે ગદ્ધાની માફક શું ભૂકયા કરે છે માટે હિત-મિત અને પથ્ય બોલવાનો પ્રસંગ આવે ત્યારે બોલજે. તેથી માણસાઈના ગુણોને આવવાનો માર્ગ મળશે. વિવેક અને વિચારને ભૂલી બોલનારના ઉપર કોઈ સજ્જન વિશ્વાસ રાખે નહિ અને હાંસીપાત્ર બને હાસીપાત્ર બનવુ હોય તો જેમ તેમ બોલજે તેતો તને પસંદ છે જ નહિ. માટે વિચાર-વિવેક પૂર્વક વદજે તેથી વિશ્વાસ બેસશે વિશ્વાસથી વ્યવહારના કાર્યો બને છે નહિતર વિકલ્પો થતા શંકાને સ્થાન મળે જેમ તેમ બોલેલ વચનોથી વિરોધ-વેરભાવ થાય અને વધે માટે પ્રથમ બોલવામા સાવધાન બનવાની ઘણી જરૂર છે પછી વર્તનમા વાંધો આવશે નહિ માટે મળેલ ટાણાને સફલ કર અને મનોહર લ્હાવો લે

હિત-મિત અને પથ્યની બોલેલ વાણી માનસિક વૃત્તિ પર મનોહર અસર કરે છે શુભ ભાવના ભાવતા સારી રી સંસ્કારો આપે છે અન્યથા તો જેમ તેમ બોલવાથી મનોવૃત્તિ મલીન બને છે મન ઉપર કાબુ રહેશે નહિ એ કહેનાર નથી કોઈ અજ્ઞાની મનમા કડવાશ ધારણ કરી અપરમાતાને માગ બાપની વહુ તથા કાકીને કહે. સારા કાકાની વહુ આ વચનો અપરમાતાને અગર કાકીને કડવા લાગે અને અરૂચિભાવને ઉપજાવે આ મુજબ વદવુ તે વ્યવહારમા વિચક્ષણતાનો અભાવ જણાવે, માણસાઈમા ખામી લાવે.

પ્રાપ્ત થાય, તે માટે નિરીક્ષણ કર્યું કે નહિ? કરવાની ખાસ જરૂર છે નિરીક્ષણ કરશો ત્યારે જ અનુભવ આવશે. નહિતર મોહ મમતાની જ જાળ કદાપિ ખસવાની નહિ, પ્રતિબદ્ધતા વધવાની જ માટે આત્માની કયા સ્થલે તેનું સમ્યગ્જ્ઞાન થતા પ્રતિબદ્ધતા ટળવા માંડશે.

આત્મા શરીરમા વ્યાપી રહેલ છે અને લોકાકાશમાં વ્યાપી રહેલ છે એમ વિવેક કરજે. તેનો દેહાધ્યાસનો-આસક્તિનો જેમ જેમ ત્યાગ થાય તેમ તેમ તેના ગુણોનો પ્રાદુર્ભાવ થતા આત્માનો અનુભવ આવે છે અને આવશે દેહાધ્યાસ આત્મિકગુણોમાં આવરણ લાવે છે તેનો ત્યાગ કરવાની જરૂર છે

દેહદેવલમા પાચ ઇન્દ્રિયો અને માનસિક વૃત્તિની સાથે આત્મા બીરાજી રહેલ છે તેમા જે નજર-દૃષ્ટિ રહેલ છે તેને આત્મિકગુણોમા સ્થિર કરવી જોઈએ

ધર્મક્રિયામા કાયર બનેલને પુછવામા આવે કે, અરે ભાઈ? ધર્મક્રિયા કરવાથી પાપ નષ્ટ થાય છે અને પુણ્યના યોગે પવિત્ર બનાય માટે ધાર્મિક ક્રિયામા શ્રદ્ધા રાખી જ્ઞાન પૂર્વક આરાધના કરવામા પ્રેમ લગની લગાવી તેથી ચિત્ત-કલ્યાણ થતુ રહે છે ત્યારે તે કાયર કહે છે કે અમે સમજી શકીએ આ મુજબ બોલીને ખસી જાય છે તેઓ કેવી રીતે આત્માના ગુણો ઓળખી શકે?

આત્માના ગુણો સિવાય દુઃખ-દરિદ્રતા-દીનતા દૂર થવાની નથી જ સંસારમા ઘેલા માણસો જ. દુઃખાદિને

થાય ને ? માટે વીતરાગની વાણીરૂપી પાણીમા સ્નાન કરી નિર્મલ થવાની જરૂર છે

જિજ્ઞાસા હોય તો જ સત્યવાણી સાભળી નિર્મલ થવાય અને મલીનતા વિષય-કષાયની ખસતી જાય નિર્મલ બનેલ સત્ય સુખનો અનુભવ કરી શકે અન્યજનો મલીન બની સંસારમા અથડાય માટે હંસ જેવા બની વિવેક-પૂર્વક જગતમા ત્યાગવા લાયક-વૃત્તિ-પ્રવૃત્તિનો ત્યાગ કરો. પ્રાપ્ત કરવા લાયક આત્મિક તત્ત્વને મેળવો અને અનુભવ કરવા પ્રેમને વધારો

આ સિવાય સંયોગે મળેલમા આસક્ત બનશો તો જડ જેવા બનશો ચેતના દબાઈ જશે દબાણ થાય ત્યારે ચેતનનુ જોર ચાલતુ નથી. અને રાગ-દ્વેષ-મોહના વિકારો પ્રાણીઓને ઘેરી લઈ મૂર્છિત કરવામા ખામી રાખતા નથી માટે આત્મિક ગુણોથી પર અને તેના સાધનોથી અન્યમા પ્રતિબદ્ધ બનો નહિ માટે હંસ સમાન બનો કાગડા નગુણા બનો નહિ અને કાગડાની સોબત કરો નહિ.

તેની સોબત કરવામા હંસની વિડંબના-વેદના થઈ તે જાણો ? તૃષ્ણા-તરસથી કિનારે મરમ પાણી ન પીતા નદીના પ્રવાહનુ પાણીનુ પાન કરવા ગયો પાણી પીતા પ્રવાહમા તણાવા લાગ્યો પાંખ ભીંજાઈ અને ઉડી શકાતું ન હોવાથી ડુબવા લાગ્યો પોકારો કરતા સાભળી હંસે તેનો બચાવ કર્યો કાગડાએ ઉપકાર માની આગ્રહ પૂર્વક પોતાના માળામા લઈ ગયો અને કોઈ સ્થળેથી જુટવી લાવેલ મિષ્ટ

પદ ૫૭

(ઝુલણા છંદ)

હાર નહિ આતમા હાર નહિ આત્મા.
પુણ્યયોગે મનુ જન્મ ધાર્યો;
વિષયની વાસના પાસના બંધથી,
હાથ હીરો ચઢયો ફોક હાર્યો...૧
મારૂં મારૂં કરી નાચિયો ભવ વિષે.
મારૂં મારૂં કરી ફોક ફુલે;
જન્મ ત્યાં મત્યુ છે ચેતજે આતમા.
સદ્દગુરૂ સંગથી નેત્ર ખુલે...૨
કાળની પાંખ છે જગતમાં કારમી.
ઝડપી લે જીવને એક ફાળે;
કેઈ ચાલ્યા અને ચાલશે પ્રાણિયા.
મૂઢ શું મોહમાં દીન ગાળે...૩
લક્ષ્મીના લોભમાં થાભ છે નહિ જરા.
જ્ઞાનથી દેખતાં સર્વ ખોટું;
સ્વપ્નની સુખલડી ભૂખ ભાગે નહિ.
સત્ય છે જ્ઞાનીનું વાક્ય મોટું...૪
મણિ અને રતનની ખાણ પામી અરે.
શીદને પથ્થરોને ઉપાડે;

એક ભરવાડ–વેપારી–અને ઝવેરી. રત્નાચલ પર્વત પર ફરી રહેલા છે તેવામા દરેકના હાથમાં હીરો આવ્યો ભરવાડે ચળકતો પથ્થર જાણી પ્યારા ઘેટાના ગળામા બાંધ્યો. વેપારીએ વસ્તુઓને જોખવામા વાપર્યો. ઝવેરી સારી રીતે જાણતો હોવાથી કરોડપતિ બન્યો ભરવાડ અને વેપારીને ધનનો લાભ મળ્યો નહિ ભરવાડ–ઘેટા ચારતો જીવન ગુજારવા લાગ્યો. વેપારી વસ્તુઓ જોખતો રહ્યો, પણ ઝવેરીની માફક ધનવાન્ બન્યો નહિ એટલે હીરો મળ્યો છતાં હારી બેઠા તે પ્રમાણે ભરવાડ–રબારીના જાતના બનવું નહિ તેમ વેપારીની જાતના બનવુ નહિ. પણ ગુરૂગમ પામી ઝવેરીના જેવા બનવું.

આ દૃષ્ટાતથી સમજવું કે વિષય વાસના પાસ–બંધનના જકડાવાથી, હાથમા આવેલ હીરો વેડફી નખાય છે. તેની દરિદ્રતા દૂર જતી નથી ભવોભવ ભીખારી જેવી હાલત થાય છે માટે નીતિ–નિયમ વ્રત–જપ–સંયમને આરાધી સફલ કરો અજ્ઞાનપણામા ક્યા સુધી અથડાશો ! નહિ અજ્ઞાની નોકર માફક. અથડાશો તો કોઈ ભવમાં સ્થિર થશો નહિ

એક શેઠે નોકરને કહ્યું કે અરે ! ફાનસ સળગાવી [illegible] ફાનસ નાખ્યું જલ્દી સળગતું નથી તેનો અફસોસ કરે છે તેવામા શેઠે બૂમ પાડી કહ્યું કે અરે ! [illegible] કેમ ? તેણે કહ્યું કે હજી સળગી રહ્યું [illegible] પછી લાવુને [illegible] રાખો. શેઠે ઠપકો

વસ્તુ જે આત્માના ગુણો છે તેનું જ્ઞાન થાય. અને શોક-સંતાપ થાય નહિ ગર્વ ગુમાન-મગરૂબી જે કારણો છે તેનો ત્યાગ થાય. પછી સમજણ પડે કે જગતમાં રાજા મહારાજા-શેઠ-શઠ, મારૂ મારૂ કરી મહાલતા તેઓ કેટલાય ચાલ્યા ગયા અને કાળનો ઝપાટો લાગતા કેટલાય ચાલશે. તેની ગણત્રી કરી શકાય એમ નથી લોભનો થોભ નથી તે સર્વ અનર્થનું મૂલ છે. આ લોભ, મમતાજન્ય છે. તેના અહંભાવ ઉત્પન્ન થતા બે ભેગા મળી જીવને હતાશ કરે છે

કેટલાક મોહ-મમતાથી ઘેરાએલ એમ ફાંકો રાખી બોલે છે કે અમો હજારોને હરાવવાની હિંમત ધરાવીએ અને જીત પ્રાપ્ત કરવાની તાકાત ધરાવીએ છીએ આ બોલવું તે વૃથા છે જો મમતા-અહંકારને હરાવી પરાજય કરવા પૂર્વક જીતે તો હરાવવાની તાકાત મેળવે અને જીતી શકે દરેક દેવ-દાનવ-માનવોને હતાશ કરનાર-કરાવનાર, સર્વસ્વ લુટી લેનાર, લોભનુ જોર છે ત્યા સુધી તે હારેલા છે તો પછી ફાંકો આગળ રાખી, હજારને અમો હરાવી જીત મેળવીશુ આમ બોલવુ ને વાચાલપણું કહેવાય ને?

સતગુરૂ ઉપદેશે છે કે વાચાલતાનો ત્યાગ કરી અહંકાર-મમતાને મારવા પ્રથમ પ્રભુની વાણીના પાણીનું સિંચન કરીને [illegible] ધારણ કર અને નીતિ ન્યાય પાલન કરી લોભને [illegible] કાબુમા લાવ, પછી સંતોષાદિકને [illegible] [illegible] ધર્મની [illegible] કર લોભ હઠાવવાનો સત્ય

આત્મિક ધર્મ-સ્વરૂપ-તત્ત્વનો પ્રભાવ અચિન્ત્ય છે વ્યાવહારિક કાર્યો કરતા પણ તેનુ લક્ષ્ય-ધ્યાન ભૂલાતું નથી એકાતે તેવા કાર્યોમા રાચી માચી રહેવાનું નથી. મધમાખીઓ મધમા લેપાતી નથી તેમ લેપાયમાન બનાતું નથી પણ નિર્લેપ રહીને ઉડી જવાશે માટે અરે પ્રિય ચેતન ? ખાતા પીતા વેપાર વિગેરે કાર્યો કરતા આત્મ-તત્ત્વમા ધ્યાન રાખજે ભૂલતો નહિ,

માયા-મમતા-અહંકારમા ભૂલભૂલામણીના ઘણા નિમિત્તો છે, તેનો ખ્યાલ-ઉપયોગ રાખજે ભૂલભૂલામણીમા ફસાવનાર ઘણા કારણો મળશે તે પ્રસંગે ચેત્યા વિના કરેલ કમાણીની હાની થશે અને પછી પસ્તાવો થશે તેવા પ્રસંગે હે ચેતન ! તારી પરીક્ષા થવાની જો ચેતીને નિર્લેપ રહ્યો તો જ આત્મતત્ત્વ બ્રહ્મ સ્વરૂપનો અનન્ય લાભ મળશે. માટે નિશ્ચય આત્મ ધર્મમા શ્રદ્ધા રાખજે તેના યોગે વિષય-કષાયના વિકારો નષ્ટ થશે. તેઓનું ચાલશે નહિ વિષય કષાયના વિકારોના ઉડા ખાડામા પડાશે નહિ આનંદ પૂર્વક ઓળંગી જવાશે અને અન્તર્યામી આત્મા પ્રત્યે પ્રેમ જાગશે

આત્મતત્ત્વના પ્રકાશ વિના વિકારોના ગંભીર ખાડામા પડી દુઃખ પ્રાપ્ત કર્યું. નીકળવાની ઇચ્છા થઈ પણ સત્ આલંબનના અભાવે દુઃખમા રીબાવુ પડ્યુ માટે આત્મ-તત્ત્વ પ્રાપ્ત કરવાનો અરે ચેતન? અવસર સુંદર મળેલ છે તેને ગુમાવ નહિ અને પવિત્ર બન આત્મજ્ઞાનના

કંચન ને કપટ કલા કેળવી-મેળવી ખુશી થતો પણ તેનો વિપાક-ફલ પરિણામે ભય-શોક-સંતાપજનક છે તે જાણતો ન હોવાથી જેઓને દગો કરી ઠગ્યા છે તેઓ તે શેઠને ઘેર આવી ઝગડો કરીને ગાળો ભાડતા તેથી ઘણો શોક સંતાપ થતો ઘરના સગા વહાલા ઘણો ઠપકો આપતાં છતા કપટ કલાની ટેવનો ત્યાગ કરવાની ઇચ્છા થતી નથી. કોઈ આવી તિરસ્કાર પૂર્વક ગાળો ભાડે તો તેની સાથે ગાળો દેવા તૈયાર થતા. કોઈ મૂર્ખ કહે, કોઈ ગધેડો કહે ત્યારે પોતાને એવો માની સામનો કરતા.

દગો-કપટ કરવાથી મિથ્યાત્વ મોહની શક્તિ વધે છે. અને માણસ જેવા માણસને માણસાઈ ન હોવાથી ગધેડા જેવો બની પોતાને ગધેડો માને છે, પણ તેને પસંદ નથી. અને કપટકલાનો ત્યાગ થતો નથી તો પછી આધિ-વ્યાધિ-વિટંબના આવે તેમા નવાઈ શી? પોતે જેવુ વર્તન રાખે તેવું બનાય સજ્જન, શાણા, ધાર્મિક બનવુ હોય તો મિથ્યાત્વના ત્યાગપૂર્વક સજ્જનતા સુદૃઢ છે એમ સમજી સદાચારનુ પાલન કરવુ તેથી ઝગડા-ઝઘડા ઉત્પન્ન થતા નથી થયા હોય તે સમી જાય છે અને કોઈક શાંતિ મળે છે પણ આ વેપારીને તો ટેવ પડેલ હોવાથી ઝગડા-ઝઘડા કરીને પણ પૈસા મેળવવા આવી વૃત્તિના યોગે જીવનમાં શાંતિ મળતી નહિ બાળકોને માર મારતો પણ, સ્ત્રી વિગેરેને ગાળો ભાડી દુઃખી થતો પણ સમજણ પડતી નહિ. રોજ દિવસ પોતાની દુકાનેથી અગીયાર વાગે પોતાને

સદ્‌ગુરૂ શિખામણ આપે છે કે વહાલા આત્મન, અજ્ઞાનતાનો ત્યાગ કરવા પૂર્વક. સમ્યગ્જ્ઞાન મેળવી સત્ય બ્રહ્મ આત્મજ્ઞાન મેળવી વિષય, કષાયના વિકારોને શત્રુ માની તેઓને હઠાવવા સામનો કરજે. સામનો કરીશ અને હઠાવીશ ત્યારેજ, આત્મહીરો હાથમા આવશે. અને હીનતા જે ભાસી રહી છે તેનો હ્રાસ થશે

માટે મુગ્ધ બની અજ્ઞાનતામા કયા અથડાઈ મરે છે. અજ્ઞાનતા ટાળવા માટે મનુભવ મળ્યો છે તેની જ્ઞાન સહિત આરાધના કરવાથી ધર્મ-સ્વરૂપનો આવિર્ભાવ થશે. ચોરાશી લાખ યોનિના ચક્કરમા પરિભ્રમણ કરવુ પડશે નહિ આત્મ ધર્મ પ્રાપ્ત કરવા અરે ભવ્ય, તને પુણ્ય યોગે યુવાની મળી છે, તેમા પ્રમાદી બનવુ નહિ જો પ્રમાદી બનાય તો વૃદ્ધાવસ્થામા પ્રમોદ-આનંદ આવશે નહિ આવે પણ ક્યાથી ?

બાલપણામા રમત-ગમ્મત અને રડવામાં વખત ગુમાવ્યો. યુવાન થયા પછી વિષય કષાય વહાલાં લાગ્યા. તે વિકારોમા સમ્યગ્જ્ઞાન ક્યાથી પ્રાપ્ત થાય ? અને વૃદ્ધાવસ્થા. જ્ઞાનના આધારે સફલ કરવી જોઇએ તે બનવી દુષ્કર બનવાની જ

માટે પુણ્યોદયે યુવાનપણુ મળ્યુ છે તેની સફલતા [illegible] પ્રમાદનો ત્યાગ કરવાપૂર્વક વિવેક લાવીને આન્તરિક શત્રુને હઠાવવા ઉદ્યમ કરો ઉદ્યમ એવો કરવો કે આન્તરિક [illegible] શત્રુઓ ઘર માડી બેઠેલા છે તે ખસવા

પાણીમાં માછલું જેમ તરસ્યું રહે,
તેમ અજ્ઞાનથી ચિત્ત ધારો;
જ્ઞાનના પાણીમાં આતમા માછલું,
પ્રેમથી આત્મા ભવ્ય તારો...ચેતરે ૪

ચેતજે આતમા સારમાં સાર છે,
શુદ્ધ રૂપે પ્રભુ તું પ્રકાશી;
બાહ્ય વ્યવહારમાં ઉંઘજે યોગથી,
ધ્યાનમાં જાગજે વિલાસી...ચેતરે ૫

રાત્રિમાં દિવસ ને દિવસમાં રાત્રિ છે.
સમજતા જ્ઞાનથી જ્ઞાન યોગી;
બુદ્ધિસાગર સદા ચેતજે જ્ઞાનથી.
યોગી પણ તું સદા છે અયોગી...ચેતરે ૬

સદ્ગુરૂનો ઉપદેશ સાંભળી રૂચિ ધારણ કરવા પૂર્વક જ્ઞાન સાથે ક્રિયા કરવા તત્પર બન્ગો, પણ એવા એવા નિમિત્તો તેમજ સંયોગોના યોગે ચિત્તને ચગડોળે ઝુલાવ્યુ છે તેથી ચંચળતા અલ્પ થઈ નહિ ચંચળતાના ત્યાગ વિના ચેતાશે નહિ જાગ્રત થયા સિવાય મોહ-મમતાના ફંદમા અરે માનવી ફસાઈ પડગો છે. તેના બંધનો-થી મુક્ત થવાશે નહિ માટે ચિત્તને ચકડોળે ચઢાવ નહિ.

તેમ સંકલ્પ-વિકલ્પોના ચકડોળે ચઢાવે છે. વિવેક [illegible] સાડ.

પરિહાર હોવો જોઈએ તેથી મિથ્યાત્વના માથે કુઠાર પડશે. તથા બેઠેલી હોય ત્યા બેસવુ નહિ બેસવું હોય તો ચાર ઘડી પછી બેસવુ તરત બેસવુ નહિ તથા પહેરેલ વસ્ત્રા-ભૂષણની પ્રશંસા કરવી નહિ તેમની મુખ નેત્રાદિ ઇન્દ્રિયોને પુન પુન નિરખવાથી વિષય વાસનાને પોષણ મળે. ચચળતા વધે. તથા વ્રત લીધા પહેલા જે કામક્રીડા-વિલાસો કર્યા હોય તેનુ સ્મરણ કરવુ નહિ ચાદિ કરવાથી જ દબાઈ રહેલી વાસનાને ઉડી જવાનો વખત મળે, તેથી તાકાત ઓછી થાય. અને લીધેલ વ્રતનું રક્ષણ થાય નહિ માનસિક વૃત્તિ ચગડોળે ચઢે છે અને લીધેલ સારા કાર્યો, સફલ થાય નહિ અધુરા રહેવાથી વલોપાત થાય માટે રાગથી જેનાગ શક્તિ રહિત બને, અને શક્તિ વિનાના કાયર બને. સન્માર્ગે વળતા ભયભીત બની કાર્ય પણ સત્કાર્ય કરી શકવા બેનશીબ બને. તથા અભક્ષ્ય આહાર અને માદક પદાર્થોનો ત્યાગ કરે. અને સાત્વિક ભોજન પણ રસ પડવાથી અધિક ખાય નહિ તેથી ઉન્માદ જાગે. વૃત્તિઓ સ્થિર રહે નહિ સ્વદારામા પણ સતોષ રહે નહિ ઈત્યાદિ વાડોનુ રક્ષણ કરવાથી, રોગના ભોગ બનાતું નથી [illegible] ના ભોગમા ફસાવવાના કારણોથી દુર ખસવાથી શરીરનુ અને મનમા જે શક્તિ રહેલ છે તેનુ રક્ષણ થાય અને વધતી જાય નિરોગી શરીર અને મન હોય તો [illegible] ઘણો આનંદ મળે છે આત્માની સાથે રહેલી [illegible] વધતી જાય છે

તત્પર બનાય ત્યારે જ સતુષ્ટ બને છે અને દાહ નષ્ટ થાય છે. માટે માફી માગનારને પણ ધર્મધ્યાનની જરૂર છે. તેથી આત્મા નિર્મલ બને છે અને નિર્જરાની સાથે પુણ્યાનુબધી પુણ્ય બંધાય તેના યોગે અનુકુલતા રહે અને પ્રતિકુલતા ખસતી જાય. અને આત્મિક વિકાસમા સારો સહારો મળે ધર્મધ્યાન ચૂકે તેને જ ભવ ભ્રમણામા સપડાઈ જવુ પડે છે ધર્મધ્યાને પ્રીતિવાળાને ભ્રમણા-ગભડપટ્ટીમા ફસાઈ પડાતુ નથી

મોહ-મમતા-અહકાર વિગેરેને પરિહરી ધર્મના વૃક્ષો મધુરાં ફળો આપે તેવા બીજ વાવજે કટુક ફલ આવે તેવા બીજ વાવતો નહિ તેની મરણની બીતિ લાગતી હોય તો દુર કરજે ધર્મ ધ્યાન કરતા દેહનો નાશ થવો તે નિશ્ચયમરણ નથી પણ ધ્યાનથી અટકી જવુ તે જ મરણ કહેવાય

દેહ તો પુન મળી શકે એમ છે પણ ધર્મધ્યાન બીજા ભાવમા પ્રાપ્ત થવુ તે અલભ્ય છે કારણ કે પહેલા ભવમા ધર્મધ્યાન કર્યુ નથી, તે અન્ય ભવમાં સારા સસ્કારોના અભાવે ક્યાથી કરી શકશે તેના સાધનો અને અનુકુલતા પ્રાપ્ત થવી તે પણ અશક્ય બનવાની સાધનો તથા અનુકુલતા પ્રિય હોય તો ધર્મધ્યાન માટે વખત કાઢવો તે હિતકર અને શ્રેયસ્કર છે તેથી જ અભ્યુદય અને અનુકુલતા પ્રાપ્ત થવાની જ માટે ધર્મધ્યાનના બીજ વાવવા પૂર્વક તેના વૃક્ષ ફેલ અને મીઠાશ આવે ઉદાસીનતા

નર નારી ધરો સહુ, શીયલ સન્નાહ અંગ;
ધી નિધિ શીયલ સત્ય, જીવનનો પ્રાણ છે. ૪

"સદ્ગુરૂ કરૂણાપૂર્વક ઉપદેશ રૂપી વાણી-પાણીની ધારા-પ્રવાહ વર્ષાવે છે કે મનુષ્યભવ દેવને દુર્લભ છે એમ માની તેની સફલતા કરવા મહોટો ઉપાય-શીયળ-બ્રહ્મચર્યનુ પાલન અનિવાર્ય છે દેવો દ્રવ્ય અને ભાવથી પાલન કરવા સમર્થ બની. વ્રતધારીઓ પાલન કરી શકે એમ છે. એટલે સ્વર્ગ અને અપવર્ગ કહેતાં મોક્ષ પણ આપવા સમર્થ જો કોઈ હોય તો બ્રહ્મવ્રત છે તેથી દેવો કરતા બલ-બુદ્ધિ પરાક્રમના યોગે મોટી શક્તિ પ્રાપ્ત કરવા પૂર્વક, ભવરોગને નિવારવા સમર્થ બનશો. માનસિક શુદ્ધિ વચન-કાયાની શુદ્ધિ આપોઆપ આવી હાજર થશે. દ્રવ્ય-ભાવથી શીયળના પાલન કરનારા, અષ્ટાદશ દોષોને દુર કરી, આત્મ-રિદ્ધિને મેળવી શકે છે અને મેળવશે. તે સિવાયના શક્તિ મેળવવા ઘણા ઉપાયો કરશે તો પણ અધુરા રહેવાના જ ભલે પછી કાયા કલ્પનો આધાર લે વિવિધ દવાઓ ખાય તો પણ શીયળનુ પાલન કરનારની માફક તાકાત પ્રાપ્ત કરી શકશે નહિ

માનવતાને સાધવાનો અને જીવવાનો સાચો ઉપાય એ છે કે બાહ્યથી અને અન્તરથી બ્રહ્મચર્ય પાલન તે જયવંતુ છે તેના યોગે શારીરિક અને આત્મિક બલ વધતા શ્રદ્ધા સમ્યગ્જ્ઞાન અને વર્તનમા અપૂર્વ આનંદ આવે છે અને

અલ્પ કરવા પ્રયાસ કરેલ છે ને ? કર્યો ન હોય તો જરૂર કરવા જેવો છે નહિતર હતાશ બનશો પુનઃ ઉભા થઈ શકશો નહિ એવી તાકાત રહિત બનશો. “સ્વાધીનતા મેળવવા માટે પણ માનવતાની સાથે બ્રહ્મચર્યની અગત્યતા રહેલી છે. અન્યથા દુઃખ દરિયાનો અંત લાવશે જ નહિ. કેટલાએકને એવી અભિલાષા તીવ્ર હોય છે કે, અમો જે બોલીએ તે સત્ય થાય તમારી ઇચ્છા પણ એવી હશે જ. પરંતુ વિષય કષાયના વિકારોને હઠાવવા પૂર્વક બ્રહ્મચર્યના પાલન વિના બોલેલા વચનો સત્ય થવા અશકય છે. બોલેલી વાણી સફલ કરવી હોય તો વિકારોને હઠાવી શીયળ પાળો તેથી સફલતા ધારણ કરે અને આનંદના અધિકારી બનાય. દુન્યવી મનપસંદ પદાર્થો પ્રાપ્ત થવાથી જે વારે વારે હર્ષ થાય છે તે આનંદ છે નહિ પણ તે રાગજન્ય છે. અને રાગમા આગ ગુપ્તતા રહેલ છે તેથી હર્ષ કાયમ રહેતો નથી શોક–સંતાપ હાજર થાય છે

સત્યાનંદ તો બ્રહ્મચર્ય, આપવા સમર્થ છે માટે હર્ષને આનંદ માનો નહિ. અને આનંદમા ઝીલવાના ઉપાયો જે દર્શાવેલ છે તેઓનુ રક્ષણ કરવા સાવધાની રાખો શત્રુઓના ઘા નિષ્ફલ કરવા સુભટો બખ્તર પહેરે છે. તેથી પીડાઓ થતી નથી અને તેઓને હઠાવી શકાય છે તે પ્રમાણે આન્તરિક જે શત્રુઓ છાના રહીને વિવિધ લાતો, ઘાતો મારી રહેલ છે તેઓનો લાગ ફાવશે નહિ કારણ કે બ્રહ્મચર્યરૂપ બખ્તર ધારણ કરેલ છે ઇન્દ્રો પણ શીયળ પાલ-

નારની પ્રશંસા કરવા પૂર્વક બ્રહ્મચર્ય પાલન કરવાની અભિલાષા રાખે છે કે મનુષ્યભવ મળશે ત્યારે શીયળ પાલી સૌભાગી સાચા બનીશું અને વિકારોનો ત્યાગ કરવા પૂર્વક આત્મિકસ્વરૂપમા સ્થિર થઇશું તમોને મનુષ્યભવ મળેલ છે તેનો સત્ય લ્હાવો લેવા આળસ–પ્રમાદ કોણ કરે ? જે વિકારોમા આસક્ત હોય તે જ. લ્હાવો લેવો હોય તો,

સદ્ગુરૂ આચાર્યમહારાજ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ફરમાવે છે દેવદુર્લભ મનપસંદ મનુષ્યભવ પમી અરે નરનારીઓ વિષય–કષાયના વિકારોમા રાચીમાચી રહેતા નથી અને અવતારને ધન્ય બનાવવા જો મતિ–બુદ્ધિ હોય તો પરમાનદ આપનાર, સત અને સતીઓની માફક શીયળપાલો ભવરોગ નાશ પામશે અને શારીરિક–માનસિક રોગ પણ મૂલમાથી નાશ પામશે. તેથી વિનય–વિવેક–ધૈર્ય વિગેરે સદ્ગુણોનો વિકાસ થશે અને દુ:ખ જેવુ ભાસશે નહિ. બુદ્ધિના સાગર કેવલજ્ઞાનીઓએ પણ પરમાનંદ પ્રાપ્ત કરવા, રાજ્ય–સમૃદ્ધિનો ત્યાગ કરી દ્રવ્ય–ભાવથી બ્રહ્મચર્ય પાળ્યું છે. તેથી અનતગુણ સમૃદ્ધિના સ્વામી થએલ છે તમો પણ બ્રહ્મવ્રત પાલશો તો જ સૌભાગ્ય–આરોગ્ય–સત્ય–સંપત્તિ–સહાયના ભોક્તા બનશો માટે વિષય વિલાસોમા રાચીમાચી ન રહેતા દ્રવ્ય અને ભાવથી શીયળ પાળી શક્તિવાળા બનો

પશુ–પખીના ભવોમાં ઇર્ષ્યા–અદેખાઇમા તથા દેવોના ભવમાં પણ વિષાદ–કકાસાદિકમાં ઘણો વખત ગુમાવ્યો.

આત્મિકગુણો પ્રાપ્ત કરવા નિરન્તર ચેતવું જોઇએ, ઉપયોગ રાખવો. મોહ–અજ્ઞાનતા, મમતા અને માયાની ખટપટમાં ખુંચ્યો છે તેનાથી સદ્‌ગતિ–સમ્યગ્‌જ્ઞાન–ચારિત્ર કદાપિ પ્રાપ્ત થશે નહિ.

કાયા–માયાના આધારે દુઃખ દરિયાને તરવા માટે જે આશા છે તે ફોગટ જશે. કાચા કુંભનો વિશ્વાસ રખાતો નથી ક્યારે નાશ પામશે તે અરે ભાઇ ! તું જાણે, બરાબર જાણે છે તે મુજબ કાયા અને માયાની એવી પરિસ્થિતિ રહેલ છે માટે તેમાં વિશ્વાસ રાખીશ નહિ જ્યાં સુધી કાયા અને માયા રહેલી છે ત્યાં સુધી ધર્મધ્યાને જોડ તેનો સહારો લે આ કાયા–માયા તમોને અકસ્માત્ મળી નથી ઘણા કષ્ટો, પીડાઓ સહન કરી છે તેના યોગે અકામ નિર્જરા થઇ છે. તેથી જ માનવદેહ અને ગેહ અને માયા મળી છે તેને ખટપટમાં ગુમાવ નહિ માટે ઘટમાં હૈયામાં સમજ–સમજ વિચારી જો, જેવો ખટખટમાં પ્રેમ છે પ્રેમ–રાગ–લાગણી–સદ્‌ગુણોમાં ધારણ કર કાયા અને માયા સફલ થશે

ઘટે! ઘટે! આયુષ્ય અલ્પ થાય છે. તે દરમ્યાન [illegible] બનમ થાય નહિ તે પહેલા આત્મહિત સાધી લે [illegible] શું! આયુષ્યમાં વધારો થશે એવી આશા ગણીશ નહિ [illegible] કાળ કોળીયા કરશે પછી જેવી કરણી કરી હશે તેવી ગતિ થશે માટે સમજુ થઈ. ધન–જોબન–પુત્ર પરિવારનું શું! કરવા આનંદ લાગમાં પડે તે ઉચિત નથી.

તેની લટપટ-ખટપટમાં આસક્ત બની ક્યાં આયુષ્યને ગુમાવે છે. અહંકાર-મમતાનો ત્યાગ કરીને તારા આત્માની સંભાળ રાખ. તને માલુમ હશે કે મહાન્ પંડિતો, મ્હોટા યોદ્ધાઓ તથા સત્તાધારીઓ પણ અહંકાર-મમતાના યોગે લટપટ-ખટપટમાં પડી સ્વભાન ભૂલી આત્મિક ગુણોમાં પ્રેમ ધારણ કરવો જોઈએ અને સહન કરવા પૂર્વક સુવાસ ફેલાવવી જોઈએ. તેના બદલે તિરસ્કાર પાત્ર બને છે. કોઇપણ પ્રશંસા કરતા નથી જેમ-તેમ આયુષ્ય પૂર્ણ કરી અધમ બને છે. જે તરવાના, દુઃખ ચિન્તાઓને દુર કરવા સાધનો મેળવ્યા છે તેજ સાધનો દુઃખોને વધારવાના બને તો પંડિતાઈ-હુંશાયારીની કાંઇપણ કિંમત કહેવાય છે ? કહેવાય નહિ

એક પંડિત ગણાતો માનવ, પૈસાદાર હતો. સ્ત્રી મરણ પામી બીજી પરણ્યો. તેણીનું રૂપ દેખી ખુશી થયો. પણ ગુણો જાણ્યા નહિ આવેલી સ્ત્રીને ફરવાનો શોખ હતો તેની સાથે પંડિત ફરવા જાય નહિ તો કંકાસ કરવામાં બાકી રાખે નહિ કંકાસ થતો હોવાથી ભણેલ સઘળું ભૂલાયું અને પસ્તાવો કરવા લાગ્યો પ્રથમની સ્ત્રી મરણ પામ્યા પછી બીજી પરણવાની જરૂર હતી નહિ બીજીના રૂપ રાગમાં તેણીના ગુણો જાણવાની જરૂર હતી તે જાણ્યા નહિ. રૂપમા જ મુગ્ધ બન્યો હવે શો ઉપાય કરવો તેની સમજણ પડતી નથી શું કલેશ-કંકાસમા જીવન પૂર્ણ થશે. આમ દરરોજ વલોપાત કરતો હોવાથી સમ્યગ્જ્ઞાનીએ કહ્યુ કે તું વલોપાત કર નહિ તેથી કંકાસ તે સુકશે નહિ પ્રથમ તેણીના રૂપમાં મુગ્ધતા છે તેનો પરિહાર કર. તારી

તથા સમ્યગ્જ્ઞાનના અભાવે તથા ઉદારતા-ગંભીરતાદિ ગુણોના અભાવે ક્લેશ-કંકાસ વિગેરે ઉત્પન્ન થાય છે. સારતા અસારતા મળે છે માટે અજ્ઞાનાંધકારને ટાળવા જેટલી બુદ્ધિ હોય તેટલી વાપરવી અને ગંભીરતા-ઉદારતા-ધીરતા વિગેરે ગુણોને ધારણ કરવા જોઈએ આ ઉપાય આનંદ પ્રાપ્ત કરવાનો જેવો તેવો નથી.

ધનાઢ્યો અને સામાન્ય સ્થિતિવાળાઓ પણ આવા શકય ઉપાયો જો કરે તો જ સ્વજીવનનો લ્હાવો લઈ પરભવમા પણ આનંદપૂર્વક જીવનનો વિકાસ સાધી શકે. નહિતર રાજા મહારાજા અધિકારીઓ સત્તાધારીઓ પોતાના જીવનને ક્લેશમય બનાવી મહાદુઃખી બને છે. અને જીવનમા પ્રકાશ પ્રગટતો નથી. તથા વિકાસ સધાતો નથી એક શેઠાણીની માફક.

એક ધનાઢ્યની સુશીલ-ગંભીર અને ધૈર્યવાન સ્ત્રી મોટા પુત્રની મમતા મૂકી મરણ પામી. ધનાઢ્ય શેઠે બીજી રૂપવતી કન્યાનું પાણિગ્રહણ કર્યું. રૂપ હતું પણ ઉદારતા-ગંભીરતા વિગેરે ગુણો હતા નહિ તેમાં વળી દીકરા થયા. શેઠ પુણ્યવંતા ગંભીર પુત્રની સલાહ લઈ વ્યાવહારિક કાર્યો કરે છે. તેથી નવી પત્નીને અદેખાઈ થઈ મનમા વિવેક ભૂલી વિચાર કરવા લાગી કે મોટા દીકરાને પુછી શેઠ દરેક કાર્યો કરતા હોવાથી આગળ જતા તે શેઠ બનશે મારા દીકરાઓ તેને આધીન બનશે. માટે ભાવિમા પરાધીન બને નહિ તે ખાતર ઈલાજ કરૂં. આમ

ધાગ્ણા રાખી દરરોજ જુનીના પુત્રના દોષો હતા નહિ છતા હૃદયમાથી પોશ કાઢે તેમ દોષો કાઢવા લાગી શેઠે કહ્યુ કે. તું દોષો કાઢે છતા તે પુત્ર નિર્દોષ છે. સુશીલ અને સમજણો તથા સહનશીલ છે એને આધારે પેઢી તરતી થઈ છે અને આપણે આનદ સહિત જીવન ગુજારીયે છીએ. આ સાભળી અધિકાધિક કંકાસ કરીને કહેવા લાગી. મારા દીકરા ભવિષ્યમા પરાધીન બને નહિ તે માટે સઘળી સ્થાવર-જગમ જે જે મિલ્કત છે તે બધી મારા નામે ચઢાવો. તેથી સ્વાધીન બનશે. અને સુખી થશે. શેઠ માનતા નથી નવી ધમપછાડ કરી ભવાડો કરે છે. શેઠ ઘણા દુઃખી બનતા જાણી મ્હોટા પુત્રે કહ્યુ. તમે શા માટે દુઃખી થાવો છો. સઘળી મિલ્કત તેણીના નામે ચઢાવો. મારા ભાગ્યમા હશે તો ઉદ્યમ કરવાથી હું સુખી થઈશ શેઠે સઘળી મિલ્કત તેણીના નામે લખી આપી તો પણ કકાસ કરતી હોવાથી પિતાને શાતિ રહે તે ખાતર ઘરમાથી બહાર પ્રદેશમા ગયો એક નગરમા જઈને પુણ્યશાલી શેઠની દુકાને મુનીમ તરીકે રહ્યો તેની નીતિ-સદાચાર દેખી ભાગીદાર બનાવ્યો અનુક્રમે ધનાઢ્ય બન્યો શેઠે પોતાની કન્યા પરણાવી. આનંદમાં રહેવા લાગ્યો

જુનીના પુત્રને જવાથી નવી સ્વચ્છંદી બની વિલાસોમા ધનને વેડફાવા લાગી-તેણીના પુત્રો પણ વિલાસી બન્યા. ભણ્યા નહિ પુત્રના ગયા પછી ધર્મની આરાધના કરતા શેઠ ગુજરી ગયા. વિલાસોના યોગે સઘળી સપત્તિ

ખતમ થઈ અને દરિદ્ર બનવાથી ઘણી દુઃખી દશા હાજર થઈ લોકો તિરસ્કાર કરે છે દીકરા તેની પાસે પૈસા માગે છે. નથી આપતી ત્યારે ગાળો ભાંડી મારઝુડ કરે છે મનમા પસ્તાવો કરી જુનીના છોકરાની યાદી કરતી રડી રહે છે કે; તે હોત તો આવી અવદશા આવત નહિ આવી સ્થિતિમાં જીવન કેવી રીતે સુખેથી પસાર થશે બહાર ગામમા જઈને ધનાઢ્ય બનેલ અપરમાતાની અવદશા જાણી નાખુશ બન્યો સ્વપિતાની આબરૂ રાખવા પોતાને ઘેર આવી અપરમાતાને આશ્વાસન આપી શાંત કરી જીવન નિર્વાહ ખાતર દરેક વર્ષે રૂપીયા મોકલવા ભૂલતો નથી. તેના પુત્રો પોતાની સાથે લઈ જઈને અભ્યાસ કરાવવા પૂર્વક સન્માર્ગે વાળ્યા

આ પ્રમાણે તેહદેવલનાવાળો માનવતાના યોગે સુંદર કાર્યો કરે છે તે સુજાણ અપરાધીના ઉપર ઉપકાર કરી ભાવિમા સુસંસ્કારો. વાસનાવાસિત થવાય એવા સત્કાર્યો કરતે પણ સંસારના ખેલ ખેલી ખેલાડુ જેઓ છે તેના જેવા બનતો નહિ ખેલાડુ બનવાથી સ્વજીવન સુધારાથી લાભ મળશે નહિ અને કુસંસ્કારના યોગે હલકી દશા હાજર થશે દુનિયામા ખેલાડુ બનનારાઓ તો પોતાના આત્મિક ગુણો ભૂલી કેવી કેવી દુર્દશા પ્રાપ્ત કરી છે તેનો ખ્યાલ કરવાની જરૂર છે ખ્યાલ ન હોય તો સાંભળ ? ક્રોધ-માન-માયા-અને લોભ ના વિકારોના યોગે દરેક ના પુત્રો રીતે શ્વાન જેવા બની પાપકા માણસો

દેખી બોલવા—ભાંડવામા બાકી રાખતા નથી કેટલાક શક્તિના અભાવે ઘણી નમ્રતા દેખાડી અન્યને છેતરવા બને તેટલી માયા—મમતા દેખાડી, કેટલાક લોભની ખાતર અન્યોને મહાવિપત્તિ—વિટંબના ફંદામા ફસાયા અને ફસાવે છે. શક્તિ હોતે હજારોના પ્રાણો લીધા છતા સુખશાતિ સાપડી નહિ અતે “હાય હાય” કરતા મરણ પામ્યા આવો ખેલ ખેલી શો લાભ મેળવ્યો?

રેતીને પીલવાથી તેલ નીકળતુ નથી પાણી વલોવાથી ઘી મળતુ નથી મળશે નહિ તે પ્રમાણે દુન્યવી ખેલ ખેલવાથી કદાપિ સત્ય સુખ મળતુ નથી માટે ભાગ્ય યોગે દેહરૂપી નૌકા મળી છે તેનો આધાર લહી દુખદાયક ખેલનો ત્યાગ કરવા પૂર્વક સસાર સાગરને તરવા લક્ષ દેજે. જો ખરાબામા પ્રાપ્ત નૌકા અથડાશે તો ભાગી ભૂક્કો થશે પછી તરવાનુ અશક્ય બનશે માટે દેહનૌકા ખેલ ખરાબામા અથડાશે ના સર્વે આશાઓ દરિયામા ડૂબૂડી જશે એટલી ભૂલો કરીશ નહિ મહાકિમત ભરી છે. તેથી દેહનૌકા મળી છે તેના વિચાર કરજે મોહ નિદ્રાના ઘેનમા ઘેરાતો નહી ચેતતો રહેજે જે ચેત્યા તે તરી ગયા. **દૃઢપ્રહારી. અર્જુનમાલી, રોહણીયો. મ્હોટા ચોર,** પોતાના સદ્વિચારો અને ઉપદેશથી અનત સુખના સ્વામી થયા. અને થશે માટે માનવ દગા—પ્રપચ—ખેલ ખેલીને હારી જા નહિ પણ અરે માનવ મુસાફર? પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરવા પૂર્વક હૈયામા આત્મિક ગુણોને સ્થાપન કરવા

ક્ષણ માત્ર આળસ કરીશ નહિ પ્રાપ્ત થએલ સદ્ગુણો જ ત્હારી આશાને પૂર્ણ કરશે અપૂર્ણ રાખશે નહિ.

સંસારમા જેમ તેમ કરીને મેળવેલ સંપત્તિ-સત્તા-સાહ્યબી તારી આશાઓને પૂર્ણ કરવા સમર્થ નથી એમ નક્કી માનજે, એક ઈચ્છા પૂર્ણ થતા બીજી અનેક આશાઓને ઉત્પન્ન કરશે, તે તે આશાઓ જીદંગાની પર્યંત પૂર્ણ થશે નહિ અને મમતા-માયા ને મીઠો માર મારવાનો લાગ મળશે માટે સદ્ગુરૂ ઉપદેશ આપે છે કે આત્માને તથા તેના ગુણો સાધનો સંભાળ તેનાથી દુઃખ દરિદ્રતા-હીનતા ખસવા માડશે આત્મિકગુણોનો એવો પ્રભાવ છે કે સર્વ સંકટો રહી શકતા નથી માટે ચેતી આત્માની યારી કરો વ્યવહારના કાર્યો કરતા પણ આત્માને ભૂલવા જેવો નથી જ તે કાર્યો પણ આત્મા નિર્મલ-હશે તો જ સફલ થશે અને સહકાર આપશે અલબેલો આત્મા તમોને સુખી બનાવશે બીજા સંયોગો વખત જતા ખસી જશે તમોને અનુભવ થએલ હશે જ કોની સાહ્યબી કાયમ રહી માટે ક્ષીર-નીરનો હંસ વિવેક કરે છે તે મુજબ સંયોગોનો વિયોગ થતા વિવેક કરીને આત્મભાન ભૂલતા નથી સંયોગનો વિયોગ થતા વિવેક કરવામા આવશે નહિ તો વિવિધ વલોપાત થશે, ચિન્તા શોકમા દિવસો વ્યતીત થશે શોક-સંતાપ-કલેશ-દુઃખનો ત્યાગ કરવા દેવદુર્લભ માનવભવ મળ્યો છે તેની સાર્થકતા અને સફલતા સદ્વિચાર અને વિવેક વડે કરાય છે અને કરવી જોઈએ તે સિવાય મતિ

બુદ્ધિની મલીનતા ખસતી નથી વસતિ–વાસણ–વસ્ત્રની અને
દેહાદિકની મલિનતા ટાળવા નિરન્તર પ્રયાસ કરો છો તે
મુજબ મનની પણ મલીનતા ટાળવા નિરન્તર વિચાર વિવેક
કરશો પછી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રેમ જાગશે

સંસારની અસારતામા સાર માની બેઠેલા મુગ્ધ જનોને
જ્ઞાન લાવવા સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી
ભજન પદ ૬૩ રચના કરતા ઉપદેશે છે

પદ ૬૩

(રાગ . ઝુલણા છંદ)

સર્વ સંસારના ભાવ છે કારમા,
સાર તેમાં નથી સત્ય ભાખું.
રૂપ જુદાં ધરે જ્યાર ત્યાં શું કરે,
સમજો આત્મા સત્ય દાખું૦ સર્વ ૧

ક્ષણિક આનંદમાં મોહથી મુંઝીને,
ભવ્ય માનવપણું કેમ હારે?
આજને કાલ કરતાં થકા માનવી.
કાળ આયુઃ હરે કો વિચારે૦ સર્વ ૨

બાહ્ય આનંદનો રંગ છે અભિનવો.
નષ્ટ તે તો થશે ચિત્ત ધારો.

ક્ષણ માત્ર આળસ કરીશ નહિ પ્રાપ્ત થએલ સદ્ગુણો જ ત્હારી આશાને પૂર્ણ કરશે અપૂર્ણ રાખશે નહિ.

સંસારમા જેમ તેમ કરીને મેળવેલ સંપત્તિ-સત્તા-સાહ્યબી તારી આશાઓને પૂર્ણ કરવા સમર્થ નથી એમ નક્કી માનજે, એક ઈચ્છા પૂર્ણ થતા બીજી અનેક આશાઓને ઉત્પન્ન કરશે, તે તે આશાઓ જીંદગાની પર્યંત પૂર્ણ થશે નહિ અને મમતા-માયા ને મીઠો માર મારવાનો લાગ મળશે માટે સદ્ગુરૂ ઉપદેશ આપે છે કે આત્માને તથા તેના ગુણો સાધનો સંભાળ તેનાથી દુઃખ દરિદ્રતા-હીનતા ખસવા માડશે આત્મિકગુણોનો એવો પ્રભાવ છે કે સર્વ સંકટો ટકી શકતા નથી માટે ચેતી આત્માની ચાકરી કરો વ્યવહારના કાર્યો કરતા પણ આત્માને ભૂલવા જેવો નથી જ તે કાર્યો પણ આત્મા નિર્મલ-હશે તો જ સફલ થશે અને મદદકાર આપશે અલબેલો આત્મા તમોને સુખી બનાવશે બીજા સંયોગો વખત જતા ખસી જશે તમોને અનુભવ થએલ હશે જ કેની સાહાબી કાયમ રહી માટે ક્ષીર-નીરનો હંસ વિવેક કરે છે તે મુજબ સંયોગોનો વિયોગ થતા વિવેક કરીને આત્મભાન ભૂલતા નથી સંયોગનો વિયોગ થતા વિવેક કરવામા આવશે નહિ તો વિવિધ વલોપાત થશે, ચિન્તા શોકમા દિવસો વ્યતીત થશે શોક-સંતાપ-કલેશ-કંકાસનો ત્યાગ કરવા દેવદુર્લભ માનવભવ મળેલ છે તેની સાર્થકતા અને સફલતા સદ્વિચાર અને વિવેકે વડે કરાય છે અને કરવી જોઈએ તે સિવાય મતિ

બુદ્ધિની મલીનતા ખસતી નથી વસતિ–વાસણ–વસ્ત્રની અને દેહાદિકની મલિનતા ટાળવા નિરન્તર પ્રયાસ કરો છો તે મુજબ મનની પણ મલીનતા ટાળવા નિરન્તર વિચાર વિવેક કરશો પછી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રેમ જાગશે.

સંસારની અસારતામા સાર માની બેઠેલા મુગ્ધ જનોને સાન લાવવા સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી ભજન પદ ૬૩ રચના કરતા ઉપદેશે છે

પદ ૬૩

(રાગ . ઝુલણા છંદ)

સર્વ સંસારના ભાવ છે કારમા,
સાર તેમાં નથી સત્ય ભાખુ.
રૂપ જુદાં ધરે પ્યાર ત્યાં શુ કરે,
સમજજે આત્મા સત્ય દાખું૦ સર્વ ૧

ક્ષણિક આનંદમાં મોહથી મુંઝીને,
ભવ્ય માનવપણું કેમ હારે?
આજને કાલ કરતાં થકા માનવી,
કાળ આયુઃ હરે કો વિચારે૦ સર્વ ૨

બાહ્ય આનંદનો રંગ છે અભિનવો,
નષ્ટ તે તો થશે ચિત્ત ધારો,

પડતીની અવસ્થા આવશે ખરી, પણ મોહમુગ્ધતા હશે નહિ તો સંયોગ–વિયોગ થતાં હર્ષ–શોક વલોપાતાદિ થશે નહિ જ્ઞાનના યોગે ઉપશમ ભાવનો આવિર્ભાવ થશે ખાન –પાન વિગેરે વ્યવહારમા મુંઝવણ થશે નહિ મુંઝવણ ખસ્યા પછી સદ્વિચાર અને વિવેક દ્વારા સમ્યગ્જ્ઞાનનો પ્રગટ ભાવ થાય છે પછી અમોએ અત્યાર સુધી શુ શુ કાર્ય કર્યું અને હવે શું કરવાનું છે તેનુ ભાન થાય છે. એટલે ખાવાની અભિલાષા થતાં વિચાર આવશે કે ઘણું ઘણું ખાધુ પણ ભૂખ–ક્ષુધા નાશ પામી નહિ માટે ગર્વ –મદ ગુમાનને ખા, નષ્ટ કર

પેટ પટારા માટે મહા મહેનત કરી હવે બીજીવાર માતાના પેટે અવતરવુ પડે નહિ તે માટે પ્રયાસ કર અત્યારસુધી વૈરી, વિરોધીઓને વહાલા માન્યા અને પ્રેમ ધારણ કરવાપૂર્વક જીવન પસાર કર્યું, તથા સાચા વહાલા પ્રેમી હતા તેઓને વિરોધી અને વૈરી માની મિથ્યાત્વમા રાગ ગખ્યો, અમૃત સમાન વચનોને કટુક, ખારા માનવા પૂર્વક તેઓની અવગણના કરી. સત્ય સુખશાતા અર્પણ કરનારના આદરનો ત્યાગ કરી ક્ષણ વિનાશી અને કલહ. કંકાસ કરાવનાર દુન્યવી પદાર્થોમાં રાચી માચી બની સમ્યગ્જ્ઞાન મેળવવામા પ્રયત્ન કર્યો નહિ તથા શુભ, શુદ્ધ વિચાર અને વિવેકનો ત્યાગ કરી સંસારના વિષય, કષા-યના અશુભ વિચારો, ચિન્તા કરી, વિવેક ભૂલી પોતાની અને પારકાની પીડાઓ, સંકટોના ખાડા ખોદવાનો આરંભ કર્યો

આ મુજબ વર્તન કરવા પૂર્વક પોતાના આત્માનું તથા સ્વજનવર્ગનું કલ્યાણ સાધવા માટે કાંઈ પણ વિચાર, વિવેક, વર્તન રાખ્યું નહિ તેનો સમ્યગ્જ્ઞાનથી ખ્યાલ આવશે અને તેથી જ ચાલવામા સાવધાની રાખીને દેવદર્શન, વદન. પૂજન કરવાની ભાવના જાગ્રત થશે અને સમ્યગ્જ્ઞાન-નો લાભ લેવાશે. તથા ભક્તકથા, રાજકથા. સ્ત્રીકથા સાંભળ-વાનો પ્રેમ, રાગ ઓછો થવાપૂર્વક જીનેશ્વર કથિત કથાઓ, સિદ્ધાતો, ચરિત્રો સાભળવાની ભાવના થશે. મનોહર ભાવના ભાવતાં કલહ કંકાસ નાશ પામશે.

નુકશાન કરનાર. તિરસ્કાર કરનાર, અગર પડાવી લેનારને મારવાની પીડા ઉત્પન્ન કરવાની ભાવના, પ્રયાસ કરવાને બદલે ક્રોધ. માન. માયા. લોભ વિગેરેને મારવાનો, નષ્ટ કરવાનો વિચાર, વાણી અને વર્તન કરવા પ્રયત્ન થશે.

સમ્યગ્દર્શન પૂર્વક સમ્યગ્જ્ઞાન થતા બોલવામા વિવેક જાગતા કોઇને પણ પીડા, સંકટ, અપમાન થાય એવું બોલાશે નહિ. આવા મધુર વચનો બોલવાનો પ્રેમ જાગશે એટલે વચનો, વાણીથી જે ઝગડાઓ કુસપ, ખેદ વિગેરે થાય છે તે થશે નહિ, અને સંગઠન. સંબંધો બાંધ્યા છે તેઓનું રક્ષણ થશે અને આનદના કારણો હસ્તગત થશે.

સાભળવાની ઇચ્છા થતી હોય તો જીનેશ્વર, મુની-શ્વરની વાણી સાભળવા ઉપાશ્રયે ગમન કર. ત્યા તને કલ્યાણકર વાણી સાભળવાનો લાભ મળશે. ગાવાની અ-ભિલાષા હોય તો જીનેશ્વરના ગુણો ગા. અગર પચ

મૈત્રીઓના ગુણોનું ગાન કર તેથી અશુભ વાણી-વિચારો નાશ પામશે. અને આત્મિક ગુણોનું સ્મરણ થશે. બલાબલ માપવાની ઈચ્છા હોય, થતી હોય તો પ્રથમ પોતાની તાકાત-શક્તિના માપનું બલાબલ કાઢજે. નહિતર થાપ લાગશે. શક્તિ હોય તો જ જે કાર્ય કરવાનુ હોય તે કરજે. તેથી જ ઉત્સાહ વધશે. નાસીપાસ થવાશે નહિ દાન, શીયળ, તપ, ભાવનાદિ વિવિધ કાર્યો છે, તેમા પ્રેમ વધારવો જોઈએ.

આ મુજબ દરેક ક્રિયા કરતા આત્મિક ગુણો અને તેના સાધનો ભૂલવા નહિ

ભણતર ભણીને ઉચ્ચ કેળવણી લઈ ને કેટલાક મોહ મુગ્ધ બની પોતાના આત્મિક ગુણો ભૂલી એવા કાર્યો કરે છે કે પોતાની અને તેના અનુયાયીઓની અધોગતિ થાય. વિવિધ વિપતિ-સંકટોમાં સપડાય છે તેથી સદ્દગુરૂ કરૂણા લાવી ફરમાવે છે કે, એવું કાર્ય કરો કે ઉચ્ચ સ્થિતિ હાજર થાય

કેળવણી યોગે ભણતર ભણીને આત્મિક ગુણોનું સ્મરણ કરી તે ગુણોને પ્રાપ્ત કર તે માટે ૬૫ મા પદની રચના કરે છે

પદ ૬૫

(રાગ : અબ મેં સાચો સાહિબ પાયો)

ચેતન તું શાશ્વત શિવ સુખ દરિયો,
 તું તો જ્ઞાનાદિક ગુણ ભરિયો૦ ...ચેતન ૧

ક્ષયોપશમ,ઉપશમ ને ક્ષાયિક ભાવે નિજ ગુણ ભોગી,
અન્તર અનુભવ અમૃત સ્વાદી,
યોગી પણ તું અયોગી૦ ...ચેતન ૨

કેવલ કમલા ઋદ્ધિ પ્રકાશી, સિદ્ધ બુદ્ધ અવિનાશી,
જાગ જાગ હવે તત્વ સ્વરૂપે,
તુંજને દઉં શાબાશી૦ ...ચેતન ૩

અજરામર નિર્મલ સુખકારી, અકળ કળા જયકારી,
પોતાને તારે તું પ્રેમે.
સત્તા શુદ્ધ સમારી૦ ...ચેતન ૪

પ્રભુ વાણી જયનાદ કરીને. સત્ય સ્વરૂપ બતાવે,
નિર્મલ સમતા સરવર હંસા,
ઝીલે શુદ્ધ કહાવે૦ ...ચેતન ૫

અન્તર પરિણતિ વણ વ્યવહારે, શોધે પાર ન આવે,
બાહ્ય ક્રિયામાં ઝગડા ભારી,
તત્ત્વ કોઇ ન પાવે૦ ...ચેતન ૬

અન્તર પરિણતિ લક્ષ્ય વિચારી. સાધનથી તેહ સાધે,
બુદ્ધિસાગર ચઢતે ભાવે,
ધ્યાન દશા સુખ વાધે૦ ...ચેતન ૭

સ્વપરના કલ્યાણ કામી ભવ્યજનો. સંસાર જે અપા
છે તેને તરવા અને પાર જવા માટે પ્રથમ આત્મ

જાણવા કોશીશ કરવાની જરૂર છે. તે જાણ્યા સિવાય જે જે ભણતર ભણાય–કેળવણી લેવાય–જ્ઞાન–વિજ્ઞાન માટે અથાગ પરિશ્રમ લેવાય તેનું યથાર્થ ફલ મળતું નથી જ. તેથી એવા સાધનો પ્રાપ્ત કરો કે જેઓના યોગે આત્માના ગુણોમા પ્રેમ–લાગણી થાય અને તેનો અનુભવ આવે. તે માટે સમ્યગ્જ્ઞાની સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ઉપદેશ આપે છે કે.

અરે ભવ્ય ! તારો આત્મા, સત્તાએ શુદ્ધ–બુદ્ધ–નિરંજન નિરાકાર છે, પણ અહંકાર–મમતાના યોગે મોહનીય કર્મમા મુગ્ધ બનતા સત્તા તરફ ખ્યાલ રાખ્યો નહિ. દૃષ્ટિ પણ ફેરવી નહિ તેથી સંસાર સાગરમા જેમ તેમ અથડાવાનું થએલ છે. હવે અથડાવાનું પસંદ ન હોય, ચિન્તા–શોક–સંતાપ વિગેરેના કષ્ટો ગમતા ન હોય તો. સમ્યગ્જ્ઞાનીએ દર્શાવેલ વિચાર–વિવેક કરવા પૂર્વક માનસિક શુદ્ધિ તથા વચન–કાયશુદ્ધિને ધારણ કરી ધાર્મિક ક્રિયાઓમાં અપ્રમત્ત બન તેથી આત્મિક શક્તિ–શુદ્ધિ પ્રગટ થશે પછી તેના યોગે પ્રથમ પરિસ્થિતિમાં કરેલા વિચાર–વાણી અને વર્તનનો ત્યાગ થવા માંડશે પસ્તાવો પણ થશે કે. અજ્ઞાનતાથી વ્યતીત થએલ જીવનનો સત્ય લાભ લેઈ શકાયો નહિ હવે ગુરૂગમથી શ્રીજિનેશ્વરજીના ગુણોમા શ્રદ્ધા થઈ અને આત્મસ્વરૂપની ઓળખાણ થઈ તેથી મન વચન અને કાયાની મલીનતાનો ત્યાગ કરવા સંસાર સુખની ભૂલભૂલામણીમા કેમ પડું ?

માયા મમતાની જંજાળને તોડી આગળ ઉન્નતિ કરવા તત્પર બનીશ અને કોશીશ કરીશ તેથી બળવાન્ કર્મ ને તેના અવિર્ભાવો જે જે છે તે નબળા પડવાના જ. આત્મ બલવાન્ થતા આનંદનો અનુભવ થવાનો તથા ઉપશમ-ક્ષયોપશમના યોગે પોતાનાં ક્ષાયિક ભાવનો રાગી બનીશ. એટલે રસ ગારવતા રીદ્ધિ ગારવતા અને શાતા ગારવતામા પ્રીતિ જે છે તે નષ્ટ થવા માંડશે વિષય કષાયની લાગણીમા જોર-વેગ રહેલ છે તેમા નિર્બલતા જાણીને કષ્ટો આવશે તેઓને જ્ઞાન પૂર્વક સહન કરીને બલવાન્ બનીશ પછી અજ્ઞાન અંધકાર રહેશે કયાથી ? જ્ઞાન પ્રકાશમા અંધકાર રહેતો નથી-જ્ઞાની બનાય છે

જ્ઞાની બનતા મદ, અભિમાન જો થાય તો અજ્ઞાની કહેવાય. તેથી જ્ઞાનદશા અવરાય છે. તેને દૂર કરવામા આત્મિક ભાવની આવશ્યકતા હોવાથી તેને પણ ભૂલીશ નહિ તો પછી મદ. અભિમાન રહેશે નહિ આમ સમજણથી જ્ઞાની કહેવાશે તે પણ ભૂલીશ નહિ પછી અનંત સુખ દૂર નથી પણ પોતાની પાસે જ છે તેનો આસ્વાદ આવશે આ પ્રમાણે વિવેક થતા કેવલ કમલા તારી પાસે હાજર થશે. અને જગતની આટીઘુટીનો ઉકેલ આવશે. આ વિના અન્ય ઈલાજ નથી સત્ય ઉપાય કર્યા વિના વિષય કષાયની વિટંબના ટળતી નથી માટે એક ધાર્મિક સમ્યગ્જ્ઞાનના યોગે વિટંબનાનો ત્યાગ કર્યો તેની માફક તમે પણ કર્યા કરશો

આત્માનંદી એક શ્રાવક. સાંજરે પ્રતિક્રમણ કરવાપૂર્વક સર્વે અતિચારો જે કર્યા હતા તેઓનો પસ્તાવો કરી પુન સ્વવ્રતોમા અતિચાર થાય નહિ એવી ભાવના ભાવતાં પોતાના,ઘેર જઈ રહેલ છે માર્ગમા બેજણા જર.જમીન અને જોરૂ કહેતા ધન, જમીન અને સ્ત્રી ખાતર કલહ કરી રહેલા છે. કલહ કરતા મારામારી ઉપર આવ્યા. તેમાંથી એક ક્રોધાતુર બની બીજાને છરી મારીને નાસી ગયો. છરી શરીરમા રહેવાથી ઘણી પીડા થવા લાગી. કાઢવાની તાકાત નહી હોવાથી વારેવારે પોકાર કરવા લાગ્યો. અરે કોઈ દયાળુ હોય તેણે પેટમાથી છરી કાઢીને મ્હને મરણથી બચાવવો જોઈએ, તે દયાવાળાનું અવશ્ય કર્તવ્ય છે. એમ વિચારે છે તેવામા તે માર્ગે ગમન કરતા એક શ્રાવકે કરૂણા આવવાથી છરીને બહાર કાઢી તેવામાં પોલીસ આવ્યો અને કહેવા લાગ્યો તે જ છરી મારી છે તેથી તું ગુન્હેગાર હોવાથી અધિકારીને સોપવામા આવશે શ્રાવકે કહ્યુ મેં મારી નથી પણ પેટમાથી કાટી છે તેથી ગુન્હેગાર નથી પણ પરોપકારી છું. છરી મારનાર તો નાસી ગયો છે છતા માન્યું નહિ કેસ પોલીસે માંડ્યો. પણ શ્રાવક ભયભીત બન્યો નહિ કોર્ટમાં આનંદપૂર્વક આવ્યો મનમા સમજે છે સત્યને આંચ આવતી નથી જ જેના પેટમાથી છરી કાઢી છે તે માણસને ખબર પડી કે, મારા ઉપકારી ઉપર માર્યાનું તહોમત આવેલ છે માટે કોર્ટમા ગમન કરી સત્ય જુબાની આપુ તે હાજર થયો છરી મારનારને બીજા પોલીસે પકડ્યો.

કેસ ચાલ્યો. કોર્ટમા હાજર થયો જુબાની લેતા, છરી મારનાર ગુનેગાર ઠર્યો તેને સજા થઈ શ્રાવક નિર્દોષ ઠર્યો આનંદ પૂર્વક પોતાને ઘેર આવ્યો. મનમા વિચાર કરે છે કે, આ તો મારા વ્રતોની પરીક્ષા થઈ. આંટી ઘુંટી ઉકલી ગઈ. સત્ય તરી આવ્યું

આ મુજબ સંસારમાં વિવિધ વિટંબના આવે છે વ્રતોને ધારણ કરનાર ગભરાતા નથી તેજ આત્મિક વિકાસના સાધનોની સફલતા કરે છે. બાકીના વિટંબના આવતા ભયભીત બની અનેક સાચા જુઠા કરી અધિક બંધનથી બંધાય છે. અને પીડાય છે માટે તેવાઓ સત્ય આત્માના પ્રકાશના અધિકારી બનતા નથી અધિકારી બનવા માટે વિપત્તિ–રોગ–શોક વિગેરે આવે ત્યારે જાણવું કે આ તો પરીક્ષા છે એમ માનીને જ્ઞાન પૂર્વક સહન કરવુ તે તેમાંથી મુક્ત થવાનો માર્ગ છે આ માર્ગે ગમન કરતાં પ્રાણાંતે પણ સંતાપ થશે નહિ. સંતાપ કલેશ તે સંસારમાં રખડપટ્ટીનું કારણ છે આમ સમજવાથી કલેશ–સંતાપરૂપી

હોય અને જન્મ મરણની વિટંબના વિપત્તિ–વેદના વિગેરે ટાળવી હોય તો, કરેલા પાપો–દોષો અને અપરાધોની માફી–પ્રાયશ્ચિત માગતા પહેલા પાપો–અપરાધો અને ભૂલોની પૂર્વ ભૂમિકા રજુ કરવી, તે ભૂલવા જેવી નથી માફી માગશો પસ્તાવો કરવા પૂર્વક પ્રાયશ્ચિત લેશો તો ય પાપાદિકના કારણો તથા હેતુઓ ને રજુઓ કરશો નહિ તો, આન્તરિક મોહ મમતા–અહંકાર અદેખાઈ વિગેરે ટળી શકશે નહિ. અને નિર્મલતા અશક્ય બનશે માટે તેના કારણો જણાવવા જોઈએ.

કેટલાક શ્રાવક–શ્રાવિકા પ્રતિક્રમણમા સદ્‌ગુણો મેળવવા ખાતર પસ્તાવો–માફી માગે છે, પણ તેના કારણો કહેતા શરમાય છે લાજ ધારણ કરે છે ખરા પણ, જાહેર કરતા આબરૂની હાનિ માને છે તે ઠીક કહેવાય નહિ

પણ સમજવુ કે જાહેર કરવાથી આત્મિક ગુણો તરફ પ્રેમ જાગશે અને પુન તેવા અપરાધો કરતા ખ્યાલ રહેશે માટે પ્રથમ ભૂમિકા રજુ કરવી જોઈએ સુખશાંતિ પ્યારી જેને હોય તેને જ્ઞાનપૂર્વક દુઃખને દૂર કરવા નિર્બલતાનો ત્યાગ કરી પરાક્રમ ફોરવવું જોઇએ તે અનાદિકાલનો નિયમ છે

દુઃખથી જે ભયભીત બની કંટાળે છે અગર અન્ય સ્થળે નાસી જાય છે તેથી દુઃખ ખસતું નથી પાછળ ધસતું આવે છે અને અધિક દુઃખી થવાય છે માટે પરાક્રમ ફોરવવાની જરૂર છે. ભય કે કંટાળો લાવવો

જોઇએ નહિ જ્ઞાનપૂર્વક અને વિવેકથી પરાક્રમનો આરંભ કરતા તે ખસી જવાનું જ

સુખની અભિલાષામા દુઃખને આવવાનો માર્ગ મળે છે અને પરાક્રમના વિચારો થતા દુઃખ ગભરાય છે નાસી જવા તૈયાર થાય છે માટે બલને ફોરવો નિર્બલતાનો ત્યાગ કરો પછી ખસી જાય નહિ તેવા સત્ય સુખનો લ્હાવો મળશે

પોતે પોતાને તારવા માટે પરાક્રમ વિના અન્ય ઉપાય નથી અન્ય સહારો આપશે સૂચના પૂર્વક ભલામણ કરશે. પણ હુ ખથી તરી જવુ તે તો પોતાના હાથમાં રહેવાનું જ. ધન યૌવન સ્વજનાદિકનો પ્રેમ જે છે તેના તરફની આસક્તિનો ત્યાગ કરી આત્મ તત્ત્વરૂપી ધર્મમા આસક્ત બનો તેના જેવો અન્ય પરાક્રમ નથી આસક્તિ મમતાનો ત્યાગ થતા પરાક્રમનો આરંભ થાય છે. તે કાયમ રાખવાથી કષાયરૂપી શત્રુઓ ટળતા જાય છે તે તમારો ધર્મ છે આ સિવાય ધધો ધમાલ કહેવાય

અનાદિકાલની નિર્બલતા ખસે એમ નથી ભલે પ્રભુ પાસે પ્રાર્થના કરો આજીજી કરો તોપણ. તે પ્રાર્થના વિગેરે પરાક્રમ. પુરૂષાર્થ માગે છે તેના યોગે સફલતા થાય છે પ્રાર્થના કરવી તે સહેલી નથી. તેમા જ્ઞાનની જરૂર છે તેના કરતા બલ ફોરવી વર્તન રાખવું તે અતિ કઠીન છે તે કઠીનતાને દૂર કરવી. તેવો પુરૂપાર્થ કરવો તે ધર્મ કહેવાય.

કોશીશ થશે સત્ય સ્વાધીનતા તમારી પાસે રહેલ છે, તેનો પ્રકાશ થશે સ્વચ્છંદતાએ ધર્મને ભૂલાવ્યો અને ધમાલના ફાંસોમા ફસાવ્યા તેનો ખ્યાલ આવશે તમારી પાસે જ જે વસ્તુ સત્ય છે તેનો ખ્યાલ આવશે ત્યારપછી કામમા રામની ભ્રમણા છે તે ટાળવાની અને આત્મિક રામના ગુણો તરફ શ્રદ્ધા થશે. અને પીડા–સકટો વિગેરે જે જે કારણો છે તેઓને નષ્ટ કરવાનો વિવેક પ્રાપ્ત થશે

વ્રત નિયમના યોગે પાચ ઇન્દ્રિયો અને સમજણના યોગે માનસિક વૃત્તિઓ કબજામા આવે ત્યારે સયમ સધાય છે તે સયમ વધતા સમતાનો અનુભવ આવે છે તેના યોગે વ્યાવહારિક કાર્યો કરતા આન્તરિક પરિણતિ, શુભ–શુદ્ધિને ધારણ કરે છે તેથી જ આત્મા નિર્મલ બને છે માટે વ્યવહારિક કાર્યોમા વ્રત–નિર્મલ નિયમને ધારણ કરો અને આન્તરિક પરિણતિને પી લો.

પાડવો અને કૌરવોનુ ખૂનખાર યુદ્ધ થયુ. તેમા પાંડવોએ વિજય મેળવ્યો અને કૌરવો પરાજય પામ્યા. તેમા કારણ જો કોઈ હોય તો સંયમ હતો તેવા મહાયુદ્ધમાં પણ કૌરવોનું અનિષ્ટ ચિન્તવ્યુ નથી પણ તેઓનુ કલ્યાણ થાય તે ખાતર. ભીષ્મ પિતામહે પણ ઘણી યુક્તિપૂર્વક સમજાવ્યા છતાં અભિમાન અને રાજ્યના લોભે સમજ્યા નહિ તેથી કુરુવંશનો નાશ થયો જો વ્રત-નિયમાદિક હોત તો સંતોષ આવત માટે નિર્મલ થવાના જે જે કારણો છે તેનો સ્વીકાર કરો તેથી જ સુખી થવાશે

જો તમોને આત્મિક ગુણોને નિર્મલ કરવાના કારણોની સમજણ ન હોય તો જ્ઞાની સદ્‌ગુરૂનો સમાગમ કરવા પૂર્વક જ્ઞાન મેળવો અને શકય પ્રયત્ન કરો. આમ ફરમાવતા સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી પદ ૬૬ ની રચના કરતા અમૃત વાણીની વર્ષા કરે છે

પદ ૬૬

(રાગ વૈદરભી વનમા વલવલે)

સંત સમાગમ હોહિલો, દોષો સહુ હરનાર,
સુધરે ક્ષણમાં આતમા. પામો ભવજળ પાર૦ ૧

નાંખો અગ્નિમાં લાકડાં, તુરત ભસ્મ થનાર,
સંત સમાગમ અગ્નિથી, બળે કર્મ વિકાર૦ ૨

સ્વપ્નદશા કોટિ વર્ષની. જાગતાં તે જાય,
ગંગાજળથી નિર્મળો, સદ્‌ગુરૂનો ન્યાય૦ ૩

સ્પર્શ મણિના સ્પર્શથી. લોહુ સોનુ થાય,
રવિ ઉદયે જગમાં જુવો, સર્વત્ર જણાય૦ ૪

ચંઅળ ભમરી સંગથી. ભમરી પદ પાય.
બુદ્ધિસાગર સદ્‌ગુરૂ, સંગત મહિમાય૦ ૫

"સદ્‌ગુરૂ આચાર્ય મહારાજ ઉપદેશ આપે છે કે, સગાં વહાલા–મિત્રો અને અનુયાયી વિગેરેનો સમાગમ–સબંધ અનંત ભવો સુધી કર્યો, તેઓના ભરણ પોષણ–ખાતર અથાગ પ્રયાસ કર્યો છતા. પોતાનુ હિત–કલ્યાણ સાધવા માટે આધિ–વ્યાધિ–ઉપાધિને હઠાવવા માટે સદ્વિચાર–વિવેક કર્યો નહિ. તેથી વિલાસોના વિકારોથી માનવતા–દિવ્યતાનો પ્રકાશ થયો નહિ તેથી મનુષ્યભવની સફલતા મળી નહિ કારણ કે તે વિકારો અંધકારને ફેલાવી ભ્રમણાઓ ઉભી કરે છે તેથી સમ્યગ્‌જ્ઞાનનો પ્રકાશ મળતો નથી–અને ભ્રમ ટળતા નથી ભ્રમણાને હઠાવવા માટે સદ્‌ગુરૂ કહે છે કે, આધિ–વ્યાધિ અને ઉપાધિની વિટંબના ટાળવા કંચન–કામિનીના ત્યાગી–અહંકાર–અભિમાન–મમતા–અદેખાઈ વિગેરેનો ત્યાગ જેણે કર્યો છે અગર ટાળવા માટે પ્રયત્ન કરી રહેલા છે, તેવા સંત–મુનિવર્યોનો સમાગમ કરો. જો કે એવા સંતમુનિવર્યોનો સમાગમ દુર્લભ છે તો પણ તપાસ કરતા પ્રાપ્ત થાય એમ છે કહેવાય છે કે "बहुरत्ना वसुंधरा" શોધનારને લગની હોય તો મળી શકે એમ છે શોધનારને વિવેકની જરૂર રહેવાની જ અને જંગમ તીર્થનો લાભ મળવાનો

પારસમણિ–સ્પર્શમણિનો સ્પર્શ થતાં લોહુ, સુવર્ણ, સોનું થાય છે એટલે લોઢાનો વાન–વર્ણ બદલાય છે. તેમ વિકારોથી અને વિકલ્પ–સંકલ્પના દુષ્ટ વિકારોથી લોઢા જેવા માણસોનો સંત સમાગમે વાન–વર્ણ સુવર્ણ જેવો

વિકથામાં આસક્ત બનનારને પ્રભુ પૂજા–તેમના ગુણોનું ગ્રહણ થાય ક્યાથી ? અવગુણો ખસે નહિ આડું અવળું સમજાવી. ચોરી–જારી કરી અન્યજનો પાસેથી પૈસા પડાવી ઘર ભરે તો પછી સદાચારનું પાલન થાય ક્યાંથી ? સદાચારનું પાલન કરવું તેને અશક્ય લાગે એમા નવાઈ શી ?

પુદ્ગલાનંદી, બાહ્યાત્મા તે અંતરાત્મા ક્યારે બને ? જ્યારે સદ્ગુરૂનો સમાગમ કરી તેમની વાણી રૂપ પાણીનું પાન કરવા પૂર્વક આન્તરિક મલીનતાનો ત્યાગ કરે ત્યારે સુવર્ણ જેવો બને ત્યારે–કદાચ છારી આવે ત્યારે જ્ઞાન વડે સાફ કરતો જાય અન્તરાત્માને બીન ઉપયોગ સ્ખલના થવાનો સંભવ છે તેથી થતા અપરાધો દોષો અને ભૂલોને જાણી શુદ્ધ કરતો રહે. તેથી વિવેક–સદાચાર–અને સંસ્કારના યોગે પંચાચારરૂપી સદાચારોની આરાધના કરવા સમર્થ બને. પછી પ્રશમ–નો લાભ મળતો રહે. તેથી શ્રાવક બનેલ અન્તરાત્મા કોઈના દીલ દુભાવતા પોતાના દીલ દુભાય છે તેથી અન્યજનોને દુભાવવાની ભાવના–વિચારો હોતા નથી એવી ભાવના રાખે કે દરેક પ્રાણીઓ દોષોને ટાળી સુખી બનો. અને અન્તરાત્મા બની સુવર્ણ જેવા બનો. પાપી–ઉપર પ્રેમ રાખી, અપરાધી ઉપર પ્રેમ ધારણ કરી તેઓના પાપ–દોષોને પખાળવા–સાફ કરવા ઉદ્યમવંત બને

જ્યારે અન્તરાત્મા બને છે ત્યારે લાખો ભવોની સ્વપ્નદશાને જાણી જાગ્રત રહેવા સદા પ્રયાસ કરતો રહે

છે. અને સંસાર સાગરે બુડતો હતો તેમાંથી તરવાની શક્તિ પ્રાપ્ત કરે છે.

જેમ તબુડાને ઘણો મળ-કાદવ લાગેલ હોય તો તેનો તારવાનો સ્વભાવ છે છતા બુડે છે પરંતુ મળ-કાદવ ધોવાતા તરવાની અને તારવાની તાકાત, સ્વયં શક્તિ જાગે છે. તે મુજબ અન્તરાત્મા બનતાં મલીનતા નષ્ટ થએલ હોવાથી પોતે તરે અને તેના આધારે રહેલને પણ તારે કારણ કે મિથ્યાત્વ અને અવિરતિ રૂપી મલ નષ્ટ થએલ છે

લાખો મણ લાકડા બાળવા અગ્નિ સમર્થ છે. બાળી ભસ્મ કરે છે તેમ સુવર્ણરૂપી બનેલ અન્તરાત્મા-લાખો ભવોના પાપને બાળી ભસ્મ કરે છે એવી શક્તિ-તાકાતનો પ્રગટ ભાવ થાય છે

પૂણીયો શ્રાવક હતો પૂણીઓનો વેપાર કરી જીવન ચલાવતો પરંતુ અન્તરાત્મા બનેલ હોવાથી પ્રશમ-ભાવના યોગે સામાયિકના દોષો ટળેલ હોવાથી શ્રેણિક નૃપે પણ તેવા ગુણની માગણી કરી

ધનાઢ્યો માનતા હશે કે. ધનથી પ્રશમતા-પ્રસન્નતા પ્રગટે-પ્રગટશે તેજ મિથ્યાત્વરૂપ મળના યોગે જ માની બેઠેલ છે તેના ખસવાથી જ ધનાદિ જે સંયોગે મળેલા છે અને મળતા જાય છે તેના તરફથી સુખશાતિનો ભ્રમ ખસે છે એટલે જે સુખશાતા અભિલાષા હતી તે ખસતી જાય છે અને પ્રશમતા-પ્રસન્નતા પ્રાપ્ત થાય. જે ભય-ખેદ અને દ્વેષના વિકારો પણ ટળતા જાય છે

માટે પારસમણિ-સ્પર્શમણિના કરતાં અધિક સુખ શાંતિ અર્પણ કરનાર જ્ઞાની-અનુભવી ગુરૂનો સમાગમ કરવા પૂર્વક તેમના વચનામૃતનું પાન કરો, તમારો પરિશ્રમ સફલ થશે. વ્યવહારના કાર્યોમા સંતાપ થશે નહિ

સંસારના વિલાસોમા સુખશાતા માની, તે વિલાસો ખાતર વિવિધ પ્રયત્ન કરવા પૂર્વક મન-વચન અને કાયાની શક્તિ વાપરી છતા ચિંતા વ્યાધિ ટળી નહિ પણ વધી. તેઓને નષ્ટ કરવા ઘણી અભિલાષા છે માટે હે સદ્ગુરૂ દેવ ? ઉપાય બતાવો. આમ સાભળી સદ્ગુરૂ દેવ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી. ૬૭મું પદ રચી ઉપદેશ આપે છે.

પદ ૬૭

(રાગ : માન માયાના કરનારા રે)

કરો સત્ય સ્વરૂપ સમાધિ રે,
તેથી ટળશે ઉપાધિ ને વ્યાધિ,
યોગ અષ્ટાંગને શુદ્ધ સાધી રે.
કરો રે દુરે સકલ દુઃખ આધિ. કરો૦ ૧
ચિત્ત ચચલતા દૂર જ જાવે. અનહદ આનંદ થાવે.
સર્વ સંકલ્પની સિદ્ધિ ખરેખર.
ઋદ્ધિ સિદ્ધિ સહુ પાવે રે. કરો૦ ૨
આત્મના જ્ઞાનથી દુઃખ ટળે છે. સિદ્ધ સ્વરૂપ મળે છે.
બ્રહ્મા ને વિષ્ણુ શંકર ને શક્તિ.
આત્મમાં સર્વ ભળે છે રે. કરો૦ ૩

યૌગિક વિદ્યાભ્યાસ કર્યાથી. વિષય વિકારો ટળે છે,
જ્ઞાનીના યોગ્ય છે યૌગિક વિદ્યા.
સમજુ શિષ્યોને ફળે રે. કરો૦ ૪

ક્રિયમાણ વળી સંચિત કર્મો, આત્મ સમાધિ હરે છે,
અનંત શક્તિ પ્રગટે છે ઘટમાં.
પરમ સ્વરૂપ વરે છે રે. કરો૦ ૫

અન્તરની શક્તિ સત્ય જગાવો, લેજો માનવ ભવ લ્હાવો,
બુદ્ધિસાગર ઘટ સત્ય સમાધિ.
મુમુક્ષુ જન ઝટ પાવો રે. કરો૦ ૬

સદ્દગુરૂ ફરમાવે છે કે અરે ભવ્ય ! તું કહે છે. માનવભવ-અને જીવનમા સુખશાતા રહે તે ખાતર શક્ય સાધન સામગ્રી મહામહેનત કરી મેળવી છતા સુખશાતા પ્રાપ્ત થઈ નહિ ઉલ્ટી આધિ-વ્યાધિ-ઉપાધિ વળગી માટે તેને ટાળવા માટે ઉપાય બતાવો ઉપાય બતાવવામા આવે છે કે સત્ય સ્વરૂપની પ્રાપ્તિ માટે સમાધિ-સમતા રાખો. તેથી વ્યાધિ-ઉપાધિ-ખસતી જશે. ખસેડવા માટે તમોને છ પ્રકારની બાહ્ય યોગે શક્તિઓ મળેલી છે અને દશ પ્રાણો મળ્યા છે તેઓનો ઉપયોગ-ધન-દારા પુત્ર પુત્રીઓમા કરો છો અને તેઓનું ભરણ-પોષણ ખાતર વિવિધ યુક્તિ કરો છો. તે શક્તિ અને યુક્તિ આત્મિક ગુણો પ્રાપ્ત

કરવામાં વપરાય ત્યારે જ આધિ-વ્યાધિ અને ઉપાધિ ટળતા સમાધિના યોગે આત્મિક તત્ત્વનો અનુભવ આવશે.

આ સિવાય આત્મિક સ્વરૂપના જ્ઞાતા-દ્રષ્ટા થવાશે નહિ અને ચિંતા જેવી છે તે ખસશે નહિ અને ખસ્યા વિના વ્યાધિ-ઉપાધિની પીડા પણ ટળશે નહિ જે જે ઉપાય કરશો ને તે ઉપાય. અપાયને હાજર કરશે

તમો જાણો છો કે જર-જમીન-જોરૂ તથા પરિગ્રહમાં જ કંકાસ-કલેશ સમાયેલ છે ત્યા સમાધિ હોય ક્યાથી? સમાધિ માટે સમ્યગ્જ્ઞાન દૃષ્ટિ તો સદ્ગુરૂનો સમાગમ કરવા પૂર્વક ગુરૂગમ લો તો જ મળે. વીંછીના ડંખ જેવી દીનતા-હીનતા-યાચનાની વેદના-પીડા નષ્ટ થાય. અને સમાધિ-સમતાનો આસ્વાદ આવે. સત્યાનંદનો અનુભવ આ વિના પ્રાપ્ત થશે જ નહિ.

ગમે તેવી સાહ્યબી માટે સંપત્તિ મેળવશો તોય તૃષ્ણા સર્પના ડંખ જેવી છે તે વધવાની જ અને દીનતા-યાચના ઘટવાની નહિ ત્યા સમાધિ પ્રાપ્ત થાય નહી જ. માટે બુદ્ધિ-શક્તિ અને યુક્તિનો એવો ઉપયોગ કરો કે સમાધિનો પ્રાદુર્ભાવ થાય.

અષ્ટાંગ યોગની આરાધના કરો યમ-નિયમ-આસન પ્રાણાયામ-પ્રત્યાહાર. ધારણા-ધ્યેય-સમાધિ આ યોગના આઠ અંગો છે. તેનું જ્ઞાન મેળવીને તેનો આદર કરો આ યોગના આઠ અંગોને સાધવા માટે અષ્ટપ્રવચન માતાના શરણે ગયા સિવાય અન્ય ઈલાજ નથી મન-વચન-કાયાની

શ્રદ્ધા સારા પ્રમાણમાં હતી તેથી શ્રદ્ધાના યોગે સંવેગમાં પ્રેમ હતો. તેથી પતન થયા પછી આત્મિક બલના આધારે જ્ઞાનગર્ભિત બની નિઃશ્રેયસ સાધી શક્યા માટે ત્યાગી થયા પછી વિરાગવાસિત બનવાની આવશ્યકતા છે. સંસારના સુખની અભિલાષા. સત્ય વિરાગમાં વિઘ્નો નાખી પતન કરાવે તેથી તેવા સુખની ઇચ્છા કરવા જેવી નથી જ

જો તને તારો આત્મા પ્રિયતમ. અતિ વહાલો હોય તો, ખાન-પાન ગમન-વચન વિગેરે કરતા ભૂલતો નહિ. દરેક વ્યાવહારિક કાર્યો કરતા શરીરમા વ્યાપ્ત રહેલા બ્રહ્મ સ્વરૂપ-જ્ઞાન સ્વરૂપ આત્માને યાદ રાખજે તેથી મલીનતાનો ત્યાગ કરવાનો વિવેક જાગશે. નિર્મલ થવાનો ઉદ્યમ થશે મલીનતાના યોગે જ આધિ-વ્યાધિ અને ઉપાધિની વિડંબના ખસતી નથી જ તેઓને સદ્ગુરૂ આચાર્ય મહારાજા બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ પદ ૯૮ ની રચના કરી છે તેને ખ્યાલમા રાખી વર્તન કરો.

પદ ૯૮

(રાગ . વ્હાલા વીર જીનેશ્વર)

વ્હાલા હરતાં ફરતાં બ્રહ્મ સ્વરૂપને ધ્યાવજે રે,
નિશ્ચય અંતર્ધ્યાનમાં શ્રદ્ધા સાચી લાવજે રે.
વ્હાલા૦ ૧
વિષય વિચારો દૂર હઠાવી, મનમાં અન્તર્યામી ભાવી,
ચેતન અનંત લક્ષ્મી ક્ષાયિક ભાવે ઠાવજે રે.
વ્હાલા૦ ૨

ચિત્તવૃત્તિ અન્તરમાં સ્થાપી,
થાજે નિશ્ચય નિજગુણ વ્યાપી,
અસંખ્ય પ્રદેશી ઘરમાં વ્હેલો આવજે રે. વ્હાલા૦ ૩

ભજવી ભાવે નિજગુણ ભક્તિ.
ખીલવવી ચિદ્દઘનની શક્તિ.
પ્રેમી ઉદ્યમથી તું બ્રહ્મ સ્વરૂપને પાવજે રે. વ્હાલા૦ ૪

બ્રહ્મજ્ઞાનથી ભાગે ઝગડો.
દૂર રહેશે માયાનો વગડો. (રગડો)
વાલ્હમ મોહાદિક શત્રુને દુર હઠાવજે રે. વ્હાલા૦ ૫

અન્તર્યામી ચિદ્દઘન પરખી, પામી હીરો લેજે હરખી.
બુદ્ધિસાગર સોઽહં ગાયન ગાવજે રે. વ્હાલા૦ ૬



સદ્‌ગુરૂ કરૂણા લાવી ફરમાવે છે કે, અરે આત્માના અર્થી ! ખાન-પાન-હરતા ફરતા વિસામો કરતા આત્માનો વિકાસ કરવા તને ખ્યાલ રહેતો નથી તેથી ઠોકરો પુન પુનઃ વાગે છે મારામારી બોલાબોલી.વિરોધ-વેર પણ થાય છે તેના યોગે કેટલી શાન્તિ પ્રાપ્ત કરી તે કહે? ઉલ્ટી અશાંતિ-કલહ-કંકાસ વિગેરે થએલ છે. તે તુ જાણતો હોય તો તેઓને દૂર કરવા ઉપાય મ્હારી પાસે છે જાણતો ન હોય તો સમજવુ સાજન? સારી રીતે કેળવણી પૂર્વક સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને ખાનપાનાદિ વ્યાવહારિક કાર્યો કરવા ત

ધાર્મિક કાર્યો કરવા. તેથી કાંઈક શાંતિ થશે અને કલહ કંકાસ–ખેદ–અદેખાઈ વિગેરે નષ્ટ થશે સમ્યગ્જ્ઞાન હશે તો કદાચ દુ:ખના ડુંગરો પડવાના નિમિત્તો હશે, તોય તેઓને દુર કરવા સમર્થ બનાશે પડ્યા હશે તોય સહન કરવા પૂર્વક દુર કરી શકશો. તેમાંથી આત્મિક શક્તિ પ્રાપ્ત કરવાની કુંચીઓ મેળવી શકાશે માટે બ્રહ્મજ્ઞાન એટલે આત્મ-સ્વરૂપને પ્રાપ્ત કરવાનું સમ્યગ્જ્ઞાન. તેના યોગે જ ખાન-પાનાદિ કાર્યોમા અશાન્તિ–કલહ–કંકાસાદિને ઉત્પન્ન થવાના કારણનો અભાવ થશે.

તેથી સદ્ગુરૂ કહે છે તે–અજ્ઞાનતાથી દુન્યવી કાર્યો કર્યાં અને અશાંતિના કારણોનો આદર કર્યો તો પછી શાંતિ ક્યાથી મળશે ? હવે તેને હઠાવવા માટે સમ્યગ્જ્ઞાન–બ્રહ્મ-જ્ઞાનને મેળવવા લગની લગાડ.

વિલાસોમા પ્રેમ હોવાથી ઘણો આદરભાવ રાખ્યો, પરંતુ તેથી તો દુ:ખ પીડાના કારણ ઉપસ્થિત થાય તેનો ત્યાગ કરવા હરતા–ફરતા બ્રહ્મસ્વરૂપ ધ્યાવજે. ભૂલતો નહિ. ધ્યાન કરવાની તાકાત તારી પાસે છે. નિરીક્ષણ શાંત બનીને કર. દોડાદોડ કરવાથી તો શક્તિનો આવિર્ભાવ થતો નથી. અથડાવાનુ–ટીચાવાનું થશે તેથી કલેશ કંકાસ ખસશે નહિ. માટે જ્ઞાન પ્રાપ્ત કરી–ગુરુગમદ્વારા સત્ય નિરીક્ષણ કર. વિવેકના યોગે શક્તિનો ખ્યાલ આવશે. અજ્ઞાનતા–ભ્રમણા–ભૂલો પ્રાય થશે નહિ

વિષય વિકારોથી વિલાસોમાં જે પ્રેમ–આદર છે તેનું સમ્યગ્‌જ્ઞાન વિના સત્ય નિરીક્ષણ બનતું નથી; જે જે નિરીક્ષણ કરો છો તે વિકારી અને ભયંકર છે, પીડાજનક છે આમ વિચારી વિવેક કરશો ત્યારે જ સમ્યગ્‌જ્ઞાન–બ્રહ્મજ્ઞાનનો પ્રકાશ થતા મિથ્યાત્વ–અંધકાર રહેશે નહિ. અપૂર્વ પ્રશંસાપૂર્વક પ્રસન્નતા હાજર થશે માટે કેટલા પરિભ્રમણ કરો છો અનાદિકાલથી દોડદોડ કરવામા ખામી રાખી નથી. તેથી કેટલી આત્મિક શક્તિ મેળવી?

“આત્માના નિરીક્ષણ યોગે કારમી કતલ કરનાર ક્રોધાદિ કષાયોની કતલ થાય છે વિષયના વિકારોમા પ્રહારો પડે છે ત્યારે સમ્યગ્‌જ્ઞાનના યોગે વિકારી વિષયોના વિલાસોના સુખમા ઉદ્વેગ–કંટાળો આવે છે અને તેની યાતના, પીડાઓમાથી મુક્ત થવા માટે પ્રયાસ થાય છે અને કષ્ટ–સંકટ–અગર વિપત્તિઓ આવી લાગતા સહન કરવાની શક્તિ આવેલી હોવાથી આનંદનો પ્રકાશ થાય છે. એટલે સમ્યગ્‌જ્ઞાનીઓ સુખમા નિર્લેપ રહે છે. માટે ચિત્તવૃત્તિને આત્માના ગુણોના રાગી પોતાના સત્ય ગુણોના રાગી બનવું. નહિતર દાણું દાણું વિલાસી વિકારો પુનઃ પુનઃ દુઃખ–પીડાઓના ખાડા ઉભા કરે છે અને કરશે. આત્મા વ્હાલો હોય તો ભક્તિ–સેવા–પરોપકાર તથા પ્રત્યાખ્યાન પચ્ચક્ખાણ–પ્રતિક્રમણ–સેવ કરવું જોઈએ છે. આત્મિક ગુણો યાદ આવે. ભૂલાય નહિ તથા પ્રવચન શ્રવણ કરવાની ટેવ પાડવી. અને સાંભળી પછીથી [illegible]

તેથી જડ જેવા બનશો. આત્માની શક્તિ ઘવાતી જશે. કોઈ બાબતની સમજણ પડશે નહિ. માટે આત્મિક જ્ઞાન મેળવવાની ઘણી જરૂર છે. તેથી ધાર્મિક કાર્યોમા તથા વ્યાવહારિક કાર્યોમાં ઝગડા–ખેદ વિગેરે થાય છે તે થશે નહિ અને જે શંકાઓ થાય છે તે થશે નહિ આત્માના ગુણોમાં પ્રેમ વધશે માનવતા સાથે દિવ્યતા સાધી શકાશે માટે જે કાર્યો કરો તેમા સમ્યગ્જ્ઞાન રૂપ આત્માના ગુણોનુ સ્મરણ કરવુ. તેથી કરેલી કાર્યવાહી સફલ બનશે

સંસારરૂપી રંગશાળામા સંસારી જીવો જુદા જુદા વેશ ધારણ કરી નાચ–નૃત્ય કરી રહેલ છે. તેમા માણસો વિવિધ વેશ પહેરી નવા ખેલ ભજવી રહેલ છે કોઈ રકના ખેલ ભજવે. કોઈ શ્રીમંત બની, કોઈ રાજા મહારાજાનો ખેલ ભજવી રહેલા છે તેથી અન્તરાત્મા ખુશી થતો નથી. માટે એવો ખેલ ભજવો કે આત્મા પ્રસન્ન થાય રાજી થાય આ ખેલ સત્ય છે તમોએ ખેલો ખેલ્યા, તે ધન–સત્તા–સાહ્યબી સુખશાતા માટે ખેલ્યા, પણ તે કાયમ રહી નહિ તાલી દઈ રડાવીને ખસી ગઈ પણ અન્તરાત્મા સંતુષ્ટ બન્યો નહિ તેથી વલોપાત કરવાનો વખત આવ્યો. કરેલો ખેલ ફળ્યો નહિ પણ ફેટયો માટે સંસારના ખેલોમા જે આસક્તિ છે તેનો ત્યાગ કરવા પૂર્વક આત્મિક શક્તિ વધે અને તે શક્તિના આધારે સઘળી વિપત્તિ–વિટંબના, વેદના નાશ પામે એવી તાકાત મેળવો. શક્તિ વિનાના માનવીઓને દરેક બાબતોમા દબાતું રહેવુ પડે છે.

દીનતા-હીનતા હાજર થાય છે અને જીવન દુઃખરૂપે નીવડે છે

એક સંસારના સુખના અર્થીએ સુખશાતા માટે ઘણો પ્રયાસ કર્યો હરેક ધંધા કાયમ કર્યા તૈયારીનો વેપાર કર્યો સટ્ટાઓ કર્યા. પણ શાંતિ મળી નહિ ત્યારે સદ્ગુરૂ પાસે આવી. આત્માને આનંદ પડે તેવો માર્ગ પૂછ્યો. સદ્ગુરૂદેવે જ્ઞાન અર્પણ કરી માર્ગ બતાવ્યો અને ભાગ્યશાળી થવા માટે સૂચના આપી કે પ્રથમ સંસારના સુખો ગમે તેવા મન ગમતા હોય તો પણ વિકારી છે તે કદાપિ આત્માને શાંતિ આપવા સમર્થ બનતા નથી જ સંસાર સુખના અર્થીઓ કહે છે કે, આત્માને અવિનાશી તમે કહો છો ? અમે તો મરણ પામતા દેખીયે છીએ તો પછી અવિનાશી કેમ કહેવાય ? સદ્ગુરૂ સમજાવે છે કે, તમે શરીરને આત્મા માન્યો તે તમારી અજ્ઞાનતા છે ભ્રમણા છે. પણ આત્માથી શરીર ન્યારૂં જુદુ છે શરીર મરણ પામે છે પણ આત્મા અનુભવમાં આવતો નથી તેથી તે કર્માણુને દૂર કરવા માટે ઉદ્યમ કરવાની જરૂર છે ઉદ્યમ એવો કરવો કે તેનું કર્માણુ નાશ થતું જાય સામાન્ય રીતે ઉદ્યમ, પ્રયત્ન. મોહનીય વિગેરે કર્મો નાશ કરવાના સન્યગ્જ્ઞાનાદિક કહેલા છે જો મોહનીય કર્મો નાશ [illegible] ય નહિ તો [illegible] ઉદ્યમ [illegible] [illegible] [illegible] માટે [illegible] તપ-[illegible] [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેની [illegible] [illegible] [illegible].

બાહ્ય પ્રવૃત્તિની જંજાળે, જકડાતા છે દુઃખ,
ઉપાધિ સાગરમાં ગોથાં, ખાતાં ન સુખ,
પુદ્ગલ સ્કંધ પ્રેમે રે, ભવોભવ દુઃખ ક્યારા. ૨

અનેક ભાષા પ્રોફેસર થઇ. કરશો કોટી ઉપાય.
ઉંચ્ચ થવાને ઉંધી આશા, અન્તે સુખ ન થાય,
આત્મના અજ્ઞાને રે, ઉંમર સહુ જાય હારી.
...મનુષ્ય ૩

બી.એ. એમ.એ. આદિ ડિગ્રી, આત્મજ્ઞાન વણ ફોક,
પરમાતમ પરખ્યા વણ પામર. સમજે શું મૂરખ લોક,
મિથ્યા અભિમાને રે, સંસારમાંહિ દુઃખ ભારી.
...મનુષ્ય ૪

આત્મોન્નતિ ઉપાયો સાચા, જિનવાણી ગુરૂરાય.
આત્મજ્ઞાન વણ વિદ્વતા શું ! સમજ્યાથી સુખ થાય,
બુદ્ધિસાગર વાણી રે. સમજશો નરનારી. મનુષ્ય. ૫

ભાગ્યોદયે મનુભવ પામીને હે ચેતન ? તે કેવું કાર્ય કર્યું ? પરભવમા અને આ ભવમાં સાચી સુખશાતા રહે કે ચિંતા પીડા. ઉત્પન્ન થાય તેનો વિચાર વિવેક કર્યો કર્યો હશે તો પીડા ચિન્તા રહેવી જોઇએ નહિ નહિતર રહેવાની જ

તમોને વારંવાર, વખતે ચિન્તાઓ થયા કરે છે અને રોગોની વેદના થયા કરે છે તેનું કારણ તમોએ આત્મિક

ગુણોને જાણ્યા નથી અજ્ઞાનતાના યોગે સંયોગે પ્રાપ્ત પદાર્થોમા સત્ય સુખની આશા ધારણ કરવા પૂર્વક તેમાં જ આસક્ત બન્યા તેથી ચિન્તા વ્યાધિઓનો માર્ગ શોધ્યો નહિ અને સમજ્યા નહિ તેથી આધિ–વ્યાધિ અને ઉપાધિની પીડા નષ્ટ ક્યાંથી થાય? બને નહિ જ માટે તેને દુર કરવાની ખરેખરી ઈચ્છા હોય તો ચેતનને બ્રહ્મજ્ઞાનમા જોડ. દુઃખ દરિદ્રતા નડશે નહિ જે પદાર્થો મળ્યા છે તેઓમા આસક્તિ છે તે નાશ પામશે

સંસારમા હુશીયાર કોણ કહેવાય? જે આત્માના ગુણોને જાણી–શોધી અને આસક્ત બનતો નથી તે હુશીયાર પ્રવીણ અને કુશલ છે તે સત્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે માટે તેઓ હુશીયાર કહેવાતા હોતા સંસારના વ્યાવહારિક કાર્યો કરતા પણ સત્યજ્ઞાન–બ્રહ્મજ્ઞાન ભૂલતા નહિ તેથી આધિ–વ્યાધિ–ઉપાધિ ઘણી તો ય નડશે નહિ ટળતી જશે. બાહ્ય પ્રવૃત્તિમા અજ્ઞાનતા યોગે તેની જ જાળે જકડાવવાનુ થાય છે તેથી દુ એઓને નષ્ટ કરવાના કારણો સમજાતા નથી, તે જ જાળમાંથી બહાર નીકળી શકાતું નથી જ પરંતુ જ જાળને [illegible] તરીકે માનવાપૂર્વક ગુરુગમથી જાણી તેના ત્યાગ કરવા તત્પર બને છે તેઓ જ નીકળી શકે [illegible] જ જાળને [illegible] તરીકે માનનાર [illegible] તે [illegible] તોડી [illegible] નહિ અને સ્વાધીનતાનો અનુભવ મેળવી શકે નહિ જ જાળની પરાધીનતાને [illegible] ધર્મને [illegible] જ [illegible]

વિત્તદારા અને વિષયની વાસના,
પાશથી શત્રુઓ ખુબ ફૂટે. જાગ રે ૧

વૃત્તિ બાહિર્વહે કર્મ આઠે ગ્રહે.
આત્મા ભ્રાન્તિથી ભાન ભૂલ્યો,
ક્રોધને માનથી લોભ માયા થકી.
લક્ષચોરાશીમાં ખુબ ઝુલ્યો. જાગ રે ૨

પામી માનવપણું પુણ્ય ઉત્કર્ષથી,
મુક્તિ સાધન અરે તે વિસાર્યું.
ખુબ અપકૃત્યથી પાપ ગાઢું ભર્યું.
જીવનું નર્કમાં કેમ ધાર્યું? જાગ રે ૩

શ્વાસઉચ્છ્વાસથી જીવ આયુ ઘટે.
ખબર નહિ કાલની કેમ થાશે,
કાલનું કૃત્ય તે આ ક્ષણે કીજીએ.
ધર્મથી આ ભવાબ્ધિ તરાશે. જાગ રે ૪

કોટિ ધન આવશે નહિ કદિ સાથમાં.
પાપ ને પુણ્ય સાથે જ આવે,
દાન કરજે સદા ધર્મ વાટે મુદા,
દાનથી આતમા મોક્ષ પામે-વે. જાગ રે ૫

સ્મરણ કર દેવનું શરણ જે દીનનું.
સાધુના દર્શને પુણ્ય થાવે.
સાધુ દર્શન થકી સાધુ વંદન થકી.
કોટિ ભવના કર્યા પાપ જાવે. જાગ રે ૬

સાધુના સંગથી આતમા જાગતો,
તીર્થ જંગમ મુનિ ભવ્ય એવો.
તીર્થ જંગમ મુનિ કલ્પવેલી અહો,
પુષ્કરાવર્તના મેઘ જેવો. જાગ રે ૭
સાધી લે સિદ્ધિને ધર્મ વ્યવહારથી,
ભક્તિ ઉત્સાહથી યત્ન ધારો.
ધર્મ કરણી કરી ફોક થાવે નહિ,
ધર્મથી આવશે દુઃખ આરો. જાગ રે ૮
ઉંઘ ત્યાગી અહો દેહ દેવળ વિષે,
શુદ્ધ ચેતન પ્રભુને જગાડો.
બુદ્ધિસાગર સદા ભાવના મોગરી,
સમ્યગ્‌ગુણનો ઘટ હેતે વગાડો. જાગ રે ૯

સદ્ગુરૂ જણાવે છે કે જ્યા સુધી આત્માના ગુણોની ઓળખાણ થઈ નથી ત્યા સુધી ભલે તુ પોતાને દિવસમા જાગતો માનતો હોય છતા ઉંઘતો છે. કારણ કે મોહ-માયા મમતાની [illegible] છે જે [illegible] હોય તે ઉંઘતા. એમ સદ્ગુરુ જ્ઞાનીઓ કહે છે [illegible] કરીને [illegible] તે મુજબ વર્તન કરનાર આત્મા [illegible] જાગતો જ નથી. અને આત્મ-સ્વરૂપ [illegible] વિના [illegible] નિદ્રા [illegible] માટે જાગ-જાગ રે આત્મા [illegible] નિદ્રામા [illegible]

વૃથા ગુમાવવો છે જો ગુમાવીશ તો પુનઃ મનુષ્યભવ પામવો અશક્ય બનશે. અને પશુ પંખી વિગેરેની પરાધીનતામાં ફસાઈ પડવું પડશે માટે ચેતી માયા-મમતા અહંકારાદિકનો ત્યાગ કરી આત્મ ગુણોમાં લગની લગાવ મોહની નિદ્રામાં ક્રોધાદિક શત્રુઓ લૂંટી રહેલ છે તેઓને શક્તિ પ્રાપ્ત કરીને દુર કર આત્માની શક્તિ હશે તો જ આન્તરિક શત્રુઓનું જોર ચાલશે નહિ સ્વયં દુર ખસી જશે એટલે આત્મન જાગ્રત બનીશ મારૂ મારૂ કરીને લૂંટાઈ રહેલ છે તેનું જો ભાન હોય તો જ જાગ્રત રહે છે અને શત્રુઓને જીતે છે

ભાન વિના લૂટાય છે પોતાની તાકાતને ફોરવી શકતા નથી તેથી જ પીડા પામે છે. પરતુ જેમની શક્તિ. પાપોનો ત્યાગ કરવા પૂર્વક કષાયને કાપવામા વપરાય છે તેને શુદ્ધિ-રીદ્ધિ વિગેરે સ્વયં આવી ભેટે છે પણ શક્તિને ઉન્માર્ગે-વિષય કષાયમા વાપરે છે તેની શક્તિ તાકાત ઘટતી જાય છે. માટે આત્માની શક્તિ ઘટે નહિ પણ વધતી રહે તે મુજબ જીવન ગુજારવુ. તેથી બહારના શત્રુઓનો પગ ટળશે

બાહ્યવૃત્તિ નિવારી અન્તર વૃત્તિમા પ્રેમ જાગે છે ત્યારે જ વિદ્યા-જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થાય. સમ્યગ્-જ્ઞાનનો પ્રકાશ થાય. આવા પ્રયત્ન વિના કરેલો પ્રયત્ન-પ્રયાસ, ચિન્તાજનક બને છે તથા તમો લક્ષ્મીને સદા ઇચ્છો છો તે ફક્ત પ્રયત્ન કરવાથી મળતી નથી. પણ

પુણ્યાનુસારણી હોવાથી પુણ્યોદય હોય ત્યારે જ પ્રયત્ન યોગે પ્રાપ્ત થાય છે અને સહારો આપવા સમર્થ બને છે. અન્યથા કરેલ ઉદ્યમ વૃથા જાય યશ-કીર્તિ મેળવવાની અભિલાષા હોય તે ન્યાયોપાર્જીત ધનનુ દાન દેવુ જોઈએ ન્યાયોપાર્જીત ધનનુ દાન. ચિરસ્થાયી યશ-કીર્તિ એક નેમ બનનું નથી તેમ બનાવવી હોય અને સદ્બુદ્ધિનો લહાવો લેવો હોય તો સદાચારનું પાલણ કરો તેથી સર્વકાર્યોમા તે સદ્બુદ્ધિ દુષ્ટ બુદ્ધિને દૂર કરશે અને જીવનભરના સારી રીતે ઉપયોગી બનશે એટલે અજ્ઞાનતા યોગે ઉત્પન્ન થયેલ ભ્રમણા નાશ પામશે અને ખરાબ કર્મો કરવાની ભાવના-વિગેરેનુ પરાવર્તન થશે પછી વિષય-કષાયના વિકારો ઓછા થતા મૂલમાંથી નાશ કરવાની તાકાત-શક્તિનો આવિર્ભાવ હાજર થશે

આ બધો સદ્બુદ્ધિનો પ્રભાવ છે નહિ તો શું. આળસનો ત્યાગ કરી સદ્વિદ્યા-જ્ઞાન મેળવો લક્ષ્મીનો લ્હાવો મેળવવો હોય તો પુણ્ય કાર્યો કરવાની સાથે સદુદ્યમ કરો ચિર-સ્થાયી યશ-કીર્તિ મેળવવી હોય તો ન્યાયોપાર્જીત ધન પ્રાપ્ત કરો તેથી અનર્થ નાશ પામશે સ્વાર્થ ત્યાગની સાથે પરમાર્થ પ્રાપ્ત કરવામા પ્રેમ ધરો. સંસાર-સમુદ્ર ઉત્પન્ન કરનાર. કેળવણી વિજ્ઞાન કૌશલ-કારિગરી-હુન્નર-ઉદ્યોગ-કળાની વિવિધ પ્રકારે તે મેળવ સમજીને સ્વાર્થ ત્યાગમા સહાય કરશે. આવી બુદ્ધિ અને જ્ઞાન વિજ્ઞાન મેળવો

--૦

પરમાર્થ પ્રાપ્ત કરવામા તો અંદરમાં છૂપો રહેલ અહંકાર—મમત્વ ભાવને દૂર કરવો જોઈશે. " નિન્દા કરનાર ઉપર દ્વેષ અદેખાઈ ધારણ કરો નહિ અને પ્રશંસાદિ સાંભળી ફુલાવ નહિ. ગર્વ—ગુમાન કરો નહિ, વખત તમોને શાણા બનાવે. ઠોકરો વાગવાથી શાણા બનાવે તે પહેલાં શાણા બનવાથી, સમજુ બનવાથી નિન્દકના ઉપર દ્વેષ અને પ્રશસકના ઉપર પ્રેમ વધશે નહિ, પણ સમત્વ રહેશે. દ્વેષાદ કરવાથી માનસિક શક્તિ હણાય છે. અને ગર્વ કરવાથી ઉન્નતિમા આગળ વધાતું નથી. તેથી પાપ દુખથી જીવન ભરમા શાતિના બદલે અશાંતિ ઉત્પન્ન થાય સુખ શાતિમા જીવન પસાર કરવા દુન્યવી પદાર્થોમા આસક્ત બનો નહિ રાચી માચી રહો નહિ. તેથી બુદ્ધિને વધારનાર જેટલા સાધનો છે તે ફલીભૂત બનશે. કષાય વિષયના વિકારો નાશ પામશે. ઘણો વખત વિકારો ટકશે નહિ તેથી આનદનો પ્રકાશ થશે.

અત્યારથી સમજણના ઘરમાં આવી રાગ—દ્વેષ વિગેરેનો ત્યાગ કરી આત્મ તત્વને સંભાળો તે જ દુઃખનો નાશ કરવાનો સારો ઈલાજ છે. અન્ય ઈલાજ ખપમા આવશે નહિ

શ્વાસોચ્છવાસે આયુષ્ય ઘટતું જાય છે. તેને જેમ તેમ વેડફી નાંખો નહિ. પણ સુંદર વિચારો કરી સફલ કરો. વિવેકપૂર્વક સદ્વિચારો કરવાથી અવસ્થા પણ મનોહર સુખદાયક બનશે પાપના પોટલા બાંધેલ છે તેનો ત્યાગ થશે અને પુન્યનો પટારો ભરાશે. તે પુણ્યના આધારે પવિત્ર બનાશે. મલીનતા ખસતી જશે.

કરોડો સોનામહોરોના સ્વામી હશો તથા વિવિધ ઝવેરાત તિજોરીમાં ભરેલ હશે તો પણ મલીનતા જે મનમાં રહેલી છે તે નાશ થશે નહિ પણ ગર્વ-ગુમાન આવશે, તો મલીનતા વધશે સગાવહાલાને. મિત્ર વર્ગને તથા સીદાતા પ્રાણીઓને સહાયતા આપવાનું વર્તન થશે નહિ અને કોઇ ચોર યુક્તિપૂર્વક ચોરી જશે અગર શાહુકારના વેશ ધારણ કરી ખીસ્સા કાપી ધનાદિ લઇ જશે ત્યારે વલોપાત-વિલાપ કરવાનો વખત આવી લાગશે માટે ક્ષણે ક્ષણે નવકારનું સ્મરણ કરી પુણ્ય વધારી પવિત્ર બનવું એટલે મોહ-મમતા -અહંકાર વિગેરેનો મધુરો માર ખાવાનો વખત આવશે નહિ

વિચારો નિર્મલ થતા માનસિક વૃત્તિ શુભ-શુદ્ધ બનશે તેના યોગે અશુભ સંકલ્પો નાશ પામશે શુદ્ધ વિકલ્પોના આધારે ધર્મ ધ્યાનના અધિકારી બનાશે આવા અધિકારના યોગે નવકારના પ્રાપ્ત થએલ અધિકાર, સરલ થતાં [illegible] પાત્ર બનાશે અને અન્ય અધિકારી અત્ર-ધારી અનુકરણ કરશે તેથી પોતાનું અને પરનું હિત [illegible] નિરંતરના સ્વામી રહીને [illegible] [illegible] નહિ [illegible] સુધી [illegible] નહિ અને દાન શીયલ તપ અને ભાવનાની [illegible] [illegible]

[illegible]

કરી બળ-તાકાતને વાપરો. વિષય-કષાયના વિકારો જીતી આત્માને બંધનથી મુક્ત કરો ક્રોધ-માનાદિ અને વિષય વિકારોથી બંધનની પીડાથી પીલાઈ રહેલ છે તેવા આત્માને ક્યારે મુક્ત કરશો. પ્રબલશક્તિને ફોરવશો, ત્યારે જ તે વિકારો ખસી જશે તે વિના ખસે એવા જ નથી.

અર્જુન-માલી, રોહણીઓ ચોર, દૃઢપ્રહારી, વિગેરે મોહ-મમતાના ફંદમા, જંજાળમા ફસાએલ હતા ત્યારે ઘણી અનર્થકારક નિર્દયતાથી કામ કરતા હતા પરંતુ સમ્યગ્જ્ઞાની સંતોનો સમાગમ થયો ત્યારે મોહ-મમતાના બંધનો-જંજાળને પોતે તોડી સહન કરી આત્માનો ઉદ્ધાર કરવા-સ્વાધીન બનવા આત્મધર્મમાં આરૂઢ થવા સંયમ ધર્મની આરાધના કરી સદ્ગતિના ભાજન થયા. અને અનુક્રમે અનંત સુખના સ્વામી થયા અને થશે. માટે ખરેખરા બધનો છે તેને ઓળખો અને તોડવા સાચો પ્રયત્ન કરો. પ્રબલ પુરૂપાર્થ કર્યા સિવાય રાગ-દ્વેષ જન્ય માયા-મોહના બંધનો કદાપિ ઢીલા થશે નહિ તો, મૂલમાથી નાશ પામે ક્યાંથી ? પામે નહિ જ પરંતુ શક્તિ હોતે પણ શક્તિને છુપાવવા મનગમતા બાના બતાવી ખસી જવા વિચાર કરો છો અને ખસી પણ જાવો છો કે મહારાજ શુ કરીયે-આવક અલ્પ થઈ છે અને જાવક-ખર્ચ વધી ગએલ છે, માટે વેપારમા અસત્ય બોલવુ પડે છે કપટકલા કેળવવી પડે છે. ત્યારે અમે કહીયે છીએ કે તમે તો ધનાઢ્ય છો. અસત્ય બોલ્યા સિવાય-કપટ-દંભ કર્યા વિના ન્યાય સંપજ

સદ્ગુરૂ જંગમ તીર્થ છે. તેમની વાણી સાંભળી અને ચિત્તમાં ધારણ કરી પુરૂષાર્થ કરવાથી અનંત ભવ્ય માણસો દુ:ખનો અંત કરી સુખી બન્યા. તમો પણ દુઃખ ચિંતાનો ત્યાગ કરવા પૂર્વક પરમાનંદી બનશો.

સદ્ગુરૂ કલ્પવેલડી કરતા અધિક મહિમાવંત છે. આન્તરિક શત્રુઓને નષ્ટ કરવા સમર્થ છે. સદ્ગુરૂ ઉપદેશે છે કે, ધર્મને ધક્કો મારશો તો ધર્મ ખસશે અને ધન પણ રહેશે નહિ ધર્મ હશે તો ધનાદિકનો લ્હાવો લેઈ શકશો. અને ધર્મ નાશ પામશે નહિ ધર્મની આરાધના સદ્ગુરૂના સમાગમથી થાય છે મોહ–મમતા–અહંકાર–અદેખાઈ– અણગમો રહી શકતો નથી અને આપેલ દાન–સહકાર– મદદની યાદિ રહેતી નથી. પણ લીધેલ સહારાની યાદિ રહે છે અને રહેશે. અને ઉપકાર ભૂલાશે નહિ મમારે જે વસ્તુ સત્ય છે તે સત્ય રહેવાની જ. અસત્ય કદાપિ થશે નહિ અને થતી નથી જ ભલે પછી સેંકડો હજારો કે લાખો માનવો, અસત્યને સત્ય કહે અને સત્યને અસત્ય કહે અગર માને, તો પણ સ્વરૂપમા ફેરફાર–પરિવર્તન થતુ નથી અનંત ભવની પરિભ્રમણના ટાળવી હોય અને સ્થિરતાનો લાભ લેવો હોય તો ગુરૂગમ પ્રાપ્ત કરી સત્ય સ્વરૂપને ભૂલો નહિ વિવેક કરીને અસત્ય ઉપર જે પ્રેમ છે તેમા મુગ્ધ બનો નહિ ધર્મથી જ દુઃખ દરિયાનો આરો આવે છે. અને સત્ય ગુણના સાધનો, કારણો પરખાય છે. અને હાથમાં આવતા આનંદ થાય છે.

સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી કહે છે. મોહનિદ્રાનો ત્યાગ કરી જાગો. અને આત્મિક સંપત્તિ પ્રાપ્ત કરવા તત્વને ઓળખી તે મેળવવા તત્પર બનો

રાગ-દ્વેષ અને મોહમાં મુગ્ધ બનેલા માનવીઓ ઉંઘતા છે તેઓને જાગ્રત કરતા સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિ-સાગરસૂરીશ્વરજી ફરમાવે છે અરે આત્મા જાગ

પદ ૭૧

(રાગ મનસા માલિની એ જુવો ગારણ)

નિર્ભય દેશના રે વાસી આતમ, પડે શું માયા જાલમાં.
અસંખ્ય પ્રદેશી દેશ તારો, નિરાકાર ગુણવાન જી.
જન્મ મરણ નહિ દેશમાં તે. નિર્મલ સુખનું ઠાણ
...નિર્ભય ૧

રોગ શોક વિયોગ નહિં જ્યાં. મમતા ને અભિમાન જી:
પ્રતિ પ્રદેશે સુખ અનંતુ. સમતા અમૃત પાન
...નિર્ભય ૨

જ્ઞાન ગુણથી દેશમાં નિજ. ભાસે સર્વ પદાર્થ જી:
નિત્ય અવિચલ દેશ તારો. શુદ્ધ એ પરમાર્થ.
.. નિર્ભય ૩

જ્યોતિ માંહી જ્યોત પ્રગટી. કરતાં દેશનું ધ્યાન જી:
અનુભવ જ્ઞાની ઓળખે તો, આપે નિજપદ દાન.
...નિર્ભય ૪

ભમો શું માયા દેશમાં ભાઇ, નહિં જ્યાં સુખનો લેશ જી;
બુદ્ધિસાગર ચેતી લ્યો ભાઇ, પામી અવસર બેશ.
...નિર્ભય ૫

સદ્‌ગુરૂ દર્શાવે છે કે રાગ–દ્વેષ અને મોહના યોગે જે સુખ શાંતિ માની રહેલા છે તે કલ્પિત અને બનાવટી આરોપિત છે તથા વિકારી પણ છે નિર્વિકારી છે નહિ જ બનાવટી–કલ્પિત સુખમા વિકાર હોય જ ત્યા સુખ માનતા હોતો તે દુઃખગર્ભિત છે દુ ખ વિકાર કાયમ ભરેલો છે અને અજ્ઞાનતાયે તેમાં સુખનો ભ્રમ છે ત્યાં ભય–રાગ–દ્વેષ–ખેદ–અદેખાઈ વિગેરે દોષોના કારણો છે.

આમ સમજી રાગ–દ્વેપની માયા જંજાલમા કેમ પડે છે? માયા જ જાલની એવી ભૂલભુલામણીમા પડયા પછી તેમાથી નિકળવુ દુષ્કર છે. માટે તેઓમા લપટાઓ નહિ. પણ જાગ્રત થઇને દેહ મંદિરે આત્મા બીરાજી રહેલ છે તે તરફ નજર ફેરવો અત્યાર સુધી દેહ–ગેહ–કંચન–કાયા –કુટુંબાદિકમા નજર ફરી રહેલ છે. તેઓમાથી પાછી વાળી આત્માના ગુણો અને તેઓના સાધનોને પરખી આત્માને પીછાન? કે જેના યોગે સર્વ કાર્યો થાય છે. જ્ઞાનાદિ ગુણો આવશે

ત્યારે જ તમને નિર્ભય દેશવાસી આત્માની સમજણ, ઓળખ થશે સમજણ–ઓળખ થયા પછી અજ્ઞાનતાથી જે ભૂલો અપરાધો થઈ રહેલા છે. તેઓનો પસ્તાવાપૂર્વક

ત્યાગ થશે. અને નિરાકાર જે આત્માની દશા છે તે પ્રાપ્ત થશે. અત્યારે તો કર્મમલથી મલીન છે પણ જ્ઞાન-દર્શન -ચારિત્ર-તપથી તે મલીનતા સોનાની માટી માફક નષ્ટ થાય છે થશે માટે માયાજાલમાં પડીશ નહિ આ માટે કહું છે

આત્મા અસંખ્યાત પ્રદેશોમાં ગઠાયેલો રહે છે તે નિર્મલ થયા પછી સર્વે દુઃખ-પીડા-સંતાપ-શોક વિગેરે રહેતા જ નથી એટલે મરણ-જન્મ મમતા-અભિમાન વિગેરે કકળાટ-કલેશ-કકાસ પણ હોતા નથી જ આત્માના પ્રતિ પ્રદેશે અનંત ગુણનો ભંડાર ભરી રહેલ છે તે સમતારૂપી અમૃતના પાનથી મળી શકે એમ છે અહંકાર અને મમત્વાદિકથી કદાપિ પ્રાપ્ત થઈ શકશે નહિ આત્મિક ગુણનું અનંત સમૃદ્ધિ પ્રાપ્ત કરવાનું આજ સાધન સમ-જીને ધ્યાન ધ્યાનમાં પાકું કરો

તે માટે પ્રયત્ન કરતા ઓશીયાળીની પીડા રહેશે નહિ. પરાધીનતાએ જે શુભ વિચારો અને કાર્યો કરવાના હતા તેમા વિવિધ વિઘ્નો ઉભા કર્યા છે તે તો હે ભવ્ય ? તને પોતાને માલુમ છે એથી માગ્યા મેઘ પણ વરસતા નથી એટલે ધારેલ આત્માનુ હિત સધાતુ નથી.

અરે ભાગ્યશાલી ! ધાર્યા મુજબ સ્વહિત સાધવું હોય અને પરાધીનતાને દુર કરવી હોય તો તથા સ્વાધીનતા પ્રાપ્ત કરવી હોય તો બીજે સ્થલે ભટકવાની જરૂર નથી. ફક્ત જે ઉમદા સાધનો મળ્યા છે તેની સિદ્ધિ કર એટલે પરભાવમાં સુખની બુદ્ધિ છે તેને નિવારી અન્તરમાં ધ્યાન ધર. પ્રભુ—આત્મા અનત શક્તિનો સ્વામી છે. તે પ્રસન્ન થશે. રીઝશે કોઈ પ્રકારે ઓશીયાળી રહેશે નહિ પર વસ્તુ માટે ઘણી અભિલાષા રાખી. મળી તોય ધાર્યા પ્રમાણે કાયમ રહી નથી તે ખાતર ઘણી દીનતા—હીનતા દાખવી અને પુન પુન· યાચના કરી તો પણ તેનો વિયોગ થયો ત્યારે વલોપાત કરવામાં બાકી રાખી નહિ

માટે સદ્‌ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પોતાના સમ્યગ્‌-જ્ઞાન—દર્શન અનુભવથી ઉપદેશ છે કે સોઽહં—સોઽહંની મધ્યમ વાણીનો ભય કરે એટલે અત્યારે કર્મથી મલીન—અને રાગ—દ્વેષ—માયા મમતાથી લેપાઈ રહેલ છે એવો તારો આત્મા નિર્મલ થતો જશે અને સપૂર્ણ નિર્મલ થતાં રાગ—દ્વેષાદિ બધનોથી બંધાય છે તે બધનો સ્વયં તૂટતા જશે આત્મા કર્મોનો કર્તા છે. તેના વિપાકોને ભોગવી

જન્મ-જરા અને મરણની અગણિત પીડા ભોગવી ત્યારે [illegible] [illegible] ગયેલ છે

એ આત્મામાં સદ્‌ગુરુનો યોગ થતાં તે કર્મોને ટાળ-વાનું [illegible] ત્યારે જ કોઈક આત્મતત્ત્વની [illegible] પડશે. એના કરતાં પ્રથમથી જ મોક્ષમાર્ગના સાધનો જે જે [illegible] તેનો સ્વીકાર કરી [illegible] [illegible] નિષ્ફળતાનો [illegible] [illegible] [illegible] આત્મહિત-કલ્યાણનો માર્ગ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નિષ્ફળતા [illegible] નહિ [illegible] નિષ્ફળતાથી ભય પામવો નહિ અને [illegible]

[illegible]

નથી. ઉલ્ટી વધી છે, તો જેટલી મહેનત, ભાવના સંસારે કરો છો. તેટલી સત્ય ભાવના ધર્મ પામવા કરવાની રાખશો તો કાંઈ સાર મેળવી શકશો પીડાઓ ઓછી થશે અને અચ્ચંકારી ભટ્ટાની માફક સમતાનો ઉમદા લ્હાવો મળશે આ ભટ્ટા બાલપણાથી ઘણી રીસાળ હતી. મોટી થયા પછી તેણીને પરણાવી સાસરે પણ રીસ મુકી નહિ

પોતાના કહ્યા પ્રમાણે તેનો પતિ વર્તે નહિ તો ઘણો કકાસ કરીને પિયરમાં ચાલી જાય સમજાવી, માત–પિતા સાસરે મોકલે એક દિવસ એવો કલહ કરીને રાત્રીના બાર વાગે અંધકારમા પિયર જવા નીકળી માર્ગે જતી લૂટા-રાઓએ આભૂષણો લૂંટી લીધા. અને જ્યા લોહીથી કપડા રંગાય છે તેવા ગામમા પૈસા લઈ વેચી દીધી

તે ગામમા ક્રૂર માણસો શસ્ત્ર, છગ મારી તેના શરીરમાથી નીકળતા લોહી વડે કપડા રગવા લાગ્યા અસહ્ય વેદના સહન કરવા લાગી ઘણો પસ્તાવો કરવા પૂર્વક વિવેક કરવાથી વિચારો કરે છે કે, રીસાવો અત્યત કરવાથી કારમી કતલની પીડા વેઠવી પડે છે હવે જો ભાગ્ય યોગે આવા ક્રૂર માણસોથી મુક્ત થાઉ તો સાસરે મહાકષ્ટ બને, પડે, ઘણુ નુકશાન થાય, કોઈ મેણાના વચનો કહે, પતિ ગમે તેમ બોલે અગર માર મારે તો રીસ કરીશ નહિ સહન કરીશ ભાગ્યયોગે તેણીને ભાગ્ડ પક્ષીએ માસની ભ્રમણાથી ઉપાડી લીધી

[illegible] બાદ ૮ વર્ષોની ઉમ્મર થતા આશ્રમમાંથી [illegible] અને [illegible] કરતા [illegible] વનસ્પતિથી [illegible] કરી તેના [illegible] પાણી [illegible] વ્યવહાર [illegible] પાણી [illegible] તેની [illegible] આવ્યા [illegible] તેની [illegible] તેને પાડી [illegible]

ઓને ઉડાવવામાં આવે ત્યારે સુખ ભાસે છે પછી આવીને બેસે છે ત્યારે દુ ખરૂપે ભાસે છે. અજ્ઞાન બાલકને સંગ્રહણી રોગ થએલની માલુમ પડતી નથી પુનઃ પુનઃ હાજત થયા કરે છે. જ્યારે હાજત. ઝાડો થાય ત્યારે ખુશી થાય છે જ્યારે હાજત થાય નહિ ત્યારે પીડા પામે છે.

એવુ પુદ્ગલનું સુખ છે. તેને સુખ મનાય કેમ? મનાય નહિ બે ઘડીમા સુખ. ત્યારબાદ, બલ–બુદ્ધિની હાનિ આવા સુખાભાસને ઇચ્છનાર સત્યાનંદ પ્રાપ્ત કરે ક્યાથી? માટે આત્મિક ગુણોનો પ્રગટ ભાવ કરવાની અગત્યતા છે. આત્માના સ્વભાવમા પુરૂષાર્થ કરતા સત્ય સ્વરૂપની વ્યક્તિનો ઉઘાડ થાય છે અને પરભાવે રમણતા કરવાથી દબાણ થાય.

માટે સત્યાનંદની જરૂર હોય તો સમ્યગ્દર્શન–જ્ઞાન–રમણતાના નિમિત્તોમા પ્રેમ ધારણ કરો ધારણ કરવાથી દીનતા–હીનતા અને યાચના ટળતી જશે માટે દીનતાદિકનો ત્યાગ કરી પરમાત્માના ભાવને ભજો પરમાત્મ ભાવ ભજવાનો સાચો હક્ક છે તેમા કોઇનો દાવો નથી. પછી દુન્યવી ધનાદિકના હક્કનો જે હડકવા લાગ્યો છે તે રહેશે નથી અને અજ્ઞાણુ માનવોને હક્કનો હડકવા લાગ્યો છે. અને કોર્ટનો આશરો લે છે .તેથી શુ શાતિ થશે, નહિ. પણ આપોઆપ શમી જશે નહિ. સાચું જુઠુ કરવુ પડે છે ને? સત્ય વસ્તુ પ્રાપ્ત કરવામા સાક્ષી હોતી નથી. અસત્યમા વાદ વિવાદ અને વિરોધ હોય છે વેર પણ થાય છે તેતો દેખાતા શત્રુ કરતાં અત્યંત કષ્ટદાયી છે. આપ

સ્વરૂપના આત્મિક ગુણોના પરિણામ પામતા અનંત સુખ થાય છે. અન્યપ્રકૃતિ પ્રગટ થતા વિકારોપ્રકૃતિઓમાંથી પ્રીતિ ઉત્પન્ન થતા દુઃખો સર્વથા નાશ પામે છે અને શાંતિ

આવા અનેક નમુના આપું કોઈ નજીક નહિ અને આટલા પણ કોઈ ઓછા નહિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આવે છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આવે છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થાય [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

પ્રભુને ઓળખ્યા પછી તેમના ગુણોની યાદિ આવે છે. યાદિ આવતા આદરપૂર્વક વર્તન થાય છે વર્તનથી પિંડમાં–શરીરમા વ્યાપક રહેલા આત્માના ગુણો પ્રાપ્ત કરવા વિવેક જાગે છે અને શુદ્ધ પૂજા કરવાનો લ્હાવો મળે છે, કેવા પ્રકારે દ્રવ્ય અને ભાવથી પૂજા કરવી તે સદ્ગુરૂ દર્શાવે છે કે, જલ પૂજન કરવા પૂર્વક સમતારૂપી જલથી પરમપ્રભુનું પ્રક્ષાલન કરો જેથી આત્મગુણોમા પ્રેમ વધતા તન્મય બનાશે, ક્રોધ દાવાનલની જ્વાલા શમી જશે ત્યાર પછી દ્રવ્ય દયા સહિત ભાવ દયાથી ચંદન ચર્ચો તેથી અહંકારના આવિર્ભાવો નષ્ટ થઈ અર્હમ્ પદમા પ્રેમ વધશે તેના યોગે સદ્ગુણોરૂપી પુષ્પોનુ પૂજન થશે

આ પૂજા દુર્ગુણો નષ્ટ કરવા સમર્થ છે અને ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક જ્ઞાનનું અનન્ય કારણ બનશે અને ક્ષાયિક ભાવ પામવા સ્વસ્તિક કરો તેથી આત્માના ગુણોનો સંપૂર્ણ આદર થતા દેહ દેવળમા રહેલા આત્માનુ મંગળ થશે, એટલે મલિનતા નાશ પામશે એટલે ઇચ્છા–આશા –તૃષ્ણા શાંત થતા આત્મામા સ્થિરતા–રમણતા–લય લીનતા થશે. વ્યાવહારિક કાર્યો આડા આવશે નહિ નિર્વિઘ્ને માયા –મમતા નડશે નહિ

સાધન સામગ્રી એવી મેળવો કે, આ જીવ અન્તરયામી બને પૂજક–પૂજ્ય બનાશે સદ્ગુરૂ કહે છે આ પ્રમાણે પૂજ્ય બનવું હોય તો દ્રવ્ય પૂજાની સાથે આત્મિક ગુણોના પ્રકાશ કરવા ભાવ પૂજા કરવાની જરૂર છે.

અન્તર ધન પરખી લે તારૂં, સારામાં જે સારૂં;
તન્મય વિશ્વાસી થા તેનો, પ્યારામાં જે પ્યારૂં.
...ખેલો૦ ૩

ભૂલી દુનિયાના ડહાપણને, વળજે આતમ વાટે;
ઊંઘીશ નહિ તું અગમ પન્થમાં, માલ છે માથા સાટે.
...ખેલો૦ ૪

હાથે નહિ તે સાથે કરવું, અદ્ભુત એહ તમાસા;
પામ્યા અનન્તા પામે તેને, તે પદનો તું પ્યાસા.
...ખેલો૦ ૫

ચિન્તામણિ નિર્ધનના હાથે, તે તો કબહુ ન ચઢશે;
માનો મનમાં જે તે આવ્યું, પરભવ માલુમ પડશે.
...ખેલો૦ ૬

ચઉટામાં મીસરી વેરાણી, કીડી કળાથી ખાવે;
કુંજર તેને ગ્રહી શકે નહિ, યોગ્યતા એ સહુ પાવે.
...ખેલો૦ ૭

જેને માથે સદ્ગુરૂ નહિ તે, નગુરા ભટકે ભારે;
બુદ્ધિસાગર આત્મ ઉજાગર, સદ્ગુરૂ તરે ને તારે.
...ખેલો૦ ૮

પદ ૭૬ના પદમા સદ્ગુરૂ ફરમાવે છે કે, મન, વચન અને કાયાના પંદર યોગોને વશ કરવાપૂર્વક બનેલ

યોગી, દુન્યવી વાતાવરણમાં લક્ષ્ય ન દેતા યોગો તરફ ધ્યાન રાખી જાગતા રહેજો. જાગ્રત રહેવાથી અગોચર-અલખ જે આત્માનું સ્વરૂપ છે તેનો વિલાસી બનીશ, આત્મા તત્ત્વમા ભલે વિલાસી બનેલ છતા જાગ્રત રહેવાની જરૂર છે. સ સારને સ બ ધ એવો છે કે-અનિચ્છાયે અસર કરે અને નજર ત્યા જાય માટે સ સારના વાતાવરણમા સત્ય આત્મસ્વરૂપ છે નહિ.

તેમાં, આત્મગુણોમા પડશો તોજ આત્મવિલાસી બનાશે અને અગોચર-અલખ આત્મામા રમણતા થશે. તેથી પરમાન દનો અનુભવ થતો રહેશે. આત્માનો-સ્વરૂપનો તમારા દેહ મ દિરમા અધુના નિવાસ છે તેથી દેહ મ દિરનું રક્ષણ કરવામાં લપટાઈ જશો નહિ તેનો સહારો લેવો તે આત્માના ગુણોના સ્વીકાર કરવા માટે છે ભલે પછી દેહ મ દિરે વાસ્ર હોતે છતા આત્મિક ગુણોનો પ્રકાશ થશે.

આત્માના ગુણોનો ઉઘાડ એકદમ થતો નથી પણ અનુક્રમે થાય છે. જો સ પૂર્ણ પ્રકાશ થશે ત્યારે જ જ્ઞાતા જ્ઞેયનું સંપૂર્ણ જ્ઞાન થશે માટે આવો અનુપમ અવસર પ્રાપ્ત કરી જો આત્મપ્રકાશના યોગે આત્મ ગુણોમાં વિલાસી બન્યા છો. તેમા ખામીઓ આવે નહિ તે મુજબ જાગશો

સદ્ગુરૂ કહે છે આત્મસ્વરૂપે ખેલ કરી રહેલ તું મને ઘણો પ્યારો છે, તેવો પ્રેમ જુગોજુગ રહેજો; તેપણ સદા-સર્વત્ર અને સર્વથા એટલે સર્વકાલમા, સર્વ સ્થલમાં અને સર્વ પ્રકારે, કદાપિ ભ્રમમા પડવાનો વખત આવશે

પરિચયવાળા માણસોને આગળ વધવાની તકોના દરવાજા ઉઘાડી આપે અને બહેરા-બધીરને કાન સમાન અને આંધળાને આંખ સમાન-અને લૂલા-પાંગળાને પગ સમાન થાય તે સાચા સંબંધી કહેવાય

તેની સાથે સંબંધ સાધવાથી આત્માને તત્ત્વની ઓળખાણ થશે આત્મધન પ્રાપ્ત કરવા ઉદ્યમશીલ બનાશે માટે આવો સંબંધ બાંધવા માટે ચુકવું નહિ હૈયામાં સાન અને ભાન છે ને ? ફક્ત સ્વાર્થી સગપણથી ભેગી થએલી સગપણતા-પંખીના ટોળા જેવી સમજવી પંખીઓ સાંજે ભેગા થાય અને ગુલતાન કરે-સવારે પ્રાતઃકાલ થતા ઉડી જાય પોતપોતાના પંથે જાય તેની માફક તેમા રાચી માચી કેમ રહેવાય અને ઉદ્ધાર તેઓના આધારે થશે એમ કેમ મનાય ? વિયોગ થતાં એકલા ગમન કરવું પડે. ત્યાં કોણ સહારો આપે અને આપશે તેનો વિવેક કરવાનો છે.

ભાન-સાનના યોગે વિવેક જાગે છે અને ગામ-પરગામ અગર પરલોકે જતા સહકાર લેવાની ભાવના જાગે છે ભાવનાના યોગે સત્ય મોક્ષ માર્ગે સંચરાય છે જ્યાં ક્ષમા-નમ્રતા-સરલતા-અને સત્યાદિ સાચા કુટુંબોનો ભેટો થતાં આધિ-વ્યાધિ અને ઉપાધિ ટળતી જાય છે આવા સાથે આવનાર સગપણનો, મિત્રાદિકનો સાચો સ્નેહ-પ્રેમ બાંધો. સત્ય કાર્ય આ છે તે ભૂલતા નહિ. એમ સમજજો

પુનઃ સદ્‌ગુરૂ ફરમાવે છે સંસારના રંગ રાગાદિ મનોહર લાગે છે તે ટકતા નથી. બે ઘડીમા, એક ઘડીમા

પણ સંધ્યાના રંગ રાગની માફક—નષ્ટ થાય છે. તેમ અમો ભાળીયે છીએ તેમ તમો દેખતા હશો. જો બરોબર નિહાળતા હશો તો તે રંગમાં રાચી માચી રહેશો નહિ અને આત્મ ધર્મ તરફ નજર થતા આત્મધર્મની આરાધના કરવામાં પ્રેમ જાગશે. રાગ—સ્નેહ અલ્પ થતા નિર્મલતા થશે. જ્યા સુધી—રાગ—સ્નેહની ચીકાશ છે ત્યા સુધી નિર્મલ થવાશે નહિં.

એક ઘીના વેપારીને વેપાર કરતા ઘણી નુકશાની થઈ અને લોઢાની કોઠી ખાલી પડી તેથી ચિન્તાતુર બન્યો એક દિવસ માર્ગે ગમન કરતા પારસમણિ હાથમા આવ્યો પણ ઓળખ્યો નહિ પથરો માની ઘી જોખવાના કામમા લીધો. વલોપાત કરતો દિવસો ગુજારે છે તેવામા એક ઝવેરી પારસમણિને પરખનાર ઘી લેવા આવ્યો. વલોપાત કરતા ઘીયાને કહે છે. તારી પાસે જ પારસમણિ છે છતા વલો-પાત કેમ કરે છે. આ જોખવાનો પથ્થર નથી પણ લોઢાને સોનુ બનાવે છે તે સાભળી ખાલી લોહની કોઠીમા નાખ્યો પણ તે કોઠી સોનાની થઈ નહિ તે કોઠીમા જાળા બાઝેલા હતા અને ઘણી ચીકાશ હતી

ઝવેરીના કહેવાથી બાઝેલા જાળા અને ચીકાશને કાઢવા ઘણો પ્રયત્ન કર્યો પારસમણિ તેમા નાખ્યો. તે કોઠી સોનાની થઈ અને કષ્ટ નષ્ટ થયું પારસમણિ કરતા અત્યત પ્રભાવશાલી મહિમાવંત આત્મા છે, પણ શરીરરૂપી કોઠીમા વિષય વિલાસોના જાળા, આસક્તિરૂપી ચીકાશ ઘણી

હોવાથી શરીર–મનને શુભ અને શુદ્ધ કરવા સમર્થ છે નહિ. જ્યારે માનસિક અશુભ વિકલ્પ–સંકલ્પરૂપી જાળા દુર કરવામા આવશે અને મોહ મમતા–અહંકારની ચીકાશ ખસેડવામાં આવશે ત્યારે જ મન અને તેની વૃત્તિઓ નિર્મલ થશે. પણ રંગ રાગમા આસક્ત બનવાથી અધિક મલીનતા ધારણ કરશે.

જો મનને નિર્મલ બનાવશો ત્યારે નિર્મલ–આત્માનો અનુભવ આવશે. તમે વિકૃત વિચારો કરી કયા રખડપટ્ટી કરશો અને કરો છો, વિવિધ અથડામણિમા તો આધિ-વ્યાધિ–અને ઉપાધિની અસહ્ય પીડા ભરપુર ભળેલી છે તે તમો જાણતા નથી, છતા તેને ખોટુ હોતે પણ સત્ય-માની અકથ્ય કંકાસ–લડાઈ કરો છો. તે તમોને સત્યશાતિ આપશે નહિ અને નિર્મલ બનાવી શકશે નહિ. ખોટાને ખરૂ માનશો તોય અતે છાનું રહેશે નહિ અને પસ્તા-વાનો પાર રહેશે નહિ

ખલક–કહેતાં સસાર અલખ, અલક્ષ્ય એવા આત્માનો અનુભવ કરાવનાર સદ્‌ગુરૂના શરણને સ્વીકારો. તેમનો હાથ પકડો સત્ય વસ્તુ જે આત્મા છે, તેની ઓળખાણ થતાં સત્ય–શ્રદ્ધા–વિશ્વાસ બેસશે. તેમનું બાનુ ઝલાવનાર જગ-તમા કોણ છે તે વિચારો

જ્ઞાનીઓને સ્વપરનું હિત સાધવામાં કષ્ટ ભાસતું નથી તેથી હોશથી કરે છે. ઉત્સાહથી કરેલ કાર્ય ભલે મોટી મહાન્ હોય–કઠીણ હોય–કપરૂ હોય તો પણ સુગમ–

સરલ લાગે છે. સરલતા અને કઠીનતા–માનસિક ભાવનાના આધારે છે. મેઘનું પાણી પાત્રતા પ્રમાણે પરિણામ પામે છે ને ? દરિયામા પડેલ પાણી ખારૂ બને અને નદીમાં પડેલ તેજ પાણી મધુરી મીઠાશ રૂપ બને. લીમડાના મૂલમા ગએલ કડવાશ ઉભી કરે. સાપાદિના મુખમા પડેલ ઝેર રૂપે થાય છે અને તૃષાતુર બને, તેની તરસ મટાડી શાતિ આપે તેમાં પાત્રતા અને અપાત્રતા માલુમ પડે છે, અને પુરવાર થાય છે. તે મુજબ અનત જ્ઞાનીઓના ઉપદેશ રૂપી વાણીની અસર–પાત્રતા જેઓએ પ્રાપ્ત કરી છે તેનું કલ્યાણ થાય છે. અહંકાર–મમતા ટળે છે. અને માથે કષાયો અલ્પ થતાં સ્વધર્મનો ઉમદા લાભ મેળવે છે

અનંત જ્ઞાનીનો ઉપદેશ એકાંતે હોય નહિ, પણ અનેકાત હોય. તેની આરાધના કરનારને લટપટ–ખટપટ હોય નહિ તે પાત્રતાની નિશાની છે ધર્મને જાણીને જો લટપટ–ખટપટમા પડે તો જાણવું કે પાત્રતા પ્રાપ્ત કરવામા ખામી છે. તેને પોતાની મહત્તા મેળવી પ્રસિદ્ધિ થવાની લાલચ છે. મહત્તા–પ્રસિદ્ધિ તો આત્મ ગુણો દ્વારા મળે. પણ લટપટ–ખટપટથી મળે નહિ–તે કયાથી જાણે ? જાણુવાની અભિલાષા હોય પણ અભિમાનની અને મમતાની પક્કડ ખરોખર હોય છે, તે પક્કડના યોગે મુખે મધુરૂ બોલે. સાંભળનારને પ્રિય લાગે. પણ હૈયામા પક્કડની બેડીથી બંધાયેલ હોય છે.

એવામાં પોતાનું પારકાનું–સમાજનું–દેશનું શું હિત

કરી શકે ? જીનેશ્વરની વાણી રૂપી પાણીને હૈયામા ધારણ કરે તેજ પાત્રતાને પ્રાપ્ત કરે છે. પાત્રના પ્રાપ્ત કરવાના કારણો એજ છે કે અધને આંખો સમાન બને એટલે તેને માયા મમતાના કેદખાનામાથી મુક્ત કરાવી કામ-ક્રોધાદિ કષાયોની જે કતલ થઈ રહેલ છે તેનાથી બચાવી, રક્ષણ કરી શકય જ્ઞાન અર્પણ કરે. અપાવે, તથા જે સત્કથા સાંભળવામા અરૂચિ રાખે છે તે બધિર-બહેરાને સદ્‌ગુરૂનો ઉપદેશ શ્રવણ કરાવે. એટલે કાન સાન આપે, અને આત્મિક ગુણો અને જે પરગુણો જોવામાં આંધલા છે અને મદ-માનમા ઘેરાએલ છે તેઓને જ્ઞાન-વિવેક ચક્ષુઓ આપે અને સન્માર્ગ-આત્મપંથે આરૂઢ કરાવે. જે પાંગળા છે, તેઓને વ્રત નિયમો ગ્રહણ કરવામા કેવા કેવા ફલો રહેલા છે તે સમજાવે. અને પર ઘરમાં ભટકી રહેલ છે તેઓને પોતાના ઘરમા કેવો ઉમદા સતોષ છે, આનદ છે. તેનું ભાન કરાવે. અને વિવાદ-વિષમવાદના ઝગડાને પ્રયાસ કરીને મીટાવે. તેજ પ્રાપ્ત થએલ પાત્રતાના યોગે પવિત્ર બને છે. અને પરનો અને પોતાનો વિકાસ સાધવામા સમર્થ બને છે.

ખાલી ખટપટે લપટાઈ જવાથી કાંઈક અધિક સત્ય ધન ગુમાવવાનો કુઅવસર આવશે. કોણે લાભ મેળવ્યો. તે તો કહો ? જે શક્તિ અને જ્ઞાન હતુ તે ગુમાવ્યુ ને ? પછી મોહ-મુઝવણ વધે. તેમા નવાઈ શી ? માટે ઝટપટ, ખટ-પટ અને લટપટનો ત્યાગ કરતા લાભ થશે. પવિત્ર બનશો.

તારી ભ્રમણા છે. કુંવારાપણામાં જે શક્તિ-ઉત્સાહ હતો તે વધ્યો કે અલ્પ થયો? શક્તિ વધી નહિ પણ ઘટી છે. એમ તું કહીશ તો પછી વિલાસો, સાચા સુખને વધારનાર છે કે દુઃખ, શોક, સંતાપાદિને, તે તો કહે?

શક્તિ હશે તો જ વ્યાવહારિક તથા ધાર્મિક કાર્યો કરી શકાશે, નહિ તો કલહ, કકાસ અલ્પ થશે નહિ. તે તો તને બીલકુલ પસંદ છેજ નહિ તો સત્ય સુખ, શાંતિ મેળવવી હોય અને સંતાપને ટાળવો હોય તો સદ્ગુરૂની સેવા અનન્યભાવે કર અને તેમનો ઉપદેશ હૈયામા ધારણ કરી અમૃત પાન સમાન માન, તેથી કોટી જન્મની જે સુખ મેળવવાની અભિલાષાથી કર્મની કલ્પનાના આધારે થએલ દુખો નાશ પામતા જશે. માટે સદ્ગુરૂ જે ઉપદેશે છે તેને હૈયામા ધારણ કર, માનવતાને મેળવવા પ્રથમ માર્ગાનુસારીના જે ગુણો જોઇએ તે મેળવ

માનવતાના ગુણો મેળવ્યા પછી દક્ષતા-કાર્યકુશળતા આવે છે. તેવા કાર્યકુશળ જનો જે ગઈ બાબતમા ભૂલો થઇ હોય તેનો શોક સંતાપ કરતા નથી પણ સુધારવા પ્રયત્ન કરે છે અને ભવિષ્યની ચિન્તામાં ગરકાવ થતા નથી પણ જે ભૂલોને સુધારી વર્તમાન સંયોગો અને જે જે નિમિત્તો મળ્યા હોય તેમા વિવેકપૂર્વક શોક-સંતાપાદિક થાય નહિ તે મુજબ વર્તન રાખે છે

અને સમ્યગ્જ્ઞાનના યોગે કર્મ-ક્રિયાની પ્રધાનતા

જાણે છે તેથી કર્મ શુભ હોય તો, સારા ગ્રહો, યોગ-વારમા અધિક પ્રેમ રાખતા નથી. તે તો ગ્રહ વિગેરે સૂચન કરે છે.

શુભ-અશુભ કર્મોને અમો વશ છીએ. પુણ્યોદય હશે તો અમે તમોને લાભ આપવા સમર્થ છીએ લાભ આપી શકીશું નહિતર અમો સમર્થ નથી જ. માટે વર્તન જે કરો તે વિચારપૂર્વક કરજો નહિતર વિના વિવેકે નુકશાન થશે- રવિ-આદિત્ય વારે સર્વ ક્રિયાઓ-ખાન-પાન-વિચાર-વિવેક-ક્ષમા-નમ્રતા-સરલતા સતોષાદિ સદ્-ગુણો હોય નહિ તો જડ જેવા મનુષ્યો બને. જ્યારે આયુષ્ય ખતમ થતા આત્મા પરલોકે સંચરે છે ત્યારે શરીર મરણ પામે અને જડ-અચેતન બને છે માટે આદિત્યવારે આત્માની અને તેના ગુણોની ઉપાસના કરો. અંતે અચેતન થવાના સ્વરૂપ-સ્વભાવવાળા શરીરની ઉપાસના કરવામા તેને શોભાસ્પદ બનાવવા કયાં અમુલ્ય વખતને ગુમાવો છો, તેથી ચિન્તા વિનાનું જીવન બનશે નહિ તેથી વ્યાધિ-ઉપાધિની આંધી ઓચિન્તી વળગવાની જ. જો આત્માની રીતસર શ્રદ્ધા-જ્ઞાન પૂર્વક આરાધના-ઉપાસના થશે તો જ તે આંધી નષ્ટ થવાની જ. ગમે તેવા ઈલાજો કરશો તો ય આત્માની ઉપાસના વિના કારગત થશે નહિ. સત્તા-સાહ્યબી વિગેરે આત્માની ઉપાસનામાં સફલ થાય છે.

માટે આદિત્યવારે બરોબર આરાધેલ આત્મા અને તેના સમ્યગદર્શન-જ્ઞાનાદિ ગુણો સોમવારે સમત્વ-સમતા -[illegible]-ઉદારતાદિ સદ્ગુણોનો પ્રકાશ ક[illegible] તે [illegible]
[illegible] બળવાન-તેજસ્વી બને તે [illegible]

છે. તે પ્રાપ્ત કરવા શૂરા થઈને કર્મોની સાથે યુક્તિ પૂર્વક યુદ્ધ કરો. વારે મુંઝવણમા નાખી ભવોભવ વિટંબના ઉભી કરનાર મોહનીય કર્મના સ્થિતિ–બંધાદિકને હઠાવો. પછી જ્ઞાનાવરણી કર્મોનું જોર હઠી જશે. માટે અસત્ય અસ્થિર ધન–તન વિગેરેમાં જે મન ચોટેલું છે આસક્ત બનેલ છે તેજ માનસિક વૃત્તિઓ જીનેશ્વરના ગુણોમા અને આત્માના ગુણોમા પ્રેમ ધારણ કરે છે.

ધન–તન અને પરિગ્રહની મમતાનો ત્યાગ કર્યા સિવાય મોહનીય કર્મો ખસશે નહિ અને ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક ભાવો આવશે નહિ. ઉદયમાં.આવેલ ભાવોથી કર્મનો બંધ–સ્થિતિ ઘટશે નહિ. જો ઘટાવવી હોય તો ઔદયિક ભાવે જે સંયોગો મળ્યા છે તે આત્મિક ભાવો નથી તે તો વિયોગવાળા સમજો. કહેવત છે કે "પારકા પોતાના થતા નથી" આપણા પોતાના તો ક્ષમા–મૃદુતા–સરલતા અને આત્મિક ગુણોમાં સંતોષાદિ ભાવો છે

માટે કાયરતાનો ત્યાગ કરવાપૂર્વક એવી ભક્તિભાવના રાખો કે, ગમે તેવા વિઘ્નો આવે, ઉપદ્રવો આવે તો લડાઈમા શૂરાની માફક પાછા પડો નહિ. રાધાવેધ કરવો સરલ–સુગમ સહેલ છે તે તો અભ્યાસ કરવાથી બની શકે એમ છે, પણ મોહનીયાદિ કર્મો સામે લડાઈ કરવી સહેલ નથી. એ તો જ્યારે ક્ષણે ક્ષણે મન–વચન–કાયાના યોગોને કબજે કરી આત્માના ગુણોનું ચિન્તવન કરવામા નિદિધ્યાસન હોય તો જ કર્મોના બંધનો તૂટવા માટે છે

માટે કરી કેશરીયા–કર્મોની બેડી તોડવા તૈયાર થાઓ. એવી ભક્તિ કરો કે–મોહ–મમતા–અહંકારને આવવાનો અવકાશ ન મળે.

તમોએ તન–ધનાદિકની આસક્તિ રાખી શું મેળવ્યું? ચિન્તાઓ અલ્પ કરી છે ભોગ વિલાસોને ભોગવી રોગોને નષ્ટ કર્યા છે. મહા રાક્ષસી જેવી જરાને હઠાવી છે, મૃત્યુ બીજી વાર થાય નહિ, અને જન્મની વેદના મૂલમાંથી નાશ કરેલ છે? આમાંનું કશું કર્યું નથી પણ ચિન્તાઓમા અને રોગોમા અધિક પીડા થાય એવા સંયોગો અને નિમિતો પ્રાપ્ત કરેલ છે, તો પછી હવે આત્માની સંભાળ ક્યારે રાખશો, ચોવીસ દંડકમા ભ્રમણ કરી કરીને તે કષ્ટ વેઠ્યું છે, તેનો ખ્યાલ નહોય તો સત્ય આગમ–શાસ્ત્રોને સાંભળો તમોને ખ્યાલ આવશે કે હવે ચોવીશ દંડકમા પુનઃ પુનઃ દંડાય એવુ કર્તવ્ય કરવુ નહિ. અને સદ્ગુરૂના ફરમાવ્યા મુજબ વિચાર–વાણી અને આચરણ શકય રાખવા તેથી હિત–કલ્યાણ સધાશે. આવો વિચાર–વિગેરે રાખશો જરૂર રાખશો સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી કહે છે કે જ્ઞાનના સાગર–બુદ્ધિસાગર–જીનેશ્વરનો આજ્ઞા રૂપી હાથ પકડશો ત્યારે સાચી ભક્તિનો સત્ય લાભ થશે અને બંધનો ખસશે.

સાચી ભક્તિ છે તો મુશ્કેલ, પણ નિન્દાના ત્યાગથી સરલ–સ્હેજ બનશે. એટલે નિન્દાના ત્યાગનો ઉપદેશ આપતાં સદ્ગુરૂ પદ ૮૪ ની રચના કરે છે.

ખાઈ–અણગમો હોય ક્યાંથી ? ન હોય દોષને જોવાની ટેવ હોય તો તેને દૂર કરવી. પોતાનામાં જે દુર્ગુણો છે. તેઓને દેખી દુર કરો. દોષો દેખવાથી દૂર કરવાની ભાવના–ઈચ્છા થશે અરે વિવેક પણ આવશે. જે દેખતા નથી તે દુર કરવા શક્તિમાન્ બનતા નથી. તે તો જડ જેવા કહેવાય. તમે તો ચેતન છો અને જે ચેતન હોય તેને ગુણ પસંદ પડે છે દુર્ગુણ પસંદ પડતા નથી. ધાર્મિક ક્રિયાઓને તો નિન્દા, દુઃખ–પીડા રૂપે ભાસે છે.

જેમ પેટમાં પીડા થઈ હોય તે મુજબ, પેટમા ઉત્પન્ન થયેલ ગાઠથી જેમ ચેન પડતું નથી, તે પ્રમાણે નિન્દાને માને છે અને દુર કરવા વિલંબ કરતા નથી. તે પ્રમાણે સદ્‌ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી કહે છે કે ગાઠની પીડા રૂપી નિન્દા થએલ હોય તો તેનો ત્યાગ કરવા વિલંબ કરતા નહિ સુખી થશો અને કરેલ ક્રિયાઓ આત્મગુણો અર્પણ કરશે

યુવાનીનો લાભ લેવા પૂર્વક સાર્થકતા કરવા માટે સદ્‌ગુરૂ આચાર્ય મહારાજ પદ–૮૫ ની રચના કરી ઉપદેશ આપે છે કે યુવાનીની સફલતા કરો.

પદ ૮૫

(રાગ · જાય છે જાય છે જાય છે રે આ જુવાની ચાલી જાય છે.)

પાણીનો રેલો જલધિ ભરતી, આયુષ્ય ઘટતું થાય રે.
આ જુવાની૦ ૧

આકાશે ચાલે વાદળીયો, જેવો વિજળી ચમકાર છે રે.
. આ જુવાની૦ ૨

મનમાં જાણે થાઉ છુ મોટો, ક્ષણેક્ષણે ઘટી જાય રે.
. આ જુવાની૦ ૩

માયા રામા તન ધન દેખી, મૂરખ મન ભરમાય છે રે.
... આ જુવાની૦ ૪

ફુલી ફરે ફુલણજી પેઠે, રોફમાંહિ રગડાય છે રે.
.. આ જુવાની૦ ૫

મનમાં જાણે મારા સરખો, જગમાં નહીં જણાય છે રે.
.. આ જુવાની૦ ૬

ખટપટ લટપટ ઝટપટ કરતો, જમના પાસ પકડાય રે.
આ જુવાની૦ ૭

શું લઈ આવ્યો શું લેઈ જઈશ, ફોગટ શુ ફુલાય છે રે.
... આ જુવાની૦ ૮

સદ્‌ગુરૂ દેવ ને ધર્મ ભજી લે, બુદ્ધિસાગર સુખ થાય છે રે.
. આ જુવાની૦ ૯

યોગનિષ્ટ આચાર્ય ભગવાન્ યુવાનોને યુવાનીની સફલતા કરવા ઉપદેશ આપે છે કે અરે જુવાનો તમને યુવાની પ્રાપ્ત થઈ છે તે પુણ્યોદયે, ભાગ્યોદયે. અકસ્માત

મળી નથી. કેટલાક, જન્મ પામ્યા પછી તરત મરણ પામે કેટલાક-દશ દિવસે, કેટલાક મહિનો થતા, કેટલાક એક વર્ષમાં નાશ પામે છે. તમોને જુવાની મળી-વીસ-પચીસ વર્ષ થયા. ભરયુવાની આવી છે તેનો સદુપયોગ કરજો સદાચારનુ પાલન કરી શોભાસ્પદ બનશો- સદાચારનું પાલન પોષણ વૃદ્ધાવસ્થામાં સુખશાતા આપશે, પ્રભુ ભક્તિ પૂર્વક આત્માની મલીનતા-મનની ખરાબી અને શરીરના વિકાર નાશ કરશે. વિનય-વિવેક વિગેરે સદ્ગુણો આવશે અને દુઃખના માર્ગો દૂર કરાવશે માટે મળેલી જુવાની જેમ તેમ વેડફી નાખશો નહિ

કારણ કે જુવાનીનો ભરૂસો, વિશ્વાસ નથી કે ક્યાં સુધી ટકશે. ઉપદ્રવ-ઉપક્રમ લાગતા ચાલી જાય છે ખસી જાય છે ઘણી ચિન્તા કરવાથી-ઘણો રાગ-દ્વેષ-મોહાદિક આવવામાં વિલંબ થતો નથી આયુષ્ય ઘટી જાય છે કેની માફક પાણીનો રેલો આગળ વધતા ઘટી જાય છે તેની માફક તથા દરિયાની ભરતી કાયમ રહેતી નથી વખત પૂર્ણ થતા પણ ઘટતી જાય છે. તેની માફક, પાણીના રેલાની માફક સમુદ્રની, સાગરની ભરતીની માફક આયુષ્ય ઘટતુ જાય છે

અરે માતાના ગર્ભે આવ્યા પછી આયુષ્ય ઘટવાનો આરંભ થાય છે તેનો ખ્યાલ રાખવા જેવો છે ઘટતા આયુષ્યને સાધવા કે વધારવા કોઈ પણ સમર્થ છે જ નહિ અનંત શક્તિના સ્વામીઓ, તીર્થંકરો પણ આયુષ્યને સાધવા કે વધારવા સમર્થ થયા નથી તો અરે' જુવાનીયા ! ઘટતા આયુષ્યને સાંધવા કે વધારવા

તું સમર્થ ક્યાંથી, અને કેવી રીતે શક્તિમાન્ બનીશ ? શક્તિમાન્ બનીશ નહિ જ માટે ચેતી જશે આકાશે વાયરાના યોગે વાદળોને ખસતા વિલબ થતો નથી તથા વીજળીના ચમકારાની માફક જુવાની ખતમ થતા વાર વાગશે નહિ. માટે જુવાનીના જોરમા મનમા માને છે કે હુ મોટો થાઉ છુ પણ આયુષ્ય ઘટતુ હોવાથી જાણશે કે છોટો થાઉ છું. રમારામાદિકની માયામા મસ્તાન બની ક્યાં મલકાય છે ? અને ફૂલણજીની માફક ફુલાઈ જે જે આત્મિક હિત–શ્રેય સાધવાનું છે તે કેમ ભૂલે છે ?

રમા–રામાદિકની માયામાં મગ્ન બનવાથી આત્માની શક્તિનો ઘટાડો થાય છે તેની તપાસ કરવી મૂલમા શક્તિનો ઘટાડો થતા વૃક્ષ કેવી રીતે ક્યા સુધી ટકી શકે ? તેની તને ખબર છે જ. તે મુજબ આત્મિક શક્તિનો ઘટાડો થતા ક્યા સુધી વિષય વિલાસો ટકી શકશે. માયા મમતાનો ત્યાગ કરી યુવાનીમા વિવેક ધારણ કરવા પૂર્વક સદાચાર–પચાચારની શક્ય આરાધના કરીશ ત્યારે ઘટતા–આયુષ્યમા પણ શુભ સંસ્કારોની વાસનાના યોગે આત્મહિત–કલ્યાણ સાધી શકાશે અને ભવાન્તરે તે શુભ સંસ્કારો હાજર થશે આ વિલાસો કરવાની સાચી કુચી છે માટે ફુલાવાનું મુકી દઈ નમ્રતા ધારણ કર, અને અભિમાન, અહંકાર જે મ્હોટા શત્રુઓ છે તેઓએ તને ઉન્માર્ગે ચઢાવ્યો છે.

આત્માએ કરેલા અપરાધોને આત્માના ગુણો સિવાય કોણ બમેટી શકશે ? અન્ય સાધનો મદદ કરે અગર કરશે પણ તે સાધનોને પરખવાનું સમ્યગ્જ્ઞાન હશે નહિ તો તે સાધનો

પણ સહારો આપશે નહિ માટે સમ્યગ્જ્ઞાન દર્શન-ચારિત્રાદિને, આત્માના ગુણોને પ્રાપ્ત કર. તેથી પ્રાપ્ત-થએલ યુવાની સફલ બનશે. નહિતર જુવાનીના જોરમા-રોફમાં ક્યાં ક્યા ભટકાય છે રગડાય છે, તેથી મોહાદિકનું બલ વધતા ઘણો દબાઈશ ને શક્તિની ઘણી હાનિ થશે. પશુ પખીનો પણ અવતાર આવશે, ત્યા પીડાનો પાર રહેશે નહિ. માટે ખટપટે લપટાય છે અને લટપટમા રાજી રાજી થાય છે તેને ઝટપટ દૂર કર. તેણે મદ-મદને આત્મહિતમા ઘણા વિઘ્નો નાખ્યા છે તે સમજવું જોઈએ

યુવાનીમા વિવિધ તાકાત-શક્તિનો ઉઘાડ થાય છે. તેની સફલતા કરવા-ક્ષણે ક્ષણે વિચાર, વિવેક કરીને આત્મિક ગુણો મેળવવા પ્રયત્ન કરવાની જરૂર છે. અરિહંતાદિક જે પચ પરમેષ્ઠિઓ છે. તેમા શ્રદ્ધા દૃઢ રાખવી તે પ્રથમ સદ્‌ગુણોનુ સોપાન છે. પાયો છે. તેમના ગુણોનુ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા પૂર્વક શક્ય વર્તન-રાખવુ કોઈ એવા નિમિત્તો મળતા દ્વેષ-અદેખાઈ ધારણ કરવી નહિ. કર્મને પરવશ જાણી કરૂણા ચિન્તવી પોતાના દોષો ઉપર દ્વેષ ધારણ કરવો અપરાધીના ઉપર-અપરાધ કરી વૈરનો બદલો વૈર રાખી લેવો નહિ પણ પ્રેમ ધારણ કરવો ગુણીજનો ઉપર પ્રમોદ રાખી તેવા ગુણોને ગ્રહણ કરવા. નિરાધાર પ્રાણીઓ પ્રત્યે અનુકપા-કરૂણા ધારણ કરવી તથા નિન્દા કરનારની નિન્દા કરવી નહિ અને નિષ્કામ ભાવે વ્યાવહારિક કાર્યો કરવા. તમારા ગુણની કોઈ પ્રશસા કરે તો

ગર્વ મગરૂળી ધારણ કરવી નહિ. પણ નમ્રતા રાખી અધિક ગુણ પ્રાપ્ત કરવા અધિક સમ્યગ્જ્ઞાન પૂર્વક શક્ય વર્તન રાખવુ.

પુણ્યોદયે પ્રાપ્ત થએલ શારીરિક બલ તથા ધન-દારા-પુત્ર વિગેરે પરિવારમાં આસક્ત બનવું નહિ. કારણ કે-તેઓના સંયોગો કાયમ રહેતા નથી વિયોગ પણ થાય છે તેવા વખતે જો જ્ઞાન હશે તો-શોક-સંતાપ-વલોપાત થશે નહિ.

એક સજ્જન સમજણો હતો ભાગ્યોદયે સારા સંયોગો મળ્યા હતા. શરીરની શક્તિ-ધન પૂરતા પ્રમાણમા હતુ. પુત્ર-પત્ની પરિવાર પણ અનુકુલ હતો સાથે સાથે સદ્ગુરૂના ઉપદેશથી જડ ચેતનનો વિવેક-વહેચણ કરી યુવાનીની સાર્થકતા કરતો હતો તેનો પુત્ર બોલબેટ રમવા ગયો છે રમતા રમતા બીજા રમનારને બોલ જોરથી વાગ્યો સામાએ પણ એવા જોરથી બોલ માર્યો. મર્મસ્થલે વાગવાથી તમ્મર આવવા પૂર્વક તે જગ્યાએ ઢળી પડ્યો. પ્રાણ પંખેરૂ ઉડી ગયું. મરણ પામ્યો તેથી તેના મિત્રો મારનારને પકડવા લાગ્યા. મારનાર પોતાના પ્રાણોનો બચાવ કરવા નાઠો અને મરણ પામેલ પુત્ર છે તેના જ ઘરના પેસી મને બચાવો, બચાવો કરવા લાગ્યો તેનો શબ્દ સાભળી મરણ પામેલ પુત્રનો પિતા હાજર થયો અને કહેવા લાગ્યો. શાંત-શાંત થા. તને કોઈ મારી શકશે નહિ. મરણ પામેલાના મિત્રો કહેવા લાગ્યા. તમારા પુત્રને મારી નાંખનાર તમારા ઘરમાં પેસી ગએલ છે તેને અમારે શિક્ષા કરવી છે. માટે બહાર કાઢો.

તો એક સ્પર્શેન્દ્રિયની આસક્તિ છે. મુગ્ધ માનવીઓને પાચેયની, માનવ થયા પણ પશુથી-પંખીયોથી નીચ બનાય છે તેનુ ભાન રહેતું નથી દરિયામાં લહેર કરતાં મચ્છોને જીભ સ્વાદમાં ઘણો પ્રેમ હોવાથી માછીમારોની કારમી-કતલકારક જાળમા ફસાઈ મરણ પામે છે તેમ સ્વાદમા અધિક પ્રેમવાળા, શત્રુઓએ તેઓને મારી નાખવા મનોહર સ્વાદવાળી રસવતીમા ઝેર નાખી જમાડે છે. આનંદથી જમે છે તેઓ તત્કાલ અગર વિલંબે પણ મરણ પામે છે. તે દેખો ! સ્વાદની કારમી કતલ ? તથા રૂપ જોવા મુગ્ધ બનેલ ગુણને દેખતા નથી. પતંગીયા-દીપકના તેજ-રૂપમાં આસક્ત બનવાથી પ્રાણો વૃથા ગુમાવે છે તે મુજબ રાજા-મહારાજાઓ શંકર-કિંકર-શઠ મનુષ્યો ઘણા ચાલાક અને હુશીયાર હોય છે છતા રૂપવતી સ્ત્રીઓના બાહ્યરૂપમા મારામારી-લડાઈ કરી પ્રાણો વૃથા ગુમાવી સ્વજીવન નષ્ટ કરે છે.

કેટલાક સંગીતના શોખીનો-મદારીની મોરલીમા મુગ્ધ બનેલા ભયંકર વિષધર સર્પો કરંડીયામા પૂરાય છે. અને પોતાની તાકાત ગુમાવી મદારીના દાસ બની અંતે મરણ પામે છે માટે યુવાનોએ વિષયોમા આસક્ત બનવુ નહિ.

સદ્ગુરૂ-આચાર્ય મહારાજ આશા-તૃષ્ણા, આ જગતમા કોઈની પુરાતી નથી છતાં અધૂરી આશા-તૃષ્ણાને પૂર્ણ કરવા મનુષ્યો અથાગ મોટી મહેનત કરે છે. તેણીને નિવારવા પદ-૮૯ મી રચના કરવા પૂર્વક ઉપદેશ આપે છે.

પદ ૮૬

(રાગ : ચેતાવું ચેતી લેજે રે એક દીન જરૂર જાવું)

અરે જગતમાં મોટી રે, જ્યાં ત્યાં તૃષ્ણા નદીઓ વહેતી;
જ્ઞાન ધ્યાનની તોડી તેડો, જાય તડાકા દેતી;
...અરે આ૦ ૧

તૃષ્ણા નદીમાં આશા પાણી; મોહમેઘ ત્યાં વરસ્યો;
ચેતન ચાતક ટળવળતો ત્યાં, રહીયો તેતો તરસ્યો.
. અરે આ૦ ૨

દેહ દેશનાં ઘટઘટ માંહિ, દેખંતા દેખાતી;
પડિયા પ્રાણી ગોથા ખાતાં, વહેતી બહુ મદમાતી.
અરે આ૦ ૩

ભળતી તેતો નરક નિગોદે, જ્યાં નહિ દુઃખનો આરો;
ચેતનહારા જલદી ચેતો, ઝાલો જ્ઞાની તારો.
. .અરે આ૦ ૪

રંક બાલને પંડિત જોશી, બુઢ્ઢા ભોળા પડિયા;
રોગ શોકનાં ગોથાં ખાતા, જન્મ મરણથી નડિયા.
. અરે આ૦ ૫

ક્રોધ મગરને નિન્દા ખાડો, અદખાઈની ભમરી;
પડીયો પ્રાણી પાપે તેમાં, નીકળ ગઇ ત્યાં દમરી.
...અરે આ૦ ૬

સદ્ગુરૂ તારા હાથ ઝાલીને, બુડંતાને તારે;
બુદ્ધિસાગર સદ્ગુરૂ સંગે, ઉતરો પેલી પારે.
...અરે આ૦ ૭

સદ્ગુરૂ આચાર્ય મહારાજ ઉપદેશ આપતા કહે છે કે, અરે ભાગ્યશાલીઓ ? સુખ આશામા, આશામા સઘળું જીવન ગુજાર્યું છતા આશા અધુરી રહી અને તેની તૃષ્ણા-રૂપી નદીનો પ્રવાહ વધતો રહ્યો. નદીના પ્રવાહનુ પુર એક બે દિવસમાં ઘટી જાય છે. પણ આશા તૃષ્ણાના પ્રવાહનું પુર કદાપિ અલ્પ થતુ જ નથી પણ વધતું રહેલ હોવાથી રાગ–દ્વેષ–મોહ–અદેખાઈથી ભરપુર સંસાર સાગરમાં તડાકા દેતી જાય છે.

આવી તડાકા દેતી છતા એણીનું તોફાન જેવુ તેવું નથી તેણીએ તો જ્ઞાન–ધ્યાનમાં અનન્ય કારણ સમ્યગ્-દર્શનના આધારે પ્રાપ્ત થએલ પ્રશમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા રૂપી તેહાને તોડી સાથે શ્રદ્ધામા ઘટાડો કર્યો. આવી મહા ભયંકર છે. દેવદુર્લભ માનવગણને હેરાન–પરેશાન મહામલીન કાદવ–કલેશમાં ફસાવી અત્યંત દુ:ખના ભાવ ભાજનમા શેકયા–છતા આશા તૃષ્ણાને ઓછી કરવાની વૃત્તિ જાગતી નથી ને અચબો છે. અનેક પ્રકારની પીડા કોઈને પ્રસન્ન કરતી નથી ત્રિવિધ તાપ ઉપજાવે છે. મનમા પણ શાન્તિ રહેતી નથી.

તૃષ્ણા નદીમા આશારૂપી પાણી ભરેલ છે અને જ્યાં

સુધી પાણી ઘટે નહિ ત્યાં સુધી તૃષ્ણા ઓછી થવી તે અશક્ય છે. આશારૂપી પાણીના પ્રવાહમાં, તૃષ્ણામાં તણાએલ દેવ–દાનવ માનવો ત્રણ જગતમા બહાર નીકળવા અથાગ પરિશ્રમ કરે તોય બહાર નીકળે ક્યાથી, જ્યારે આશાનો પ્રવાહ ઓછો થાય ત્યારે તૃષ્ણા અલ્પ થતા બહાર નીકળવાનો વખત મળે. પુન. મોહ મેઘનો વરસાદ થતા આશાનો પ્રવાહ વધે છે તે પાછો તૃષ્ણા નદી મદભરી થતા તણાઈને અથડામણમા અટવાય, ચેતન ચાતક તરસ્યો ને તરસ્યો રહે. સદ્‌ગુરૂ ઉપદેશે કે, આશાના પ્રવાહથી વધેલી તૃષ્ણા, દેહ–ગેહાદિકમા રહેલી છે અને મદભર મહાલી રહે છે ત્યા સુધી દરેક પ્રાણીઓની તરસ શાત ક્યાથી થાય ?

કેટલાકને ધનની આશા તૃષ્ણા હોય છે ધન સાત પેઢી સુધી ચાલે એમ હોય છે છતા સતોષ થતો નથી. અકથ્ય આરભો કરતા પૂર્વક તૃષ્ણામા તણાઈને મહાયાતના ભોગવે છે તથા વિષયવાસનાને તૃપ્ત કરવા એક નારી હોય છે, છતા પરનારીનો સગ કરી તેણીમા લપટાઈને રોગોનો ભોગ થતા પણ વિષયવાસનાને ઘટાડતા નથી. તેની તૃષ્ણા વધતી વધતી રહે છે. આયુષ્ય અલ્પ કરી મરણ પથારીમાં પડે છે કેટલાક પુત્ર–પુત્રી વિનાના હોય છે ત્યારે એક સ્રી હોતે બીજી પરણે છે. તેણીથી સતાન થાય નહિ ત્યારે ત્રીજી પરણે છે.

આ મુજબ પુત્ર–પુત્રીની આશા તૃષ્ણામા તણાતા

અમુલ્ય જીવનને વેડફી નાખે છે. પણ આત્માની મલીનતાને સાફ-શુદ્ધિ કરવાનુ ભાન રહેતું નથી. સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાની વૃત્તિ જાગતી નથી. તૃષ્ણા નદી સંસાર સાગરમાં ભળતા નરક નિગોદમા લઈ જશે અને અનંત દુઃખમા ફસાવશે તેનો ખ્યાલ રહેતો નથી તો પછી સારા સાધનો, નિમિત્તો વૃથા જાય તેમા આશ્ચર્ય શુ ? માટે મગજ- અને સુખની ધગશ હોય તો આશા-તૃષ્ણાને ઓછી કરી સંતોષને ધારણ કરો.

આશા-તૃષ્ણામા લપટાઈ રહેલા જો સદ્ગુરૂનો ઉપદેશ શ્રવણ કરવા પૂર્વક હૈયામા ધારી સુખશાતિ માટે શ્રદ્ધા સહિત સંતોષાદિકને ધારણ કરે તો પ્રાપ્ત થએલ સારા સંયોગો તથા નિમિત્તો તેઓને સંતુષ્ટ બનાવી પ્રસન્ન કરે આ સત્ય સુખશાતિનો સરસ માર્ગ છે. ઈલાજ છે માટે સુખી થવુ હોય અને દુઃખ દરિદ્રતા દુર કરવી હોય તો સમ્યગ્જ્ઞાની સદ્ગુરૂનો હાથ પકડો. અરે જ્ઞાન ચેતનવાળા તે સદ્ગુરૂજ દુઃખ દરિયામાથી પાર ઉતારશે, અને સત્યનો માર્ગ બતાવશે. દરિયામા દીવા દાંડી હોય છે તે પ્રકાશ આપી કિનારે પહોચાડે છે તેમ સુખના માર્ગ બતાવશે. કયા સંસાર સાગરનાં સુખની આશાએ ભટકો છો. પરિભ્રમણ કરો છો

તમોને ખ્યાલ ન હોય તો આપવામા આવે છે કે આશા-તૃષ્ણાના આધારે સંસાર સાગરના ભલભલા, જેવા કે પંડિત-પોતાને પ્રવીણ માનતા, શુરા-સાહીબાન, રાજા-

આ જગતમાં જ્યારે માનવીઓ ભોગોપભોગના વિલાસોમા મસ્તાન બને છે ત્યારે બુદ્ધિ-શક્તિ તથા ભક્તિ-યુક્તિથી ભ્રષ્ટ બની વિચાર-વિવેકરહિત પશુ જેવા બને છે તેને સદ્‌ગુરૂ કહે છે કે અરે જીવડલા! માણુસ જેવા માણુસ બની મળેલ સુદર સાધનોને વિષય વિકારે મા કયા વેડફી નાખે છે? અવસર મનોહર મળેલ હોવાથી તેનો લાભ લેવા માટે જે આધારે મનુષ્યભવ પ્રાપ્ત થએલ તે આધારને ઓળખ સદાચારના આધારે પુણ્ય બધાઈને તેનો ઉદય થએલ છે તેથી માનવભવાદિ સાધન સામગ્રી મળી છે, તેને સફલ કરવા પ્રભુને ભજી લે. તેમના ગુણો ગાઈ હૈયામા ધારણ કર.

આ મનુષ્યભવનો અવસર પુન પુન મળશે નહિ કારણ નિગોદ-નરકના પણ અત્યત કષ્ટ-યાતના વેઠી અનંત ભવમા પરિભ્રમણ કરી પુણ્યોદયે મનુષ્ય ભવ પામેલ છે પુણ્યોદયે પ્રાપ્ત થએલ સાધનો પુણ્ય બધાય તેવા ક્ષેત્રોમા વાવવા જોઈએ જ પાપસ્થાનકોમા કેમ વપરાય-તેથી તો પુન દુર્ગતિના ભાજન બનાય છે. દુર્ગતિમા સુખ સાધનો મળશે નહિ સુખ શાતિ મળે ક્યાથી? મળે નહિ જ. માટે અવસરને વેડફી નાખ નહિ.

ધનને બદલે ધર્મમા પ્રેમ રાખો ધર્મના પ્રભાવે ધન મળી રહે છે. મમતાનો ત્યાગ કરવા પૂર્વક સમત્વને આદરો વિલાસને બદલે વિરાગ ધારણ કરો સપત્તિના બદલે સપ

સંગઠ્ઠન રાખો. આ પ્રભુ ભજવાના ઇલાજો છે. પ્રભુ ભજવામા તેમની આજ્ઞા મુજબ શકચ વર્તન કરવામા દામ કહેતા રૂપિયાનો ખરચ કરવો પડતો નથી અને કોટી જન્મના પાપો નાશ પામે છે અને શુભ વૃત્તિ-પ્રવૃત્તિ થતા સઘળી સપત્તિ અનુકુલતા વાળી બને છે. તથા દુખ દાવાનલ ત્રિવિધ તાપ-સંતાપ શાંત થાય છે પણ ધન-વિલાસ વિગેરેના યોગે તો વિષય કષાય ને કષાયાના વિકારો વધતા જશે અને અજ્ઞાનતાને આવવાનો અવકાશ મળશે તેઓનો ત્યાગ કરવા પૂર્વક સુખશાતિ પ્યારી હોય તો જીનેશ્વર પ્રભુને ભજીલો

ભવોની પરંપરા વધારનાર જો કોઈ હોય તો અહંકાર-મમતાના યોગે ઉત્પન્ન થએલ ક્રોધ-માન-માયા-લોભાદિક છે તેઓમા તમારૂ મન અને આત્મ-ચંચલતાનો ત્યાગ કરી કેટલુ ઉપશમ ભાવને પામેલ છે તે કહો ? મોહ માયા-મમતામા આસક્તિ રાખી કેટલા નિર્વિકારી સુખનો અનુભવ કર્યો. તમે કહેશો કે, ધનાદિક મેળવવા ખાન-પાનાદિકનું જે કષ્ટ ટળ્યુ ? પણ ત્યુ કયા સુધી ? પુનઃ તૃષ્ણા વધીને કષ્ટ હાજર થયુ. પ્રાપ્ત થએલ સંયોગોનો વિયોગ સર્જાએલ છે તે તમારી નજરે દેખો છો. પ્રભુ ભક્તિમા ભાગ્ય બગડે છે. પુણ્યોદય ખવાતુ જાય છે એમ નહિ, દુનિયાદારીના વ્યવહારમા ભાગ્ય વધે. અને પુણ્યોદય ખવાતો જાય નહિ, તે મુજબ સદ્ગુરૂ ઉપદેશ આપે છે તે પ્રમાણે ભજીને સારામા સારો લ્હાવો લે. ક્ષણિક સુખ-

પદ ૮૮

(રાગ : ચેતાવુ ચેતી લે રે)

ચેતાવું ચેતન મારા રે, આતો જુઠી માયા બાજી
સુપનાની સુખલડી ખાંતા, ભૂખ જરા નવી ભાંજી
...ચેતાવું૦

સાગર કેરૂ પાણી નિર્મલ, પીતાં લાગે ખારૂં
તૃષ્ણા ન ભાગે તૃષ્ણા જલથી, વચન માની લે મારૂં
...ચેતાવું૦ ૨

ફાંફા મારે ફોગટ ફુલી, ભ્રમણા માંહિ ભૂલી;
કાચી કાયા માટી વાસણ, અન્તે ધુલની ધુલી
...ચેતાવું૦ ૩

ઝાંઝવાના જલને દેખી, મૃગલા પીવા દોડે;
સિંહ ગુફામાં મેઘ ગર્જને, ફોગટ માથુ ફોડે
...ચેતાવું૦ ૪

રંકો ચાલ્યા રાજા ચાલ્યા, ચાલનહારા ચાલે;
મૃત્યુ બાજનો ભય છે માથે, ફોગટ શું તું મહાલે
...ચેતાવું૦ ૫

અરે કાયામાં આતમ હીરો, જ્ઞાનાનન્દનો દરિયો;
બુદ્ધિસાગર પામંતા તે, ભવસાગર ઝટ તરીયો
...ચેતાવું૦ ૬

સદ્ગુરૂ સુરીશ્વરજી માયા-મમતામાં મુગ્ધ બનો. સંસારના કુટુંબ સાધનોનો સંગ્રહ કરવા કરમો કડવાસ કેમ કરે છે. અને કલેશ કજીયાનું રૂપ ધારણ કરે છે. તથા સંગ્રહ કરવામાં કોઈ વિઘ્નો નાંખે ત્યારે તેને સમજાવ્યા વિના જોરાવર બની મારામારી કરે છે. તેથી તનેજ નુકશાન થાય છે. વિરોધ વેર વધે છે અને જે ઇષ્ટ છે તે મળતું નથી.

માટે વિઘ્નો નાખનારને સમજાવવા પડે છે. ખોટા પોતી અગર મારામારી કરવી નહિ. જેઓનો સંગ્રહ કરવા પ્રયાસ કરે છે તે પદાર્થો મળશે. પણ ભાગ્યોદય હશે તો ટકી રહેશે, નહિતર વસ્રોપાત કરાવી ભાગી જશે. બે પ્રકારે નુકશાન થશે એક તો વિરોધ કરવાથી વેર બંધાશે અને આત્મિક શક્તિ ઘટશે. માટે સદ્ગુરૂ કહે છે કે તને બોલાવું છું કે, ચેતી જોજે-અને બુદ્ધિ તો છે તો માયા મમતામાં કયા મુગ્ધ બને છે.

સંસાર સુખના રસિલાઓ ! પુણ્યોદયે જે જે સુખ ખાતર સાધન સામગ્રી મેળવી છે તે કયાં ગયી પ્રાપ્ત થવી છે, તેનો વિચાર કર, તેના અર્થીઓ બને પાછી ત્યાં સંબંધી જ્યારે લાગ ફાવે ત્યારે ચોરી કરી ઉપાડી જાય છે, અગર વ્યસનમા વૃથા ગુમાય છે. અગર કોર્ટમાં ખેંચાય છે, અને છેવટે હૃદય બંધ થતા પરલોકમા જવું પડે છે પણ પરોપકાર કરી લ્હાવો લેવાતો નથી, માટે ચેતી જા, સાધનસામગ્રીમા સુખનો વિશ્વાસ રાખ નહિ.

આ તો એક પ્રકારની માયા મમતાની જાલ છે. તેમા ફસાવવા મોહનીય કર્મે યુક્તિ કરી છે તનો ખ્યાલ ન હોવાથી ખુશી–રાજી થઈ સુખ માની ફસાઈ પડેલ છે, તેથી આધિ–વ્યાધિ–ઉપાધિની આંધીએ તને ઘેરી લીધેલ છે. તે આંધીને હઠાવવા માટે આત્માના ગુણોના શ્રદ્ધા રાખી ગુરૂગમ મેળવી સત્ય જ્ઞાન પ્રાપ્ત કર, ચેતન ? જે સુખ શાંતિ છે, તે સ્વપ્નામા ખાધેલ સુખડલી જેવી છે સ્વપ્નું ખસી જતા તથા જાગ્રત થતા કાંઈપણ દેખાતી નથી એમ તને ખબર પડશે. જે ભૂખ લાગી છે તે ભાગશે નહિ. અને ક્ષુધાતુર રહેવાશે, માટે એવી સાધન સામગ્રી મેળવ કે સદાય ભૂખ્યા રહેવાય નહિ

સાગર કેરૂ જલ નિર્મલ દેખાય છે. છતા પીવામાં આવે તો ખારૂ લાગે છે, તે પ્રમાણે સસાર સાગરના વિષય વિલાસો આરભમા મધુરા અને સરસ–લાગે છે, પણ પરિતાપને પર્યંતે કરનાર બને છે ઉદ્વેગ–અનિષ્ટકારક બને છે, કારણ કે તે વિલાસોમા અજ્ઞાનીઓને સાત ભય. આઠ પ્રકારનો મદ–ચાર કષાય અને ચાર સજ્ઞા રહેલી છે તેથી સ્થિર માનવીઓને રહેવામા વિવિધ વિઘ્નો હાજર કરે છે. એટલે ભોગવેલા વિષયો વિષ સરખા બને છે. પરતુ સમ્યગ્જ્ઞાની તો નિર્લેપ–અળગા રહેવાથી જીવનમા સહારો આપે છે.

કારણ કે સમ્યગ્દર્શન–જ્ઞાનાદિના યોગે ચેતેલા હોય છે, તે વિષય વિષનું મારણ કરી આગળ વધતા રહે છે.

કેવલજ્ઞાન દ્વારા લોકાલોકના સૂક્ષ્મ–બાદર પદાર્થો–હસ્તા–મલકવત્ દેખાશે. માટે તારા આત્માને ધ્યાતા–ધ્યાન–ધ્યેય સ્વરૂપી માનશો ત્યારે જ દુન્યવી રાગ–દ્વેષાદિકથી ઉત્પન્ન થતાં સંકલ્પ વિકલ્પો વિલય પામે છે. પામશે, એટલે અનંત શક્તિનો પ્રકાશ ઉત્પન્ન થશે. પછી શક્તિ ખાતર પરિભ્રમણ કરવું પડે છે. તે ખસી જશે

પરંતુ હાલમા આત્મિક શક્તિની ઓળખાણ–અને આદરવાલાયક ભાવનો અભાવ હોવાથી સુખ–શક્તિની ખાતર એવી એવી સોબતથી કુમતિ–બુદ્ધિ થઈ છે કે–પાચ ઇન્દ્રિયોના તેવીસ વિલાસોથી સુખ અને શકિત આવશે. તેથી તેની ભ્રમણા થઈ. અને ભટકયો. એક ગતિમા નહિ પણ ચાર ગતિમાં ભટકવાનું થયુ અને અપર પાર દુ ખી થવાયુ. અરે તેં આ ભવમાં પણ વેઠેલા દુઃખ–પીડાની યાદિ કર–કપાળો થશે પાપભીરૂ બનાશે. કેવલજ્ઞાની તો કહે છે. એક નહિ પણ ચાર ગતિમા વિષયોના વિલાસો મનોહર માન્યા પણ તેઓના યોગે કેટલી પીડા–વિપત્તિઓ–વેદનાઓ ભોગવવી પડી હશે તેની તને કયાંથી ખબર પડે–અરે પાર આવે નહિ તેવી, ગણી શકાય નહિ તેવી

માટે સમજો. ચાલુ ભવમા દુઃખ–પીડા વિગેરેને ટાળ–વાની ઇચ્છા હોય તો ગુરૂગમ લે–તેના યોગે શુભમતિ જાગશે. શુદ્ધ થવા માટે પાત્ર બનીશ. પછી શુદ્ધતાના યોગે શુદ્ધ સ્વરૂપે સ્વરૂપનું જ્ઞાન થશે. તે દિવસે–ધન્ય વેળા–ધન્ય ઘડી અને ધન્ય અવતાર થયો માનજે. આ

સિવાય જે ભવો ગયા અને જે અથાગ પ્રયત્નો કર્યા તે ફોગટ ગયા સમજવા. તથા જે ચમત્કારો વિદ્યા તથા લબ્ધિની શક્તિ ઉત્પન્ન થાય છે તેનુ મૂલકારણ આત્મા અને તેના ગુણો છે તે સદ્ગુરૂની સેવાથી ઉત્પન્ન થાય છે તે બરોબર જાણી અનન્ય ભાવે સદ્ગુરૂની સેવાની અગત્યતા છે

સદાચાર–પચાચાર તે સોના–મણિ–રત્નો કરતાં અગણ્ય–આનંદ–સંપત્તિ–સાહ્યબીની યુક્તિ દેખાડશે અન્ય કોઈ સમર્થ છે નહિ, સદ્ગુરૂ સેવા ભક્તિના યોગે ચેતનમય આત્મા ઓળખાય છે અને આદરભાવ થાય અને વધતા રહે છે તેથી એટલે ચેતન શક્તિ વધ્યા પછી જે જે ક્રિયાઓ થતી હોય છે તે તે આત્મિક વિકાસ માટે થાય છે અને જડની ક્રિયાઓ જડ રૂપ જણાય છે

આવા ભેદ જ્ઞાન યોગે અનંત સુખનુ સ્થાનક આત્માનુ જાણવુ અને તેના દૃષ્ટિ રાખવી આનો અનુભવ થતા સઘળા દુઃખોને ટાળવા સમ્યગ્જ્ઞાન થશે જ્ઞાનની પરિપકવ સ્થિતિમા વિકલ્પ–સંકલ્પ નાશ પામતા સમતા સ્વયમેવ હાજર–થાય છે ઉપસ્થિત સત્ત્વ. બે ઘડીના ઘાતીયા કર્મોનો નાશ કરી કેવલજ્ઞાન રૂપી સંપત્તિનુ ભેટણુ કરશે માટે અખંડ ઉપયોગ રહે તે મુજબ જાગ્રત રહેવાનું છે ક્ષણે ક્ષણે સંસારના નિમિત્તો અને સંયોગોના કારણે આત્માના ઉપયોગનો ત્યાગ કરીને એવા તેઓના ઉપયોગ રાખે છે અને મનોહર માને છે તેથી જડશક્તિનુ જોર

ચેતનના જ્ઞાન થકી આનંદ અપાર હોય,
ચેતનના જ્ઞાન થકી ભ્રમણા ભુલાય છે.
ચેતનના જ્ઞાન થકી ઉપાધિ અલગ થાય,
ચેતનના જ્ઞાન થકી જિન તો જણાય છે.
ચેતનના જ્ઞાન થકી તપ જપ સફલતા,
ધી નિધિ ચેતન જ્ઞાન ઉત્તમ ગણાય છે.

"સદ્ગુરૂ કરૂણા હૃદયામાં ધારણ કરી ઉપદેશ આપે છે કે, અરે ચતુર ? સંસારિક જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરી પ્રવીણ-કુશળ બન્યો અને પ્રસિદ્ધ થયો તેથી આધિ-વ્યાધિઓ ટળી છે ? અને ઉપાધિની આધી નષ્ટ થઈ છે તું કહેશે કે ટળી નથી અને નષ્ટ થઈ નથી તેણીઓને ટાળવા-નષ્ટ કરવાની અભિલાષા છે ? તો આત્મજ્ઞાન-ચેતન-જ્ઞાન-પ્રાપ્ત કર. પ્રાપ્ત નહિ કરે તો-ચેતન-આત્માના અસંખ્યાત પ્રદેશોમા અનાદિકાલથી ક્ષીર નીર માફક મળી રહેલ કાર્મણ વર્ગણાઓ અનંતી રહેલી છે તે ટળશે જ નહિ. તે આઠ-કર્મોની વર્ગણા જ્યા સુધી ટળશે નહિ, નાશ પામશે નહિ ત્યાં સુધી સત્ય આત્મજ્ઞાન થશે નહિ તે વર્ગણાઓ આત્મિક ગુણોને, સમ્યગ્જ્ઞાનાદિને દબાવે છે. અને દબાવી રહેલ છે, તેથી સત્ય સ્વરૂપ અદ્યાપિ પ્રાપ્ત થએલ નથી

તેથી આત્મિક સત્ય સંવેગ-નિર્વેદ વૈરાગ-અનુકંપા અને આત્મિક દૃઢ શ્રદ્ધા અને પ્રશમ ભાવના પ્રગટ ભાવ

થયો નથી. તેથી સારા સાધનો છે છતા તેઓનો શક્ય લાભ પણ લઈ શકાતો નથી. માટે ચેતનના વિકાસ માટે સમ્યગ્જ્ઞાન-ધ્યાનની જરૂર રહેવાની જ કયા રૂપ-રસ-ગંધ-અને સ્પર્શના વિકારોને સારા માની તેઓમા રાચી માચી રહે છે. કયા ચતુર થઈને આત્મ કલ્યાણ ચૂકે છે ભાન ભૂલે છે, તેથી હિત સધાશે નહિ.

ચેતનતા હશે, તેણીનો વિકાસ હશે તો જ હેય-જ્ઞેય-અને ઉપાદેયનું જ્ઞાન-ધ્યાન-વિચાર-વિવેક આવશે અને આત્મ વિકાસ કરવાની તત્પરતા થશે નહિતર સુખ શાતિ ખાતર પરિભ્રમણ થવાનુ જ, માટે તારી ચતુરાઈ સફલ થશે થહિ.

જ્યારે હેય-જ્ઞેય અને ઉપાદેયનુ સત્ય સ્વરૂપ સમજાય છે ત્યારે જ્ઞાન પ્રકાશના આધારે પ્રાપ્ત સંયમ, સુખનું કારણ બને છે અને દુઃખના કારણોનો ત્યાગ થાય છે એવો ચેતન વિકાસનો પ્રભાવ છે સંયમમા અણગમો-કંટાળો થાય છે તેનુ કારણ ચેતનનો પ્રકાશ રૂધાયેલ સમજવો. રીતસર સંયમ હોય તો અણગમો, કંટાળો આવે નહિ. અને ઉલ્લાસ થાય. અને સંવરના યોગે આવતો આશ્રવ બંધ થાય તથા મોહ માયાદિકથી જે આર્તધ્યાન થાય છે અને રૌદ્ર ધ્યાનના ફસાઈ પડાય છે તેના બદલે ધર્મ ધ્યાન ઉપસ્થિત થાય છે, અને પાપોદયની નિર્જરા થાય

તેથી ઈષ્ટના વિયોગના અને અનિષ્ટના સંયોગોમા-શોક સંતાપ-વલોપાત થતો નથી. અને થશે પણ નહિ ઈષ્ટનો સંયોગ પ્રાપ્ત કરવામા ધર્મ ધ્યાન ભૂલાશે -

રાગ-દ્વેષના ઉછળતા અધ્યાસના યોગે વિચારો, વિકલ્પો છે તે ખસવા માંડશે. સંતોષ-નમ્રતા-સરલતા-પ્રશમતાને આવવાનો અવકાશ મળશે

જે જે ક્રિયાઓ થશે, તે તે ચેતનના વિકાસના ઉદ્દેશીને થશે પછી જીનેશ્વરની આજ્ઞા છે, તે પ્રત્યે ઘણું સન્માન થશે. પ્રેમ વધશે, સાન આવશે, એટલે આજ્ઞા મુજબ વર્તન થશે અને દુખ-પીડા-શોક. સંતાપના હેતુઓને જ્ઞાન થતા દુર કરવા પ્રયાસ કરાશે. શોક-સંતાપાદિક-ક્યાથી થશે ? જેટલા અપાયો છે તે ધર્મ ધ્યાનના યોગે ખસવા માંડે છે તે અપાયો-શોક-સંતાપાદિકનો વિપાક-ફલ છે તે નષ્ટ થાય છે, અને જગતની આટી ઘુટીની વિચિત્રતાની ભૂલ ભુલામણીમા ભમાતુ નથી અને મોક્ષ માર્ગે રીતસર સંચરાય છે માટે અરે ચતુર ? જગતના સુખ માટે ભ્રમણામા પડીશ નહિ અને પડચો હોય તો ગુરૂગમ-જ્ઞાન-સાન પ્રાપ્ત કરવા પૂર્વક બહાર નીકળજે

ધીનિધિ-બુદ્ધિસાગરજી સદ્દગુરૂ કહે છે કે. સમ્યગ્-જ્ઞાનથી ચેતના ઉપર જે મોહ માયા મમતાનુ દબાણ રહેલ છે. તે ઓછું થતા વિકાસ પૂર્વક જે જે ઉપાધિ નડી રહેલ છે, તેનું જોર ચાલશે નહિ આધિ-વ્યાધિના બદલે ધર્મ ધ્યાનના ચાર પાયાનું ચિત્ત ચિન્તવન થશે અને રાગ દ્વેષની અલ્પતા થવાની. જીનેશ્વરના ગુણો તરફ પ્રીતિ થશે. ને વધશે સંયમ-જપ-તપાદિકની સાર્થકતા પૂર્વક સફલતા થશે, અને લઘુકર્મી બનતા સંસારમાં પ્રથમની

માફક ભટકવાનું પણ થશે નહિ. માટે ચેતનનો વિકાસ થાય તે મુજબ વર્તન રાખ.

વ્રત-નિયમ તથા તપસ્યાદિ ધર્મ ક્રિયામા કાયર મનુષ્યો, વ્યાવહારિક કાર્યોમા વારેવારે ભૂલો કરી સુધારી શકતા નથી તો પછી આત્મિક ગુણો પ્રશમ-સંવેગ-વૈરાગ્ય વિગેરે છે તે ક્યાથી મેળવી શકે ? તે કર્મની મલીનતા ક્યાંથી દૂર કરે અને દુર કર્યા સિવાય આત્માને સુખશાંતિ પ્રાપ્ત થાય ક્યાંથી ? માટે કાયરતાનો ત્યાગ કરવા શૂરા થવાનો ઉપદેશ સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ૯૧મા પદની રચના કરી સમ્યગ્જ્ઞાન અર્પે છે

પદ ૯૧

(રાગ લગા કલેજે છદ ગુરૂકા રે)

શુરાની ગત શુરા જાણે રે, ત્યાં તો કાયર થરથર કંપે:
કથા પુરાણી બહુ કરે રે, રામરામ ફીર જપે,
પરમારથ પામે એ પૂરા, નહિ વળે કંઈ ગપ્પ.
...શુરાની૦ ૧

અવિહડ પ્રીત પતિ શું લાગી, નિદ્રા ગઈ અબ ભાગી:
જલ બીન મીન રહે ન વિખુટુ રાગ ગયો પણ રાગી.
...શુરાની૦ ૨

કાન આંખ બિન મારો વાલ્હમ,સુણતો ને વળી નિરખે:
રૂપાતીન પણ મારો સ્વામી, રૂપારૂપીકું પરખે.
...શુરાની૦ ૩

સહજ સ્વભાવે અનુભવ રસકું, પીતા ચઢે ખુમારી;
બુદ્ધિસાગર કોટિ પ્રયત્ને, ઉતરે નહી ઉતારી.
...શુરાની૦ ૪

સદ્‌ગુરૂ ફરમાવે છે શૂરાની ગત શૂરા જાણે. સંગ્રામમાં માયા–મમતાનો ત્યાગ કરીને સામા રહેલ ઉત્કટ શત્રુને જીતવા–નષ્ટ કરવા કટીબદ્ધ બનેલ શૂરાની ગત શરવીરતા મોરચે રહેલ શૂરા જાણે સામા સામી યુદ્ધ કરતા દેખીને કાયર કંપે છે અગર નાશી જાય છે, કારણ કે તે કાયર મનુષ્યે માયા–મમતાનો ત્યાગ કરેલ નથી તેમાં પ્રતિબદ્ધ બનેલ છે તેથી ભયભીત બનીને નાશી જાય છે પણ શૂરા તો ઉત્સાહ–ઉલ્લાસ ધારણ કરીને યુદ્ધ કરે છે, તે શત્રુને જીતવા સમર્થ બને છે

મરજીવા થયા સિવાય શત્રુને હઠાવી શકાતુ નથી અને સંપત્તિ પ્રાપ્ત કરી શકાતી નથી જ. કાયર તો ક્યાંથી સંપત્તિ મેળવી શકે તે સંપત્તિની હાનિ કરે અને વલોપાત કરતો પોતાનુ જીવન પૂર્ણ કરે છે માટે મરજીવા થઈને અનાદિકાલથી સ્વ–સંપત્તિને દબાવી પાડનાર જે ક્રોધાદિક આન્તરિક શત્રુઓને હઠાવવા–નષ્ટ–કરવા શૂરા બનો, જ્યારે તેઓ હઠી જશે ત્યારે જ સ્વ–સંપત્તિ સ્વયં હસ્તગત થશે અનંત સંપત્તિના સ્વામી બનશો

તે મુજબ શૂરા થઈને પ્રભુ–ભક્તિસેવા કરવા પૂર્વક

ભક્તો જોરદાર ઘણુ બોલે છે કે માયા મમતાનો ત્યાગ
આત્મસ્વરૂપને પ્રાપ્ત કરી સત્ય અવ્યાબાધ સુખને મેળવે
પણુ મોહ મમતાનો ત્યાગ કરતા ભલભલાના હૈયા કપે
છે, મુંઝારો થાય છે આત્મધર્મની કથાઓ પુરાણી કહે છે
પણુ કથન પ્રમાણે વર્તનમા વાધો, બાધ પડે છે તથા
ભણાવેલ કીર-પોપટ રામ રામ બોલે છે તેથી આત્માગમનુ
જ્ઞાન-વર્તન થાય છે ? થતુ નથી

તે મુજબ બોલવાથી માયા મમતા ખસતી નથી
પણુ જીનેશ્વરની આજ્ઞા મુજબ યથાશક્તિ માનસિક સકલ્પ
વિકલ્પને નિવારવા તથા વાચિક, વચનના યોગોને હિત-
મિત-પથ્યમા સ્થિરતા ધારણુ કરવા અને કાયાની ચપલ
તાને કાબુમા રાખવા બલ-વીર્ય ફોરવે તો જ આત્મતત્ત્વનુ
જ્ઞાન થાય અને શક્તિ વધતા શૂરા બનાય છે

પરમાર્થને પામે તે શૂરા કહેવાય, પણુ વિકથાની વાતો
કરનાર ગપ્પા મારે છે એમ કહેવાય એથી કાઈ પરમાર્થ
આત્મિક સ્વરૂપ મળતુ નથી પણુ સસાર દુ:ખજનક નીવડે
તેથી વિવિધ વિટબનાઓ વિલય પામતી નથી અને
વીન વળગે છે તે વખતે જો વિચાર, વિવેક કરે તો
બનાઓ હઠાવવાનુ, નાશ કરવાનુ જ્ઞાન થાય અને
અજ્ઞાન થતા ધૈર્યપૂર્વક શૂરા થવાય અને વધોપાત થાય
અને ખડન કરાય તે શૂરા છે

ધનાઢ્ય શેઠની શેઠાણી પુત્રની સાથે પોતુ લાડો-
ચવા તન-મન-વચન અને ધનથી કરે છે તેને માત્રા ...

કારણ કે આશાઓની સાથે સગાઇ કરી. અને તૃષ્ણા-મા તણાઇને મોટાઇ મેળવવા અથાગ મહેનત કરી પણ ભીખારીનો ભીખારી રહ્યો. મનમાં તો એવી હોંશ હતી કે ધનાઢ્ય શેઠ બનીને મનગમતી મોજ–મજાહ કરૂ અને અધિકારી બનવા પૂર્વક સત્તાવાળો બનું કે, મહાન્ નૃપ બનીને જેનો જોડ મળે નહિ તેવી સુખ–સાહ્યબીમાં મહાલુ. પણ પુણ્ય વિના બન્યું નહોતું

આવી આશાઓના યોગે ભટકી ભટકી ભૂલ્યો પડયો. તેથી ઇચ્છાઓ પૂર્ણ થઈ નહિ. તેથી ઠામે સ્થિર થયો નહિ આમ ભ્રમણાના યોગે ભટકતા ભટકતા સદ્ગુરૂનો શુભયોગ મળ્યો તેથી જ સંતોષ ધારણ કરવા પૂર્વક સદાચારના પાલનમા પ્રેમ લાગ્યો. પુણ્યનો ઉદય થતા ધનાઢ્ય શેઠ બન્યો બગલા વિગેરે સાહ્યબી મળી તો પણ તૃષ્ણા પૂર્ણ થઈ નહિ વળી આશા–ઇચ્છા થઈ કે અધિકાર પ્રાપ્ત કરી સત્તાઓ મેળવી મહાન્ બની પ્રસિદ્ધિ મેળવું

ધનાઢ્ય–સત્તાવાન્ બનવા છતા સુખની અભિલાષા અધુરી રહી. મહાન્ નૃપની અભિલાષા ઉત્પન્ન થઈ તો પણ સંતોષ સિવાય ભિક્ષુક રહ્યો. ભાગ્યોદયે દુન્યવી સુખની સામગ્રી મળશે છતા ભીખારીપણું ટળશે નહિ કારણ કે સંયોગે મળેલા પદાર્થોના સ્વભાવ રીતસર જાણ્યા નહિ. બુદ્ધિના ભ્રમના યોગે દરિયામા ડૂબી રહ્યો સંસાર સાગર-માથી પાર જવા માટે ઇચ્છા થઈ. કારણ કે તેવી ઇષ્ટ



જાગ જાગ ઝટ ચેતના પ્યારા, વીર્યોલ્લાસ વધારી રે;
પરપરિણમતા દૂર નિવારી, ધ્યાન દશા અવધારી રે.
...ચેતના૦ ૪

હું જડનો જડ મારૂં એ ભૂલી, તત્વ રમણ લય લાવી રે;
અનુભવ આનંદ ભોગવજે જીવ, કુમતિ દૂર હઠાવી રે.
...ચેતના૦ ૫

અનુભવ પ્યાલી પીતું વ્હાલા, ત્યાગી પુદ્ગલ ચાળા રે;
બુદ્ધિસાગર ધ્યાન ખુમારી, યોગે મંગલ માળા રે.
...ચેતના૦ ૬

સદ્ગુરૂ બાહ્યાત્મા, સંસારની ભાગ્યોદયે મનોહર અને અનુકુલ પદાર્થો પ્રાપ્ત થતા ખુશી થઈ તેમા આસક્તિ ધારણ કરનારા ભવ્ય જીવોને ઉપદેશ આપે છે કે બાહ્ય-વસ્તુઓ, સંયોગો પુણ્યોદયે તમોને મલી છે, તેનો ઉપયોગ તમોએ ક્યાં ક્યાં કર્યો ? તેઓનો ઉપયોગ ઘણે ભાગે દુન્યવી વિલાસો કરવા ધન–ધાન્ય–સ્ત્રી–પુત્ર પરિવારમા કર્યો તેથી તમોને આનંદ પડ્યો. પણ પરિણામે આનંદ રહેલ છે ? ક્યાથી રહે ? કારણ કે તે–વસ્તુઓ અને અને સંયોગો વિયોગવાળા છે અને વિયોગ થતાં વિલાસો નષ્ટ થયા.

જો તે પ્રાપ્ત થએલ સંયોગોનો અને મનોહર પદાર્થોનો સહારો લઈને ચેતના લક્ષણ ચેતન કહેતા આત્માને રીત

સર પરખ્યો હત તો પરિણામે તે પદાર્થોનો વિયોગ થતા વલોપાત–શોક–સંતાપ થાત નહિ કારણ કે નિર્મલ થએલ આત્મા સ્વયં પરમાનંદનો દરિયો છે અને સત્ય સ્વરૂપી છે તથા જડથી ન્યારો છે જ્ઞાન સ્વરૂપી છે અને સત્તાથી જડ ન્યારો આત્મા હોવાથી નિજગુણ ભરપુર ભોગી બનશે અને નિર્ભય સાત ભય અને આઠ મદ નાશ પામશે

પરંતુ આ પરિસ્થિતિ ક્યારે બની આવે કે જ્યારે બાહ્ય પદાર્થોમા પરિભ્રમણ કરતી માનસિક વૃત્તિના યોગે જે સંકલ્પ અને વિકલ્પોનો ત્યાગ કરવા પૂર્વક ત્યાગ આત્મિક ગુણો છે તે જ મારા સત્ય છે અને દુ:ખ દરિયાને દૂર કરનાર છે આ સિવાય અન્ય ગુણો હશે તો સહકારી બનશે નહિતર મદ–માનાદિ ઉત્પન્ન કરશે. માટે માનસિક વિચારોને કબજે કરવા અગર આત્મિક ગુણોમા વિલય કરવાની ખાસ જરૂર છે [illegible] સમ્યગ્જ્ઞાન વિચાર અને વિવેક કરવો [illegible] માનવભવ પામીને કરી લેવો વિવેક કરવો કે. હવે વૃદ્ધાવસ્થાના [illegible] ગુણો પ્રાપ્ત કરવા કે જેથી મન–વચન અને [illegible] યોગો [illegible] ને દુન્યવી વિચારો [illegible] અને વિવેક કરે [illegible] પરિગ્રહના વિચારો કરીને વસ્તુ મેળવી પણ નિર્લેપ [illegible] સુખ શાંતિ જે [illegible] હતી તેના બદલે ઉલ્ટી સ્થિતિ [illegible]

[illegible]–ખેદ–સ્નેહ[illegible]ના [illegible] [illegible] છતા [illegible] [illegible] નહિ [illegible] ત્યારે [illegible] [illegible] આવી ઉપસ્થિત થયો ધનાદિક [illegible] ધન

કરવાની રૂચિ થઈ નહિ, અને કોઈ પ્રકારે ધનાદિક એકત્ર કરવાની અભિલાષા થઈ, પણ જરા-મરણ પાછળ પડ્યું છે, તેનો ખ્યાલ કર્યો નહિ. અકસ્માત્ યોગે અગર ઉપઘાત થતાં એકલા કેટલાએક, સર્વ પરિગ્રહ મૂકી પરલોકે ગયા. મારે પણ એક દિવસ એવો આવશે કે એકત્ર કરેલ સર્વ લોકને મૂકી પરલોકે જવુ પડશે સંસારના સબંધો સંયોગોથી વિષય અને કષાયના વિકારો ખસ્યા નહિ પણ આત્મિક વિકાસમાં વિઘ્નો કર્તા બન્યા

માટે તે સર્વ અસત્ય છે, જુઠી માયા મમતા છે એમ વિચાર કરવો જરૂરનો છે. સદ્વિચાર યોગે વિવેક આવશે. અને વિવેકથી દુનિયાદારી અસત્ય સમજાશે તેથી રાગ-દ્વેષાદિકના ઉછાળા શાત થશે. અને શાંત થતા ગુણોને આવવાનો અવકાશ મળશે. આવેલા ઉપશમ-ક્ષયોપશમ ગુણો દ્વારા, ઔદયિક ભાવે પ્રાપ્ત થએલ સંયોગો સત્ય રૂપે સમજાશે નહિ અને ખ્યાલ થશે કે ઔદયિક ભાવમા હું ફસાઈ પડેલ છું, આ ફસામણીમાથી કયારે ખસું ? સદ્ગુરૂ મહારાજ કહે છે કે મિથ્યાત્વ-અવિરતિના પરિણામ જે આત્મિક ગુણોથી ભિન્ન છે અને ચાર ગતિના પ્રેરક છે અને સંકટોને ટાળનાર નથી પણ આપનાર અને વધારનાર છે, એમ સમજી અસત્ય અને વિશ્વાસનો ઘાત કરનાર છે, એમ સમજી ખસો.

પરિણતિમાં મગ્ન બની આત્મિક ગુણોના હિતકારી સાધનો મલ્યા છતા કાઈ સાધ્યું નહિ, હવે આત્માના

કલ્યાણકારક કારણો મેળવી જલ્દી જાગ જાગ. અને પર પરિણતિનો ત્યાગ કર. અને પ્રકાશમાન કર. પ્રશમભાવથી મગ્નતામા કેટલી પીડા–શોક સંતાપ વિગેરે નષ્ટ થાય છે, તેના ખ્યાલ આવશે

મૂલમા આત્માના ગુણો પ્રાપ્ત કરવા તે પરમાર્થ છે, અને જે અર્થ–ધનાદિક પ્રાપ્ત છે, તેમા પરમાર્થ મેળવવાની ભાવના હશે તોજ પરમાર્થ સમ્યગ્જ્ઞાન દ્વારા મેળવી શકાય છે, નહિતર તે અર્થ, અનર્થો ઉત્પન્ન કરવાના કારણો બનશે, માટે ધનાદિક અર્થ મેળવવાના પ્રયાગમા પરમાર્થ પ્રાપ્ત કરવાના વિચારો ભૂલવા જેવા નથી.

વૃક્ષના મૂલને પોષણ કરવાની ભાવનાવાળા અને મનોહર–સરસ ફળોના આસ્વાદનો અનુભવ કરવાના અભિલાષીજનો, મૂલમા જ પાણી સિંચે છે, અને ઉધેઈ લાગી હોય તો બરોબર તપાસ કરી દૂર કરે છે, તેથી પાણીના યોગે પુષ્ટ બનતા લતા–વેલડીઓ અને વૃક્ષો સરસ ફળો આપવા સમર્થ બને, અને સત્યાનંદ આપે છે, તે મુજબ અર્થને વિષય વિલાસોમા નવાપરતા પરમાર્થ મળે અને સત્યાનંદ આપે તે માટે વાપરો કુવામા પાણી હોય નહિ તો હવાડામાં આવે નહિ અને હવાડામા પાણી હોય નહિ તો ખેતરના પાણી આવે કયાથી? વાવેલ બીજ પણ નષ્ટ થાય.

માટે ખેડૂતો કોસ વડે કુવામાથી પાણીને કાઢી હવાડામા નાખે છે, હવાડામાથી પાણી ખેતરના જર્ઈને પાકેલ

કરવાની રૂચિ થઈ નહિ, અને કોઈ પ્રકારે ધનાદિક એકત્ર કરવાની અભિલાષા થઈ, પણ જરા-મરણ પાછળ પડયું છે, તેનો ખ્યાલ કર્યો નહિ. અકસ્માત્ યોગે અગર ઉપઘાત થતાં એકલા કેટલાએક, સર્વ પરિગ્રહ મૂકી પરલોકે ગયા. મારે પણ એક દિવસ એવો આવશે કે એકત્ર કરેલ સર્વ લોકને મૂકી પરલોકે જવુ પડશે. સંસારના સંબંધો સંયોગોથી વિષય અને કપાયના વિકારો ખસ્યા નહિ પણ આત્મિક વિકાસમાં વિઘ્નો કર્તા બન્યા

માટે તે સર્વ અસત્ય છે, જુઠી માયા મમતા છે એમ વિચાર કરવો જરૂરનો છે. સદ્વિચાર યોગે વિવેક આવશે. અને વિવેકથી દુનિયાદારી અસત્ય સમજાશે તેથી રાગ-દ્વેષાદિકના ઉછાળા શાંત થશે. અને શાંત થતા ગુણોને આવવાનો અવકાશ મળશે. આવેલા ઉપશમ-ક્ષયોપશમ ગુણો દ્વારા, ઔદયિક ભાવે પ્રાપ્ત થએલ સંયોગો સત્ય રૂપે સમજાશે નહિ અને ખ્યાલ થશે કે ઔદયિક ભાવમા હું ફસાઈ પડેલ છું, આ ફસામણીમાથી કયારે ખસું? સદ્ગુરૂ મહારાજ કહે છે કે મિથ્યાત્વ-અવિરતિના પરિણામ જે આત્મિક ગુણોથી ભિન્ન છે અને ચાર ગતિના પ્રેરક છે અને સંકટોને ટાળનાર નથી પણ આપનાર અને વધારનાર છે, એમ સમજી અસત્ય અને વિશ્વાસનો ઘાત કરનાર છે, એમ સમજી ખસો.

પરિણતિમાં મગ્ન બની આત્મિક ગુણોના હિતકારી સાધનો મલ્યા છતા કાંઈ સાધ્યું નહિ, હવે આત્માના

કલ્યાણકારક કારણો મેળવી જલ્દી જાગ જાગ. અને પર પરિણતિનો ત્યાગ કર. અને પ્રકાશમાન કર. પ્રશમભાવથી મગ્નતામા કેટલી પીડા–શોક સંતાપ વિગેરે નષ્ટ થાય છે, તેનો ખ્યાલ આવશે

મૂલમા આત્માના ગુણો પ્રાપ્ત કરવા તે પરમાર્થ છે, અને જે અર્થ–ધનાદિક પ્રાપ્ત છે, તેમા પરમાર્થ મેળવવાની ભાવના હશે તોજ પરમાર્થ સમ્યગ્જ્ઞાન દ્વારા મેળવી શકાય છે, નહિતર તે અર્થ, અનર્થો ઉત્પન્ન કરવાના કારણો બનશે, માટે ધનાદિક અર્થ મેળવવાના પ્રયાસમા પરમાર્થ પ્રાપ્ત કરવાના વિચારો ભૂલવા જેવા નથી.

વૃક્ષના મૂલને પોષણ કરવાની ભાવનાવાળા અને મનોહર–સરસ ફળોના આસ્વાદનો અનુભવ કરવાના અભિલાષીજનો, મૂલમાં જ પાણી સિંચે છે, અને ઉધેઈ લાગી હોય તો બરોબર તપાસ કરી દૂર કરે છે, તેથી પાણીના યોગે પુષ્ટ બનતા લતા–વેલડીઓ અને વૃક્ષો સરસ ફલો આપવા સમર્થ બને, અને સત્યાનંદ આપે છે, તે મુજબ અર્થને વિષય વિલાસોમા નવાપરતા પરમાર્થ મેળવે અને સત્યાનંદ આપે તે માટે વાપરો. કુવામા પાણી હોય નહિ તો હવાડામા આવે નહિ અને હવાડામા પાણી હોય નહિ તો ખેતરમા પાણી આવે ક્યાથી? વાવેલ બીજ પણ નષ્ટ પામ

પુત્રે તો સત્ય સુખદાયક સાધન સામગ્રીને બદલે કષ્ટદાયક સાધનો ભેગા કર્યા. તેથી શોક–સંતાપ વિગેરે નાશ પામ્યા નહિ. અને બીજા પુત્રે પ્રકાશના યોગે પરમાર્થે પ્રયાણ કરવા પુરૂષાર્થ સાધ્યો.

સદ્‌ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ઉપદેશે છે કે–માનવભવનો સાચો લ્હાવો લેવા માટે સત્યજ્ઞાનને પ્રગટાવશો. જેની ભાગ્યદશા જાગી હશે તે ભવ્ય માનવો, પરમાર્થને મેળવવા માટે પુરૂષાર્થને ફોરવશે. આત્મિક જ્ઞાનમા માનસિક વૃત્તિઓને સ્થિર કરશે. અને કામ–ક્રોધ વિગેરેને હઠાવી સ્વરૂપને મેળવશે તે ધન્યપાત્ર છે. સંતો, જનો તેના ગુણો ગાવા ઉલ્લાસિત થશે. અને પ્રણામ કરશે.

જગતના રૂપ–રંગ–રાગથી ભરપુર પદાર્થોમા સુખ-શાંતિ પ્રાપ્ત કરવા ઘણો પ્રેમ રાખે છે, તે અંત સુધી રહ્યો છે ? રહ્યો નથી. તો, તારા આત્માના સ્વરૂપમા પ્રીતિ ધારણ કર જ્ઞાન મેળવ. આત્માને શુદ્ધ ને વિચાર–વિવેકવાળો કરવા સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી પદ ૯૬ ની રચના કરતાં ફરમાવે છે

પદ ૯૬

(રાગ : મરાઠી સાખી)

મૂરખ જીવડા કાંઈ ન સમજ્યો, પાપ કીધાં કંઈ ભારી,
તપ–જપ દાન ક્રિયાદિક છોડી, કીધાં તે ચોરી જારી;
અબ ચેતો રે ચિત્તમાં ચતુર વિચારી,
છોડી આ દુનિયાદારી...અબ ૧

કોઈ કોઇની સાથ ન આવે, તન ધન જુઠ કહાવે;
નાહક મમતા તેમાં રાખી, નરક નિગોદે જાવે.
...અબ ૨

કીધાં વાર અનંતી સગપણ, લાખ ચોરાશી ભટકી;
તારૂં તેમાં વળ્યું શું ? ચેતન ! લાલચમાંહિ લટકી.
...અબ ૩

માયાના વિષ વૃક્ષો વાવે, આવે ફળ તો નઠારાં;
પ્યાર કરતાં જગમાં પરગટ, થયા જનો દુઃખીયારાં.
.. અબ ૪

આત્મ તે પરમાતમ દેહે, છે પ્રીતિ તસ સાચી;
આત્મ સમોવડ કોઇ નથી જગમાં, રહેજો તેહશું રાચી.
...અબ ૫

અલખ પન્થમાં અજબ તમાસા. કોઈ ન કોઇના દાસા,
બુદ્ધિસાગર અવસર પાકર, ધર આતમ વિશ્વાસા.
...અબ ૬

સદ્‌ગુરૂ, આરંભ-સમારંભમાં જ રાચીમાચી રહેલાને શીખામણ આપે છે કે, શરીરને આત્મા માની શરીરના પોષણમાં આનંદી બની અમૂલ્ય જીવનની ન કિંમત-કદર કરી નહિ અને શરીરના રહિત આત્મા જે અનંત શક્તિ-રીદ્ધિ-સિદ્ધિનો ભંડાર હતો, જ્ઞાની હતો તેની નિંદા..

કરવા વિચાર અને વિવેક કર્યો નહિ તેથી મૂર્ખ રહ્યો. ભલે ભૌતિક સુખની અભિલાષા ઝંખનારાઓએ, અન્ય જનોએ સત્તાધારી–કુશલ કહીને સત્કાર–સન્માન કર્યું પણ સમ્યગ્‌ જ્ઞાનીએ અજ્ઞાની કહ્યો અને મૂર્ખ સમાન માન્યો તથા બનાવેલ બંગલાને સ્થાયી માની તેની સંભાળ રાખી તથા શોભા વધારવામાં ખુશી થયો. પણ તે બંગલો એવા એવા પ્રસંગોએ બગલાની માફક ઉડી ગયો. તેમ જ તે બંગલો બધાવવા કરેલ પરિભ્રમણ–પરિશ્રમ–પાપના યોગે મનની પ્રસન્નતા દુર રહી પણ ચિન્તાનો દાહ થયો.

આત્માના ગુણો સંયોગે પ્રાપ્ત થએલ પર પદાર્થો માનસિક સમતા આપે નહિ. પણ તે પદાર્થો–વસ્તુઓ દગા પ્રપંચ કરી પ્રાપ્ત કરેલ હોય તો વિવિધ લાતો મારી હેરાન કરે છે. તેની સમજણ પડી નહિ. તથા સંયોગે મળેલા સગાંઓને પોતાના જ માની અકથ્ય ન કરવાના કામો કરી, એટલે ચોરી–જારી કરવામા બાકી રાખી નહિ.

શારીરિક પર પદાર્થો, નાશ પામતા આત્માનો નાશ માન્યો ઈત્યાદિ ભૂલભૂલામણી પ્રમાદમા પડી તપ–જપ–અહિંસા–સંયમાદિકનો ત્યાગ કરી માનવભવમા સત્ય કાર્ય કરવાનું હતુ તેની યાદિ કરી નહિ. પ્રસન્નતાની ઝંખના રાખી તે કયાથી મલે? અરે આત્મન્‌! આમ તો ચતુર પોતાને તું માને છે અને દુનિયા ચતુર કહે છે. માટે હૈયામાં જ્ઞાન લાવી ચેતીજા. ગમે તેમ મેળવેલ મિલ્કત–મકાન–શારીરિકની–મગરૂબી મૂકવાનો વખત જરૂર આવશે. તેની પહેલાં ચેતીજા, આત્મહિત સાધી લે.

કોઈ કોઈની સાથે આવતું નથી. જે પુણ્ય-પાપના સસ્કારો જ સાથે આવે છે. માટે પુણ્ય-પવિત્રતાના સંસ્કારો -વાસના પડે તે મુજબ વર્તન રાખ-રાખવાથી જ પાપના સસ્કારો નષ્ટ થશે પુણ્ય-પવિત્રતા, રાખવાથી ચતુરાઈ સફલ થશે મેળામા ચકડોળે બેઠેલને નીચે ઉતર્યા પછી બે ઘડીમા ચક્કર શાત થાય છે પણ દુનિયાના ચકડોળે બેઠેલાને કદાપિ જે ચક્કર ચઢેલા છે. તે કોઈ પ્રકારે શાત થતા નથી. માટે નાહક આત્માના હિત કલ્યાણને ભૂલી ધાડા કરવા મૂકી દે.

જપ-તપાદિકથી વ્યાવહારિકમા સુગમતા-સફલતા મળે સ્વાદ અને સ્વાર્થમા પુરૂષાર્થ કરવામા પરમાર્થ સધાતો નહિ ક્યાથી સધાય ? કારણ કે સ્વાદ-સ્વાર્થમા તો અર્થ -કામનો પુરૂષાર્થ તો સુખાભાસનો હેતુ બને છે અને સત્યસુખની ઈચ્છા-આશામા નિરાશ બનાવે છે સત્યસુખના ધર્મનો પુરૂષાર્થ હોવાથી આશા અને ઈચ્છા ફલવતી બને છે. કદાચ નિષ્ફલતા થાય તો ય પુરૂષાર્થ છુટતો નથી અને ધીરજ-મહનતા-પરાક્રમના યોગે સફલતા ઉપસ્થિત થાય અને સત્ય સુખ આપવા માટે ધર્મનો પુરૂષાર્થ દુખ-દારિદ્રતાદિકનો નાશ કરવામા સમર્થ છે

કરવી પડશે માટે ચતુર થઈને ચૂકો નહિ અર્થ અને કામની ઇચ્છામાં ધર્મની આરાધના ભૂલો નહિ, તમારો આત્મા પ્રિય હોય તો દિવસે દિવસે સ્મરણ કરો.

સંસારમા માનવભવ પામી તથા દેવલોકે દેવ બની સંબંધો સગપણ બાંધ્યા, પણ ચોરાશી લાખના જન્મ-જરા-મરણ અને તેના યોગે થતી પીડા-શોક સંતાપાદિ ટાળી શક્યા નહિ. કોઈ પ્રકારે સંતાપ રહ્યો છે. માટે ચતુર ? ચેતીને એવા શુભ કાર્યો કર કે, આ ભવમા અને પર-ભવમાં મન-વચન અને કાયાના સંતાપો નાશ પામતા જાય અને કરેલો પ્રયાસ પરમાર્થમાં વળે. લાલચે લપટાઈ જે આત્માને કલ્યાણકારક જે કામો કરવાના હતા તે કર્યા નહિ. અને વિષવૃક્ષોના બીજ વાવ્યા તેનાથી કેવા ફલ મળે ? વિકારો જે નઠારા છે તેજ મળે ને ?

અજ્ઞાનતાના યોગે દુનિયાના પદાર્થોમાં પ્યાર રાખતા, આસક્ત બનતા દરેક પ્રાણીઓ દુ:ખીયારા બનેલ છે ભલે પછી દેવ-દાનવ કે માનવ હોય તો પણ સત્યને પામ્યા નથી અને પામશે પણ નહિ. માટે અન્તરમા દૃષ્ટિ કર. આત્માની બરોબર શ્રદ્ધા રાખી સમ્યગ્જ્ઞાન કરીશ ત્યારે સાચો અનુભવ આવશે. બહારના તમાસા જોવામાં તો તમાચા પડશે. માટે આન્તરિક તમાસા એટલે અનુભવ કરવામાં તમાચા-ખેદ-દ્વેષ-અદેખાઈના ખાવા પડશે નહિ. સદ્ગુરૂ કહે છે આત્માના અપૂર્વ સાચા તમાસા જોવાંમા તમ-અંધકાર ખમી જશે. અને તમાચા-લાતો-વિરોધ-વેરના દુ:ખો રહેશે નહિ.

માટે અવસર અને સુંદર સાધન :
હોવાથી આત્મિક ગુણોમા વિશ્વાસ ધારણ કર
આવો અવસર અને સાધન સામગ્રી મળ્યે
છે. આ ભવમા જેટલો પરમાર્થ માટે કુર-
તે બીજા ભવમાં સફલ થશે તમારા સમ્બન્ધ
સાગરને તરી જશે માટે જ્ઞાનને મેળવ
બ્રહ્મજ્ઞાનદર્શનના માર્ગને દર્શાવે છે.

સચ્ચા હમ કહે તે હૈ છાના, સમજે જ્ઞાના મસ્તાના;
મસ્તાનાકા મારગ મુકિત, શું જાણે તે દીવાના.
...અવઘટ ૪

તીર્થંકરકી બાણી દોરી, પકડ ચઢો મુકિત મહેલે;
મારગ સચ્ચા સાહિબ સચ્ચા, વિશ્વાસા તું ધર દીલે.
...અવઘટ ૫

સત્ય સુનાયા જો હમ પાયા, ગુરૂગમતા લેજો જ્ઞાની,
સમકિતી સદ્‌ગુરૂ પ્રતાપે, બાત રહે નહિ કો છાની.
...અવઘટ ૬

ધનધન જગમાં એવા સંતો, સંગત તેની બહુ સારી;
બુદ્ધિસાગર ચઢતે ભાવે, હું જાઉ તસ બલિહારી.
.. અવઘટ ૭

સદ્‌ગુરૂ ફરમાવે છે. અવઘટ–કદાપિ નહિ ઘડેલા–તૈયાર નહિ કરેલા અને આરૂઢ થએલા નહિ એવા અવળા કર્કશ ઘાટને ઓળંગી અમે આગળ વધ્યા એટલે રાગ–દ્વેષ–મોહના ભયંકર–કારમા–કાતીલ ઘાટને ઓળંગવા પરાક્રમ કર્યું.

ત્યારે જ ઘાટને ઓળગીને બ્રહ્મગુફામા સમ્યગ્‌જ્ઞાન–ગુફામા નિવાસ કર્યો તે વખતે આંખે દેખાતું હતું. અને કાને સંભળાતુ હતું અને જીવનમાં જીભ વડે સ્વાદ લેવાતો હતો અને શરીર વડે સ્વાર્થ સધાતો હતો. તે તરફનો

અનુભવ અલ્પ થયો. તેથી જ માનસિક વૃત્તિઓ પરમાર્થના પ્રેમવાળી બની અને આત્મિક સત્તાની-રીદ્ધિ-સિદ્ધિની રીત-સર ઓળખાણ પૂર્વક આદરભાવ વધ્યો અનુક્રમે આદરભાવ વધતા, મમતા-અહંકારને ઘણો માર પડતા તેઓની ભાગા-ભાગી થઈ અને પ્રકાશ સત્ય થયો આત્મ સંપત્તિ હાજર થઈ. તે શક્તિ-સંપત્તિ વડે જે અમારો દેશ-રાગ-દ્વેષ-અને મોહે કબજે કર્યો હતો તે આત્માનો દેશ ફરી અમોએ સ્વાધીન કર્યો માનસિક વિકલ્પોને-સંકલ્પોને પરમાર્થમા વિલય પમાડી, ત્રિવેણીમા, સ્નાન કરી, સમ્યક્ દર્શન-જ્ઞાન-અને ચારિત્રમા શક્ય રમણતા કરી પાપ પંકને-મલીનતા મન-વચન અને કાયાની હતી તેણીઓને નષ્ટ કરી.

નથી. અને ખસી જાય તેવા પણ નથી. તેઓને નષ્ટ કરવા જે શક્તિ છે તેનો આવિર્ભાવ કરવા પુરૂષાર્થ ફોરવશો ત્યારે હઠવા માંડશે અને ખસી જશે નહિ.

બોલવા માત્રથી કાર્ય બનતું હોય તો પ્રયાસ કરવાની જરૂર પડે નહિ અને કાર્ય સ્વયં થયા કરે, પણ તેમ બનતું નથી. એક ધનાઢ્ય શેઠની માફક.

ધનવાન્ શેઠ શરીરમાં તાકાતનો અભાવ હોવાથી માંદા રહેતા. એક મિત્રે કહ્યું કે તમે પૈસા ખર્ચીને દવા કરાવો તો સાજા થાઓ, કહો તો ડોકટરને બોલાવું. શેઠે કહ્યુ કે ડોકટરને નાડી પરીક્ષા હોતી નથી. તે તો આપણે કહીયે તે મુજબ દવા આપે, અગર ઈન્જેકશન આપે. અને બોલાવીએ તો તેના પદર રૂપિયા અને પરીક્ષા તપાસના વળી તે કહે તે પ્રમાણે રૂપિયા પડાવે, વળી દવાના વધારે. માટે તેની જરૂર નથી.

મિત્રે કહ્યુ કે તો પછી વૈદ્યરાજને બોલાવીયે. તે અધિક રૂપિયા પડાવશે. શેઠે—વૈદ્યો પણ હાલમાં નાડી પારખુ કયાં રહ્યા છે, રૂપિયા આપવા પડે તે માટે લોભથી નકારો કહે છે, ત્યારે મિત્રે કહ્યુ—કે હુ પરોપકારી એક વૈદ્યને સારી રીતે ઓળખુ છું તે રૂપિયા લીધા વિના દવા કરે એવા છે. શેઠે ખુશી થઈ "હા" કહી મિત્ર વૈદ્યને બોલાવી લાવ્યો. નાડી તપાસીને કહ્યું કે—અશકિત ઘણી છે, શકિત વધારવા માટે શેઠ દરરોજ ઘી, દૂધ, સાકર, એલચી, જાયફલ, જાવંત્રી વાપરે તો શકિત ધીમે ધીમે આવે. અને સાજા થાય તે દવાનો કાગળ લખી આપી અને શેઠને આપી,

વૈદ્ય ચાલ્યા. પછી કાગળમા લખેલ ચીજો દેખી રાજી રાજી થાય છે અને વૈદ્યના વખાણ કરે છે દરરોજ દેખી ખુશી થાય છે પણ તે ચીજોને મગાવી ઉપયોગમા લીધા સિવાય ક્યાથી શક્તિ આવે ? તે પ્રમાણે જ્ઞાનીના વચનો સાભળે પ્રશસા કરે પણ કથન મુજબ વર્તન રાખે નહિ, તો માયા–મમતાની મલીનતાથી મદ પડેલા ધર્મક્રિયા માટે ક્યાથી પુરૂષાર્થ ફોરવે ? માટે વર્તનની ખાસ જરૂર રહેવાની

રાગ–દ્વેષ મોહ મમતાનો સર્વથા નાશ કરેલ છે અને કેવલજ્ઞાન પામી ચતુર્વિધ સઘને કરૂણાના ભડાર શ્રી તીર્થંકર મહારાજા, મોહાદિકની મલીનતા ટાળવા ઉપદેશ આપે છે. તે ઉપદેશને હયામા ધારણ કરો અને પાલણ કરવા પૂર્વક કર્મ મલને દુર કરો દુખ દરિદ્રતા ભાગી જશે. અને સત્ય સુખ શાતિનો અનુભવ આવશે અધિકારી બનશો અને સારા જગતના આત્મજ્ઞાનીના પ્યારા બનશો.

આ પ્રમાણે રાગ–દ્વેષાદિકને હઠાવવા જગતી પરમ–પરમ–પ્રભુ તીર્થંકરની વાણીનુ પાન કરી મસ્તાના બનશો ત્યારે જ કર્મ કટકનો પરાજય થશે અને સસાર સાગરને તરવા સમર્થ બનશો

સ્વભાવના ત્યાગમાં વિભાવની દશા હાજર થએલ છે અને થાય છે અને થશે જ. તેના યોગે રાગ–દ્વેષ જન્ય મોહનીય કર્મ–જ્ઞાનાવરણીય વિગેરે કર્મો અનાદિકાલથી ક્ષીર–નીરની માફક સંબંધ કરી રહેલા છે. તેથી સત્ય અમર પદથી મનુષ્યો વંચિત છે જો વિભાવદશાજન્ય રાગ–દ્વેષ–મોહાદિકને નષ્ટ કરવામાં આવે તો જ અમર પદ–આત્માની ઓળખાણ સાથે અમર પદ પ્રાપ્ત કરવાની લગની લાગે અને સ્વરૂપ જે આત્મ સ્વરૂપ છે તે પરખાય અને તે માટે તત્ત્વ પ્રયાસ થાય અને પામ્યા પછી પરમ સત્ય સુખનો અનુભવ આવે મોહાદિકની જ જાળ સ્વયમેવ ખસી જાય પુનઃ આવી શકે જ નહિ

આત્મા નિત્ય છે. મરણ પામતો નથી. ગમે તે ગતિમા હોય તો ય સાથેને સાથે રહે છે કદાપિ એક સેકંડ માત્ર પણ અલગ થતો નથી. આત્માનો ગુણ–જ્ઞાતા અને દ્રષ્ટા છે. એવા આત્માને પરણી લો અને પ્રાપ્ત કરી પરમાનંદને પામો, જો પરમાનદનો અનુભવ કરવા અભિલાષા હોય તો બાહ્ય ક્ષણિક દુઃખ પ્રતિકાર રૂપ સુખાભાસનો ત્યાગ કરો

પરંતુ અજ્ઞાનતા યોગે ક્ષણિક નાશવંત સુખાભાસનો ત્યાગ થતો નથી. અને માન–માયામા રહેવાનું પસંદ પડે છે. કોઈક, ધન પ્રાપ્ત કરવા સ્વધર્મને ભુલે છે. જો મળે નહિ તો દગા–પ્રપંચ ચોરી જારી કરીને પણ મેળવે અને અક્કડ બની ફક્કડની માફક ફરે છે. અને ફુલાય છે. ફુક્કાની માફક પણ અસાધ્ય વ્યાધિની અધિક ફુંક લાગતા નરમ

થઈ પથારીમાં પડી પોકાર કરતો પ્રાણો ગુમાવે. ને બીચારો -આત્મ સ્વરૂપને પામી શક્તો નથી અને કરેલ કર્મ સાથે લઇને અન્યગતિમા જાય છે.

સદ્‌ગુરૂ કહે છે કે, વિષ્ટાના કીડાઓ તેમા ગુલતાન બની જીવન ગુજારે છે તે પ્રમાણે જગ જીવોની એ [illegible] ભોગોપભોગના વિલાસોમા મસ્તાન-મગ્ન બની બેઠેલા [illegible] જીવન ગુજારે છે અને પાછા મલકાય છે. તેથી જે સુખની અભિલાષા રાખી રહેલા છે તે સફલ બનતી નથી પણ દુ [illegible] દાવાનલ-હૈયાના દાહથી સતાપે પીડા પામે છે પણ [illegible] વૈભવ પામી-મન-વચન અને કાયાના યોગોને કબજે [illegible] પૂર્વક સદ્‌ગુરૂનો ઉપદેશ હૈયામા ધારણ કરીને નિજ [illegible] સ્વપદ-શુદ્ધ આત્માને જાણે તે નરો-માણસો જ [illegible] પામે અને અનતકાલ સુધી પરમાનદમા ઝીલતા [illegible]

પરતુ જે આત્મજ્ઞાન મેળવી પોતાની સારી [illegible] કઈ છે અને પડી રહે એવી પર વસ્તુ કઈ છે તેની [illegible] ને વિવેક દ્વારા જાણે અને જાણી સ્થિરતાના યોગે [illegible] ન પડે ત્યારે જ. અને નિજ ગુણમા જ વર્તન કરે [illegible] જન્મ-જરા અને મરણાદિ રૂપે પુન [illegible] કરવા પડે નહિ. ભવણીજ મૂલથી જતાં [illegible] [illegible] પાપ કપાયી ? [illegible]

નિશ્ચય સાધન આત્મનું રે; સમતા યોગ વખાણ;
અધ્યાતમયોગી થવારે, સમતા પ્રશસ્ય પ્રમાણ.
સદા૦ ૩

સમતા વિણ સ્થિરતા નહિરે, સ્થિરતા લીનતા કાજ;
સમતા દુઃખહરણી સદારે, સમતા ગુણ શિરતાજ.
સદા૦ ૪

પરપરિણતિ ત્યાગી મુનિરે, સમતામાં લયલીન;
નરપતિ સુરપતિ સાહિબારે, તસ આગળ છે દીન.
સદા૦ ૫

રાચી નિજપદ ધ્યાનથી રે, સેવો સમતા સાર;
બુદ્ધિસાગર પીજીયે રે, સમતામૃત ગુણકાર.
સદા૦ ૬

સદ્ગુરૂ ફરમાવે છે. જીવન પર્યંત તથા ભવોભવ સદા, નિરન્તર–સુખી–શાતામા રહેવું હોય તો અનેક ગુણોનો ભંડાર–ક્ષમા–સમતામા પ્યાર રાખો પ્રેમ–ધારણ કરો. તેથી જ ઘણો દ્રવ્યથી અને ભાવથી લાભ થશે. ગેરલાભ થશે નહિ

તમારા ઘરના કાર્યોમાં અને બહારના વ્યાવહારિક કામોમા, સ્વજન વર્ગ કે મિત્રો, વેપાર કરનારા કે સત્તાધારી અધિકારીઓ તમારા કાર્યો પસંદ પડે નહિ ત્યારે જેમ તેમ બોલવા માંડશે, અગર મશ્કરી–હાંસી કરશે. અગર

કોપાતુર બની તિરસ્કાર-ધિક્કાર-ગાળો બોલશે તે પ્રસંગે તમો સમતા-ક્ષમા ધારણ કરશો તો તે જ પ્રતિકુલ થએલ સદ્ભાવ ધારણ કરશે. અને પ્રેમ ધારણ કરવા વ્યાપાર વિગેરેમા સહારો આપશે. અને સદ્ભાવને આવવાનો અવકાશ મળશે. તેથી મનમાં પ્રસન્નતાનો લાભ મળશે જો ક્ષમા-સમતા રાખવામાં નહિ આવે તો, ઉદ્વેગ-કોપાતુર બની તમે જેમ તેમ બોલ્યા કરશો તો અણગમો થશે અને તિરસ્કારના શબ્દો બોલશો તો કોઈ પ્યાર રાખશે નહિ અને વિરોધાદિ થશે. માટે ગુણોનો ભંડાર-ક્ષમા અને સમતા સદ્ગુરૂ ફરમાવે છે કે રાખો તેથી અણગમો વિરોધ-વૈર કોઈની સાથે થશે નહિ કદાચ થશે. તો ઝાઝો વખત ટકી રહેશે નહિ એવો ક્ષમાનો પ્રભાવ છે [illegible] છે [illegible] રહેશે અને સંપત્તિ માગ્યા વિના પ્રાપ્ત થશે અને [illegible] જ્ઞાન-વિચાર-વિવેકનો અનન્ય લાભ [illegible] [illegible] અને તેનું સારી રીતે જ્ઞાન થાય છે તેથી [illegible] જ્ઞાન પૂર્વક [illegible] બાકી [illegible] [illegible] સાધકોના બધુંના [illegible] માટે [illegible] [illegible] નિર્દોષ [illegible] આત્મિક ગુણોને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સહિત [illegible] [illegible]

[illegible]

મહારાજા-ભલે પીસ્તાલીશ આગમો ભણે-ગુણે-વાચે અને ઉપદેશ આપે પણ સમતા રાખે નહિ. અને ક્રોધાતુર બને તો તેમનું જ્ઞાન શોભાસ્પદ બને નહિ. દ્વૈપાયન ઋષિએ ઘણા વર્ષો સુધી તપસ્યા કરી પણ શાંબ પ્રદ્યુમ્નના ઉપસર્ગથી ક્રોધાતુર બની નિયાણું કરવા પૂર્વક મરણ પામી અગ્નિકુમાર દેવ બની દ્વારિકા નગરીના યાદવોને બાળી નાંખ્યા. પોતાને કાંઈ લાભ થયો નહિ અને દુર્ગતિના ભાજન થયા.

સમતા રાખી હોત તો કર્મમલને બાળવા સમર્થ બનત, ગજસુકુમાર મુનિરાજે, સોમિલ બ્રાહ્મણે પોતાના મસ્તકે ખેરના અંગારા ભર્યા છતા સમત્વના યોગે મમત્વનો ત્યાગ કરી શુકલ ધ્યાને ઘાતીયા-અઘાતીયા કર્મોનો સમૂલથી નાશ કરી અનત રિદ્ધિ-સિદ્ધિના સ્વામી બની અનત સુખનો અનુભવ કર્યો, ત્યારે સ્કંધકસૂરીશ્વરજીએ પાચસો શિષ્યો લોહ ઘાણીમા પીલાતા હતા તેઓને સારી રીતે આરાધના કરાવી. તેઓ સમાધિ-મરણે મરણ પામી અનંત-અવ્યાબાધ સુખના અધિકારી થયા. પણ પોતે સમતાને ત્યાગ કરી નિયાણુ કરી અગ્નિકુમાર દેવ બની દંડકી નૃપનો દેશ સળગાવી દુર્ગતિના કારણ બન્યા એટલે ગૃહસ્થોને, અને મુનિરાજને-સંન્યાસીને ક્રોધ અત્યંત કષ્ટદાયક છે એમ જાણી તેનો પરિહાર કરવા અને ક્ષમા-સમતાને ધારણ કરવા સમ્યગ્જ્ઞાનીઓ પુન પુન ઉપદેશે છે કે, ક્ષમા ધારણ કરવા પૂર્વક સમતાના સ્વામી બનો. નિરાબાધ સુખશાતિ પ્રાપ્ત કરવી હોય તો તેની અગત્યતા છે.

નિદ્રામાં ઘેરાએલ માનવીએ તેનો ત્યાગ કરવાપૂર્વક પ્રભાત સમયે કેવા સુંદર વિચારો કરી સત્કાર્યો કરવા તેનો ઉપદેશ આપતાં પદ-૯૯ ની રચના કરે છે તે આચાર્ય કહે છે.

પદ_૯૯

(રાગ પ્રભાતીયું)

ઉઠો ચેતન આળસ છંડી, ધર્મ હૃદયમાં ધારો
પ્રમાદે શું પોઢયો ચેતન, જાય ફોગટ અવતાર

નિદ્રા લેતા કાળ અનંતો, ચાર ગતિમાં ભમીઓ
તો પણ શું તું તેના વશ થઈ, શયનાસનાદિ [illegible]

નિદ્રાને આહાર વધાર્યાં, વધતાં ચેતન
તેહનો નાશ કરીને ચેતન, ધર્મ હૃદયમાં [illegible]

શું સંસારમાં સાર વિચારી, સારૂં સાર [illegible]
[illegible] જાય આવે ગાજે, [illegible]

ધર્મ [illegible]ીયા આનંદ [illegible]. [illegible]
[illegible] આતમ [illegible]

ઉઠી પ્રભાતે પાપારંભનાં, કામ નિવારણ કરજો રે;
ચોવીશ જિનવર સકલ તીર્થને, ઘટમાંહિ ભવી ધરજો:
....ઉઠો૦ ૬

શ્રી શંખેશ્વર સાહિબ મોરા, નામ જપું હું તોરા રે;
સકલ મંગલ કર્તા દુઃખ હર્તા, નાશે કર્મ કઠોરા રે
....ઉઠો૦ ૭

દાન શીયલ તપ ભાવના ભેદે, ધર્મ સેવન જે કરશે રે
બુદ્ધિસાગર શિવપદ પામી, ભવસાગર ઝટ તરશે રે.
....ઉઠો૦ ૮

સદ્‌ગુરૂ ફરમાવે છે કે, ઉઠો–જાગ્રત થઇને તથા આળસનો ત્યાગ કરીને, આળસ–પ્રમાદના યોગે હે ચેતન ! તારી પ્રગટ થએલ શક્તિ લૂંટાઈ રહેલ છે. તેનું રક્ષણ કરવા અને રક્ષણ કરી વધારવા ઉભો થા. ઉઠીને આંગણામાં પગલાં ભર પગલાં ભરી સમ્યગ્‌જ્ઞાન પ્રાપ્ત કરવા જ્ઞાની ગુરૂ પાસે જા. તેમના અમૃતસમાન વચનામૃતોનું પાન કરી હૈયામા ધર્મને ધારી અનાદિનું અંધકાર, અજ્ઞાન રહેલ છે તેને નિવારણ કરવા વિવેક કર. અરે ચેતન ! પ્રમાદના યોગે કેમ પોઢી રહેલ છે.

ધનાદિ માટે ધાંધલ કરે છે એમ ધાંધલ કરવાથી ધન મળતુ હશે કે ? મળે નહિ. પણ વ્યાવહારિક અને નૈશ્ચયિક ધર્મની આરાધનાના યોગે ભાગ્યવંતોને ધનાદિ મળે છે. ધાંધલ કરવી તે પ્રમાદ કહેવાય. હૈયામા આત્મિક

ગુણોને ધારી તેઓના સ્વરૂપનું જ્ઞાન કરવાપૂર્વક વ્યાવહારિક ધર્મને કરવાથી પ્રમાદ ખસતો જાય છે પણ ધંધાના ધમાલ કરવાથી તેમજ સાચુ-જુઠું બોલીને ધનાદિ બીજાઓનું પડાવી લેવાથી આત્મિક સત્ય ધન ગુમાવાય છે

મિથ્યાત્વના કારણો સેવવાથી તથા અભિમાન-અહંકારથી પુણ્યવંતોની હરિફાઈ કરવાથી તેઓની નિન્દા કુથલી કરવાથી પાપી પ્રમાદને આવવાનો અવકાશ મળે છે, તેથી હે ચેતન ? મળેલો માનવ ભવ એળે જાય છે. કોઈ [illegible] નથી જો તુ ધારે તો પ્રમાદનો ત્યાગ કરી આ ભવમા અને પરભવમા પ્રેમપૂર્વક કાયમ રહે એવા પ્રેમા [illegible] કરી શકે, પણ મનના વિચારો જુદા હોય [illegible] જુદા હોય અને કાયાની પ્રવૃત્તિઓ જુદી [illegible] આનંદ કેવી રીતે આવાવે વળી ? જો મન-વચન અને [illegible] સત્ય ધર્મવાળી વૃત્તિ અને પ્રવૃત્તિ [illegible] શોધવી પડતી નથી માટે સત્ય ધર્મના [illegible] જરૂર છે

તથા પૈસા-પરિવાર-પરિગ્રહ-પાપારંભમા પ્રતિબદ્ધ બન્યો. તેનામાંજ આસક્ત બન્યો તેથીજ જે આત્મ-કલ્યાણ સાધવાનું હતું તે સધાયું નહિ.

પાપના યોગે દુખી થયો. અરે ચેતન ? નિદ્રા-નિન્દા અને આહાર વધાર્યા-વધતા રહે છે, જ્યારે તેઓને અલ્પ કરવાપૂર્વક મમત્વનો ત્યાગ કરીશ ત્યારે જ ધર્મનો માર્ગ સુઝશે. માટે હૈયામાં ધર્મને આરાધવો જોઈએ. તેથીજ કાંઈ જ્ઞાનદશા જાગશે, અને કષ્ટોને કાપવાનો ઉપાય હસ્તગત થશે. ચેતન જેવો બનીને જડ જેવો બનવાથી તો કષ્ટો કપાશે નહિ. માટે દુન્યવી મળેલા પદાર્થોમાં મારૂ, કરતો ભમ્યા કરે છે. તેજ મારાપણામાં માર ઘણો પડે છે. તેથી પોકારો પાડે છે એમ પોકારો, વલોપાત કરતાં માથે ગાજી રહેલ મૃત્યુ, જેમ બાજ પંખી ચકલાને ઓચીંતો ઉપાડી જાય છે તેમ તને ઉપાડી લઈ જશે. સકલ પાપ કરીને પ્રાપ્ત કરેલ પડયું રહેશે, અને દુ:ખ તારે પોતાને ભોગવવાનો વખત જરૂર આવશે તેમા કોઇ ભાગીદાર બનશે નહિ જ.

કર્મકાઠીયા—એટલે અત્યંત કષ્ટ આપનાર દુષ્ટ કર્મો કોઈને છોડતા નથી. રાજા—કે રંક હોય. શકર કે કિંકર—ઇન્દ્ર કે ઉપેન્દ્ર હોય, તો પણ તેઓને ભોગવવા પડે જ. અને અહો રાજા—આત્મધન—આત્મસંપત્તિને લૂંટે છે. દગા—પ્રપચ કરીને પાયમાલ કરી મૂકે છે માટે આત્મધનાદિકનું રક્ષણ કરવુ હોય તો અરે ચેતન ? ચેતી જા. કષ્ટદાયક,

કર્મ-કાઠીયા ને કષ્ટ દૂર કર. તેથી આત્મ સંપત્તિના આગળ વધીશ.

નિન્દા-નિદ્રા અલ્પ થશે. અને આચાર-ઉચ્ચાર-અને વિચારો, શુભ-શુદ્ધ બનશે. એવી શ્રી જીનવર-તીર્થંકરોની વાણી-દેશના છે. શુભ ભાવનાના યોગે પણ [illegible] જણાય છે. માટે અનિત્યાદિ ભાવનાઓ ભૂલતો નહિ [illegible] જાગીને, ઉઠીને કયા ભાવ ઉચાર્યા કરીશ. [illegible] ભાવ કે ચાદી સોનાના એવા ભાવ જોવાના [illegible] અતિ ચંચળ અને અસ્થિર બનશે [illegible] વેગવાળી બનશે. તેથી ગુણપ્રાપ્તિ [illegible] નહિ

ઉપાયો બતાવતાં સદ્‌ગુરૂ આચાર્ય મહારાજ પદ-૧૦૦ ની રચના કરી ફરમાવે છે

પદ ૧૦૦

(રાગ : આશાવરી કે ધન્યાશ્રી)

શાંતિ સદા સુખદાયી, જગતમાં શાંતિ સદા સુખદાયી;
સેવો ચિત્તમાં ધ્યાયી, જગતમાં શાંતિ સદા સુખદાયી.

ભવજંજાળે ભટકતાં રે, શાંતિ હોય ન લેશ;
મન ચંચળના ત્યાં હુવે રે, ઉલટો વાધે કલેશ.
....જગતમાં૦ ૧

સત્તા ધન વૃદ્ધિ થકી રે, હોય ઉપાધિ જોર;
ચિત્ત સ્થિરતા નહિ ભજે રે, પ્રગટે દિલમાં તોર.
. જગતમાં૦ ૨

દુનિયાદારીની ખટપટ થકીરે, ખટપટીયુ મન થાય;
મનડું ભટકે બાહ્યમાં રે, બહિરાતમ પદ પાય.
જગતમાં૦ ૩

લેશ વિકલ્પ ન ઉપજે રે, અન્તર વર્તે ધ્યાન;
ઉપાધિ અલગી હુવે રે, હોવે શાંતિ ભાન.
...જગતમાં૦ ૪

ખારા જલના પાનથી રે, કદી ન તૃપ્તિ થાય;
ધુમાડા બાચક ભરે રે, હાથ કશું નહિ આય.
.. જગતમાં૦ ૫

માયા મમતા યોગથી રે, કદી ન શાંતિ થાય;
શાંતિ વર્તે આત્મમાં રે, નિશ્ચયથી અવલોય.
જગતમાં૦ ૬

આતમ ધ્યાને આત્મા રે, શાંતિથી ભરપૂર;
બુદ્ધિસાગર શાંતિમાં રે, રહેવું સદા મગરૂર.
જગતમાં૦ ૭

પરિણામે શાંતિ થાય કયાંથી ? અકળામણ–દુર્ધ્યાન થયા કરે છે; ધુમાડાના બાચકા ભરતા હાથ કાળા થાય છે અને મેળવવાનું હોય તે મળતું નથી.

એવી જગતની જંજાળ છે. એમા કોણ રાચી માગી રહે. જે જંજાળને બરોબર જાણે નહિ તેજ, સમજણા-જાણનાર તો પૂર્વભવના સસ્કારો અને વાસનાના યોગે જંજાળમાં પશુ પંખીની માફક ફસાએલ હોય તોપણ પરિણામનો વિચાર કરી તે જંજાળથી અલગ થવા પ્રયાસ કરતા હોય છે કેટલાક તો જે બનશે તે ખરૂ એમ માની જંજાળની ફસામણીમાંથી અલગ થવા આળસ કરે છે બહાર નીકળી શકતા નથી.

કેટલાક તો જાણતા નથી અને ભવ જંજાળને અધિક મજબૂત બનાવવા ખાતર આધિક પ્રયત્ન કરતા હોય છે. એવો માયા–મોહનો નશો છે. કેફમાં ઘેરાએલને સત્ય-શાંતિ મળે કયાથી ? જ્યારે ઘણા પીડાય–રોગોથી ઘેરાય ત્યારે સદ્ગુરૂના યોગે તેમની નશો–કેફ ઉતારનારી મધુરી વાણીનું પાલન કરે ત્યારે જ સત્ય આત્મધ્યાનના સાધનો વડે આત્મ તત્ત્વ તરફ વળે અને માલુમ પડે કે, આત્માને નિર્મલ કરવાના સાધનો સત્ય શાંતિ આપશે. આમ સમજી સદ્ગુરૂ કહે છે કે તેના સાધનામાં મસ્ત બનશો.

“ સંસારમા સુખ પ્રાપ્ત કરવા પ્રાણીઓ પ્રીતિ કરે છે. પણ પ્રેમ કેવો કરવો તેના સ્વરૂપનો ખ્યાલ ન હોવા-

મોનેયાનો આસામી બન્યો આલીશાન બંગલો બનાવી મહોટા બગીચા બનાવી તેમાં મનોહર સુગંધી વૃક્ષો-વેલડી રોપાવી લહેર કરવો લાગ્યો. માદક પદાર્થોના આહાર-ભોજના કરવા પૂર્વક શરીરમા તાકાત હોવાથી વિલાસોના વિકારો કાબુમા રહેતા ન હોવાથી સુંદર કન્યાને પરણી તેની સાથે અત્યંત પ્રીતિ રાખવાથી શક્તિનો નાશ થાય છે તેનુ ભાન-સાન રહ્યુ નહિ અને આસક્તિના યોગે રોગે ઘર લાગ્યું.

પરિવારનુ સારી રીતે પોષણ થઈ શકે એટલું ધન-દોલત છે છતા પરોપકાર કરવો કે ધાર્મિક ક્રિયાની આરાધના કરી પુણ્ય ધન પ્રાપ્ત કરવુ તે સુઝતુ નથી [illegible] આસક્તિ શુ કારમા કેર કરતી નથી? બાપાજના [illegible] બનાવે સટ્ટા કર્યા, પણ તેમા નુકશાની આવી અને [illegible] બન્યો તેની ભય-ખેદ-શોક-સંતાપ ઘણું [illegible] [illegible] જીવન ગુજાર્યું હોત તો અને [illegible] સાધનોને મેળવ્યા હોત તો આવા પરિતાપ [illegible] વાત નહિ.

ધર્મ સ્નેહને સાચવી રે, કરીએ :
યોગ્ય જનો લહી યોગ્યતારે, પામે :

અનુભવ રંગ મજીઠ જ્યું રે, આતમ મ
બુદ્ધિસાગર હસ જ્યું રે, ચચુ વિ:

સદ્દગુરૂ યોગનિષ્ટ સૂરીશ્વરજી ફરમાવે :
ચતુર નર, સસારમા કરેલી પ્રીતિમાં પ્રતિબ
નહિ. પ્રીતિમાં ભય, ખેદ રહેલ છે. ભય, ખેદા
હોય તો અપ્રતિબદ્ધ અને અનાસક્ત રહેવામા
કરવો શકય બનશે, નહિતર પરિણામે વલોપાત
વખત આવશે ધનમા જ પ્રેમ રાખતા ધર્મ કરવો
છે. સ્વપત્ની અને પરનારીમા પ્રેમ રાખવાથી ર
બલ-માનસિક શક્તિ પણ ઓછી થાય છે ૯
સસારના સબંધોમાં પ્રીતિ-આસક્ત બનવાથી બલ
ઘટાડો થવાથી માનવભવની સાર્થકતા સધાતી ન

પીડા ઉપજાવે. અને ભૂલ ભૂલામણીના નાખી નરકની માફક પ્રાણો ગુનાવવા પડશે.

માટે ઉદ્યમ એવો કરો કે સાચા પુરૂષાર્થ કરી પરમાર્થ-આત્મામાં પ્રેમ સ્થાપન કરે અને અનાદિ [illegible] દુ ખ દરિયાને ઓળંગી નવ્ય ગુણ સાગરના સદા [illegible] ધર્મ વિવિધ છે જીનેશ્વરની આજ્ઞાનું પાલન કરવું તે [illegible] ધર્મ છે કોઈ પણ પ્રાણીને પીડા થાય નહિ તેની [illegible] જાળવી. અને તન-વચન અને [illegible] માર્ગે [illegible] અને શુદ્ધ માર્ગે કરવાને [illegible]

જ્ઞાનિ સંગે રહો જ્ઞાન સાચું લહો,
ચાલજે મોક્ષની સત્ય વાટે. ૧

મૂર્ખ સંગત તજો દેવ અર્હંનૂ ભજો,
શરણુ ગુરૂનું કરો ભવ્ય પ્રાણી;

દેહ મમતા તજો મોક્ષ સાધન સજો,
સત્ય સિદ્ધાંતનો સાર તાણી. સત્ય૦ ૨

મોહ માયા હરો ધ્યાન ઉત્તમ ધરો,
જાપ અજપા જપો તત્ત્વ રાગી;

વાસ એકાન્ત ધ્યાને સદા રાચીએ,
શુદ્ધ રૂપે સદા ચિત્ત જાગી. સત્ય૦ ૩

કડુકતા લીંબની ભોગની તેહવી,
દુઃખદાયી તજોને વિકારો;

ભોગ પ્રારબ્ધના વેદીયે બાહ્યથી,
ભિન્ન અન્તર થકી દીલ ધારો. સત્ય૦ ૪

ભોગ રોગો કરી લેખવો મન વિષે,
મોહના હેતુને દૂર વારો;

શ્વાસઉશ્વાસમાં આયુ જાવે અરે,
ત્વરિત ચેતન અરે ભવ્ય તારો. સત્ય૦ ૫

જાય પરભાવમાં શ્વાસઉશ્વાસ રે,
ભવ્ય ભૂલે અરે શું વિચારી;

પામી માનવપણું ચેતજે ચિત્તમાં,
ભૂલતાં દુઃખ પામીશ ભારી. સમ્ય૦ ૬
જ્ઞાન શ્રદ્ધા ગ્રહી ભક્તિ શક્તિ લહી,
યત્ન કરજે પ્રભુ પ્રેમ ધારી:
બુદ્ધિસાગર કહે ચેતજે ચિત્તમાં,
વિષય તૃષ્ણા તણા વેગ વારી. સમ્ય૦ ૭

શકશો. તેના યોગે મોક્ષ માર્ગે સંચરવાની શક્તિ આવશે. સમ્યગ્ આત્મજ્ઞાની જંગમ તીર્થ છે. તેમની પાસેથી સાચું જ્ઞાન લેવાથી તીર્થયાત્રા સફલ થશે માટે સર્વ દુઃખોને ટાળવા સમર્થ બનાશે. ભૌતિકવાદ પંડિતોના પરિચયનો ત્યાગ કરો. ભૌતિકવાદમા પંડિતો ભલે પ્રશંસા પાત્ર હોય અને પ્રસિદ્ધ હોય તોય સમ્યગ્જ્ઞાનીઓ તેઓને પંડિત તરીકે માનતા નથી પણ આત્મજ્ઞાનીઓ ભૌતિકવાદમા નિપુણ ન હોય તો પંડિત માને છે, માટે તેમની સંગત કરી આત્મિક ગુણોને ઓળખી આદર કરી શ્રી અરિહંત દેવ જે કૈવલ્ય જ્ઞાની છે તેમને દેવાધિદેવ તરીકે માની–તેમના ગુણો ગ્રહણ કરવા સદ્ગુરૂનું શરણ લો. શરણ લેવામાં દેહ–ગેહ–પરિગ્રહની જે મમતા છે. તેનો ત્યાગ કરી મોક્ષ માર્ગે–ગમન કરવા તૈયાર થાઓ. સારી સામગ્રી સજો આ સિદ્ધાંતનો સાર સંક્ષેપમા છે. જો આત્મ પ્રિયતમ હોય તો એકાતમાં બેસી શુદ્ધ ધર્મ ધ્યાન લગાવો. દુન્યવી વિકથાનાં ત્યાગ કરવા પૂર્વક જે જે સંકલ્પ–વિકલ્પને ટાળવા ચિત્તને આત્માના શુદ્ધગુણોમા સ્થાપન કરી સ્થિર કરો પછી આત્માના સ્વરૂપનો અનુભવ થશે.

અત્યાર સુધી મોહ માયામા લપટાઈ કેવો દુઃખકારક અનુભવ આવ્યો. અને સત્ય સુખનો અનુભવ છે, તેનો વિવેક કરો. પરિણામે પીડાજનક–ચિન્તા જનક આવ્યો હશે જ. એવા પાપજનક અનુભવને હડાવવા શકય–તપ–જપનો સ્વીકાર કરો. જપ એવો કરો કે, જીભ હાલે નહિ એવો

કરી તેને અજપા જાપ કહેવાય. પછીથી માનસિક વૃત્તિ. પ્રભુના ગુણો, જપતી બને છે એમ કરતા એકાગ્રતા [illegible] કરે છે તે વૃત્તિને જાપ સિવાય અન્યત્ર ગમન કરવું અરુચિ-કર બને છે. સદ્‌ગુરૂ ઉપદેશે કે–આ [illegible] બને ક્યારે ? ભોગ ઉપભોગોને ભવરોગના કારણો માની [illegible] કરે ત્યારે જ ભોગોપભોગ, મોહ મદિરાના કેફવાં [illegible] મધુરા લાગે છે, અને આત્મ ધન-[illegible] છે, જ્ઞાનીઓ તો લીમડાના રસ જેવા કટુક માની [illegible] તેવા ભોગાદિકના ત્યાગ કરવા પૂર્વક એકાંત [illegible]

વલોપાતનો ત્યાગ કરવો. સમજદારને દુઃખમાથી સત્ય સુખનું જ્ઞાન થાય છે.

સદ્‌ગુરૂ ઉપદેશે છે કે શ્વાસ–ઉશ્વાસે અરે આત્માઓ આયુષ્ય ઘટતુ જાય છે. તેને સાધવા માટે એકેય ઈલાજ છે નહિ. એક સેકંડ માત્ર પણ સાધવા કોઈ દેવો પણ સમર્થ છે નહિ. અણધાર્યા આયુષ્ય પૂર્ણ થતા કરેલા કર્મોના સંસ્કારો લઈ ઉચાળો ભરવો પડશે. માટે અદેખાઈ–દ્વેષ–કડવાશનો ત્યાગ કરી શ્વાસોશ્વાસે પ્રભુના ગુણોને ગાઈ ચેતન ને, મોહ મમતા રૂપ મહાદુઃખથી તારો અરે ભવ્યો ? તે તમારા અપૂર્વ લાભ માટે થશે નહિતર દ્વેષ–અદેખાઈથી ભરેલી એક વૃદ્ધ ડોસીની માફક દુઃખી થશો.

એક ડોસી વૃદ્ધા બનેલી છતાં દ્વેષનો ત્યાગ કરતી ન હોતી બાલપણાથી માંડી યુવાવસ્થામા સહજ અણગમતુ થાય. અણબનાવ બને ત્યારે સગા વહાલાં ઉપર દ્વેષ–અદેખાઈ કરીને ગાળો ભાંડવામા બાકી રાખતી નહિ કોઈ શિખામણ આપતું તોય માનતી નહિ. તેથી દ્વેષના સંસ્કારો ગયા ન હોતા વૃદ્ધાવસ્થામા કાયમ રહ્યા

એક વખતે માર્ગે ગમન કરતા એક હડકાઈ કુતરીને લાકડી વડે ખસેડતા તેણીને કરડી ઘેર આવી દવા કરી. પણ તેણીને હડકવા હાલ્યાની દેશત–ચિન્તા ગઈ તેથી વિચાર કરે છે તેવામા એક માણસે આવીને પુછયું કે તમો શો વિચાર કરો છો.

ઢોંગીઓએ કહ્યું કે, મારૂં કહ્યું કરતા નથી અને નિન્દા [illegible] કરે છે. તેઓને જ્યારે હડકવા હાલશે ત્યારે [illegible] દીશ અને દુખી બનાવીશ આવા વિચાર કરનારને સ્થાનેસ્થાને પ્રભુનું નામ પાડ્યાથી ચાહિના [illegible] પામ્યા પછી કઈ ગતિમાં જાય? તે માટે [illegible] ત્યાગ કરી પ્રભુના ગુણ ગાવાનું ભૂલવું નહિ

સદ્‌ગુરૂ પાસે જ્ઞાન ગ્રહણ કરી વિષયતૃષ્ણાને નિવારી સ્વહિત સાધ્યું

તે મુજબ સદ્‌ગુરૂ કહે છે કે તમોને દેવદુર્લભ મનુષ્યભવ ભાગ્યોદયે મળેલ છે. તેની સાર્થકતા અને સફલતા કરવા ચૂકતા નહિ ચુકશો નહિ તો જીવન સફલ કરી આનંદમા મહાલશો. અજ્ઞાનતા દુ:ખની ખાણ છે. તેને ઓળંગવા સમ્યગ્જ્ઞાન મેળવો.

રાગ દ્વેષ અને મોહમાં મુગ્ધ માણસોને જીવનમાં માણસાઈની સાથે દિવ્યતા પ્રાપ્ત કરવા સત્ય શિક્ષાને આપવા માટે સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી પદ ૧૦૩ ની રચના કરે છે

પદ ૧૦૩

(રાગ: ભજન કરી લે ભજન કર લે ભાઈ રે)

સમજ દીલમાં સમજ દીલમાં, ધર્મ કર્મ એક સાચ રે;
આત્મ હીરો મૂકીને ભાઇ, ગ્રહો ન પુદ્‌ગલ કાચ રે.
સમજ૦ ૧

સત્ય ધન નિજ આત્મનું છે, અવર મ ઝંખો આળ રે;
ચેતન વિણ સહુ મોહ બાજી, જૂઠી આળ પંપાળ રે;
સમજ૦ ૨

દેહ કાચા કુંભ જેવી, યૌવન પીપળ પાન રે,
અસ્થિર આયુ જાણીને જીવ, લાવજે દીલ ભાન રે.
સમજ૦ ૩

નારૂ તહારી પાસ જાણી, માયા મમતા વાર રે;
ફરી ફરીને નહિ મળે જીવ, માનવનો અવતાર રે.
સમજ૦ ૯
ધર્મ કરતાં ધાડ આવે, તો પણ ધર્મ ન છોડ રે.
બુદ્ધિસાગર ધર્મ મિત્ર સમ, કોઈ ન જગમાં જોડ રે.

મોહનીય કર્મોના યોગે તેના પિંજરમાં પ્રતિબદ્ધ બનેલો છે અને સુખ મેળવવાની ઝંખના રાખે છે. તેના યોગે એવી કલ્પના કરે છે. કોઈને પાસલામાં નાખી તેની પાસેથી ધન લૂંટી લઉં કે અન્ય દ્વારા મારી નખાવું કે હેરાન પરેશાન કરી બીજાને સત્તાના યોગે દબાતો રાખું, અને મ્હને પગે પડતો આવે. તથા મ્હોટી સાહ્યબી પ્રાપ્ત કરી પ્રસિદ્ધ થાઉ. અન્યજનો પ્રશંસા કરે આવી આવી વિવિધ કલ્પના કરવાથી મોહનીય કર્મોથી તુ મુક્ત થવાનો નહીજ. માટે વિવિધ દુનિયાદારીનો ત્યાગ કરી આત્મિક ગુણોમાં પ્રેમ રાખી મુક્ત બન મોહપિંજર સ્વયમેવ તૂટી જશે કર્મોનો બોજો અલ્પ થતા આત્મિક શકિત પ્રગટ થતા અલ્પતાનો પણ નાશ કરવા પરમાત્મપદનો અધિકારી બનીશ.

અરે આત્મન્ ? મોહકર્મની મલીનતામા લપટાઈ રહેવુ તને કેમ પસંદ પડે છે, જાગ્રત થા અને ઉભો થા. સઘળી સત્ય સત્તા તારામાં છે તેને મેળવ અને સાચી સ્વાધીનતાનો અનુભવ કરે તો ઠીક એક વિકારી સુખના અભિલાષીએ વારસામા મળેલ મિલ્કતને વિલાસોને મિષ્ટ માની કામરસમા વેડફી નાંખી બેહાલ બન્યો. સ્વપત્નીના દાગીનાને મારીઝુડીને પડાવી લીધા. પ્રમાણાતીત માર મારી તેણીના પિતાના ઘેર મોકલી. અને પાગલ જેવો બની ભટકવા લાગ્યો. છતા કામરસ મુકાતો નથી. પશુની માફક ભટકે છે. કેવો મોહનો કેર છે, એમ સમજી કામ–વિષય-રસને છોડવાની જરૂર છે.

સમજણા તો વિષયરસનો ત્યાગ કરવા પૂર્વક પ્રભુના

ગુફામાં જ્યમ લીન થાય છે તેવી [illegible] બને છે. અને સિંહની માફક ગર્જના [illegible] કરાવે છે આપ તું હીન આત્માકે [illegible] પડેલા હોવાથી જ્યારે પરભાવનો ત્યાગ [illegible] ત્યારે સદ્ગુરુ કહે છે કે [illegible] પામશે નહિ. માટે આત્મિકગુણોના [illegible] નહિ હોય તે [illegible] તે [illegible]

સદ્ગુરુ [illegible] આત્મિક [illegible] ઓળખાણ [illegible] તેની સમજણ આપવા [illegible] જાય છે.

અભિમાન રાવણને મારી લાવીયા,
સમતા સીતા સતીને જે નિજ ઘેરજો,
અનંત સુખડાં પામ્યા તે શ્રી રામજી,
ભોગવતા તે મુક્તિ સુખની લ્હેરજો. રામરામ૦ ૩

પિણ્ડ સૃષ્ટિ કર્તા હર્તા શ્રી રામજી,
નહિ બ્રહ્માંડ તણા કર્તા કહેવાય જો;
પિણ્ડે વસીને અપિંડ આતમ ઓળખ્યો,
સત્યરામ આતમ પિંડે પરખાય જો. રામરામ૦ ૪

પિણ્ડ તજીને કેઇક રામો સિદ્ધિયા,
કેઈક રામો સિદ્ધ થશે નિર્ધાર જો;
રામ રામ રટનાથી આતમ રામ થઇ,
પામે ભવસાગરનો જલ્દી પારજો. રામરામ૦ ૫

સમજ્યા વિણ ભૂલ્યા રામનામથી માનવી,
શબ્દભેદથી કરતા તાણં તાણજો;
રામનામ લક્ષ્યાર્થે, રામ જગાવીને,
પામે અનુભવ રંગે સુખની ખાણજો. રામરામ૦ ૬

અપ્પા સો પરમપ્પા, પિંડે રામ છે,
અનેકાંતદર્શનથી તેનું ધ્યાન જો;
બુદ્ધિસાગર રામ રામ રટનાથકી,
શુદ્ધબુદ્ધ ચેતનજી શ્રી ભગવાન્ જો. રામરામ૦ ૭

જુદા નથી. મદ્દગુણો શુદ્ધ આત્મ સ્વરૂપે એક જ વ્યક્તિથી જુદા જુદા પ્રસિદ્ધ થયા છે. તે તે વ્યક્તિઓ ઉપશમ-પ્રશમ-ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવ જે આત્મિક ગુણોને પામે તે આત્મા, પરમાત્મ ભાવને પામવા યોગ્યતા પ્રાપ્ત કરી શકે કહેલા ભાવને ઘણી રમણતા કરતો સત્ય રામના ગુણો પામી દુનીયાદારીથી ખસતો જાય છે

સંસારમાં રામચંદ્રજી સીતાના સ્વામી કહેવાય તે ઠીક છે. પરંતુ અધ્યાત્મ યોગે સમતાના સ્વામી રામચંદ્રજી જાણવા છે. બીજા નહિ સમતાના સ્વામીનું નામ છે. છતા અનામી છે. નામ વિના છે પ્રસિદ્ધ પામેલ રામચંદ્રજીએ સીતાનુ અપહરણ રાવણે કર્યું તેથી તેનો નાશ કરી સીતાજી સ્વરાજ્યે લાવ્યા. ત્યારે આત્મ ગુણોમા રમણતા કરનાર આત્મ રામો મોહ-ક્રોધ-માન-લોભાદિકે અપહરણ કરનાર રાવણે સમતા સતીને પરાધીનતાની બેડી તોડી સંપૂર્ણ બલ ફોરવી સમ્યગ્જ્ઞાનના યોગે રાગાદિકને હઠાવી સ્વાધીન બનાવી સ્વઘરમા લાવ્યા અને સમતા યોગે અન્તરના શત્રુઓનો નાશ કરવા પૂર્વક અનંત રીદ્ધિ-સિદ્ધિના સ્વામી બની-અનંત સુખની લ્હેરીઓનો અનુભવ કર્યો પરંતુ નિર્નામી રામ તો પિંડ-શરીરના નથી તેમજ બ્રહ્માંડનો કર્તા નથી જ. પરંતુ બાહ્યભાવ-સંસારની માયા મમતાના જોરથી આત્માએ પોતાનો પિંડ વગેરે રચેલ છે. તેથી જન્મ-જરા-મરણના અસહ્ય સંકટોને પામે છે

જો પિંડ-શરીરની આસક્તિનો ત્યાગ કરી આ પિંડ-

એવા આત્મગમને જ્ઞાન પૂર્વક પૂર્ણ ભાવથી ભજે તો તે આત્મા, અન્તર્ગામી બની સહજાનંદ પામે માટે ભવ્યો! આસક્તિનો ત્યાગ કરી અન્તર્ગામી બનો.

સદ્ગુરુ ફરમાવે છે કે મનુષ્ય ભવને પામી, [illegible] શરીરના આત્માને ઓળખે છે તે વિષય કષાયના [illegible] વિકારોને નિવારી પરમ ગુણના અધિકારી બને

માન હોતે જ થાય છે. તે સિવાય કોઈ ક્રિયા બનતી નથી. યંત્રોને ચલાવનાર બેઠો હોય તો જ ચાલે છે, નહિતર પડ્યુ રહે. એટલે આત્માના ગુણોને પ્રાપ્ત કરો, આ ગુણો વિના દુન્યવી ગુણો સારી રીતે પ્રાપ્ત કર્યા હશે. તો પણ સાચી ઋદ્ધિ સમૃદ્ધિ આપી શકશે નહિ. ઘણા રાજા-મહારાજા, પાંચમા આરામા થયા. તેઓ પણ આત્મિક ગુણોને પ્રાપ્ત કર્યા વિના વલોપાત કરતા પરલોકે ગયા-જેવા કે પૃથ્વી રાજ ચહુહાણ-પ્રતાપ રાણો-મુઝરાજ વિગેરે પરલોકે ગયા. રાજ્ય રીદ્ધિ પડી રહી. સાથે ગઈ નહિ સાથે આવે એવા સદ્ગુણો હતા. સસ્કારો હતા પણ તેઓના તરફ પ્રયાસ કર્યો નહિ.

દરિયામા રહેલી સમૃદ્ધિ ગમે તેવી સુરક્ષિત રાખેલી હોય તે તો છેવટે દરિયામા રહે છે ને ? એમ સંસાર સાગરમા સુરક્ષિત સાહ્યબીના સાધનો સાગરમા પડ્યા રહેશે. માટે પિંડમા રહેલ આત્મા પરમાત્મા થવાને લાયક છે. પણ વિષય વિલાસોમા મગ્ન બનેલ હોવાથી આત્માને ભૂલી ગયા. અને જન્મ-જરા-અને મરણના દુખદાયક સકટો ટળ્યા છે ? નહિ. માટે શાણા બનીને સદ્ગુણો પ્રાપ્ત કરવા પરમ પ્રેમ ધારણ કરો શ્રી રામચદ્રજીએ ગુણોને પ્રાપ્ત કરી અનંત સુખ મેળવ્યુ, તે મુજબ આત્મિકગુણોના રાગી બની તમો પણ અનંત સુખના સ્વામી બનશો આત્મા શરીરથી હાલમા જુદો છે નહિ, ધારશો તો સર્વ દુ:ખોથી મુક્ત બનશો.

સદ્ગુરૂ કહે છે આત્માનું ધ્યાન ધરો, અને સંસાર[illegible]ના રખાવનાર ક્રોધ-માન-માયા અને લોભ [illegible] [illegible] કરવા પૂર્વક બુદ્ધિના સાગરમાં પ્રેમ [illegible] [illegible] ભગવાન બનશો અને જન્મ મરણના [illegible] [illegible] અને શુદ્ધ-બુદ્ધ ચેતન બનશો.

ધાર્મિક ક્રિયા [illegible] [illegible] કરવી જોઈએ તે વિના ચાલતી [illegible] [illegible] નથી. [illegible] નીતિના [illegible] [illegible] ૧૦૭ ની રચના [illegible]

ચોરી જારી ચુગલીને નિન્દા દોષ પરિહરી,
સત્ય ટેક ધારી કદી જૂઠું નહિ ભાખજે;
વિનય વિવેક ધરી, વૃદ્ધ જન અનુસરી,
નીતિ રીતિ દુનીયામાં ટેકથી જમાવજે,
વીર જિન વચનથી સત્યતા ધરીને દીલ,
ધીનિધિ ચેતન પ્રભુ ઊંઘથી જગાવજે. ૨

"સદ્ગુરૂ આચાર્ય-બુદ્ધિસાગરસૂરીશ્વરજી-ધર્મક્રિયાની સાર્થકતા-સફલતા, વ્યાવહારિક કાર્યોમા નીતિ-ન્યાય-પ્રમાણિકતા રાખવામા જો ન આવે તો ધાર્મિક કાર્યો હાસીપાત્ર બને. તે માટે ધાર્મિક ક્રિયા અને કાર્યો કરનારાઓએ નીતિ ધર્મ પાલનમા પ્રેમ-ખ્યાલ રાખવાની જરૂર છે નીતિ ધર્મની આરાધના પૂર્વક ધાર્મિકતા પ્રશસાપાત્ર બને અને જૈનેતરને અનુકરણ બને. તેથી સદ્ગુરૂ ફરમાવે છે કે અરે ભાગ્યશાલી જૈનો? ધનાદિ મેળવવા ખાતર તમોને ઘણી હોશ હોવાથી અથાગ પ્રયત્ન કરો છો.

તમે કહો છો કે ધનાદિક ન હોય તો ભૂખે મરીયે. તો તમે શું લઈને આવેલ હતા? તે તો કહો. જન્મ ધારણ કર્યા પછી માતાનુ ધાવણ કોણે ઉત્પન્ન કર્યું? બાલપણાથી માડી યૌવનપણાને પામ્યા. એ અરસામા કોણે તમારૂ ભરણ પોષણ કર્યું.જો પૂર્વના પૂર્ણ પુણ્ય ન હોત, તો. શી હાલત-દશા થાત, તમે પૂર્વ જન્મના પુણ્યના સસારિક સસ્કારિક ધનની મિલ્કત લઈને આવ્યા છો. તેથી લીલા-

વીસા વર્ષને ફરો છો તેથી માલુમ પડે છે કે તમારો પુણ્યોદય છે યુવાનપણાને પામ્યા. નહિતર કેટલાક જન્મ પામતા અગર બાલપણામા મરણ પામે છે તો [illegible] પૂર્ણ-નરમા. [illegible] ધન તો નીતિ-ન્યાય-[illegible] [illegible]-પછી ધનાદિકની પ્રાપ્તિ કરવી સદ્ગુરુ [illegible] [illegible] સદ્ગુરુની સંગતિ વિના નીતિ [illegible] [illegible] નથી [illegible] [illegible] [illegible] [illegible]

કરવા પૂર્વક નિર્મલ બનીશ ત્યારે તું પણ અનંત રીદ્ધિ, શક્તિનો સ્વામી બનશે. હાલમા એવા વિચાર કરી એવું કાર્ય કર કે, બાજી સારી મળી છે. તે હારી જવાય નહિ. ચાલુ જીવનમા ખેલાડુ બની નવા ખેલો ખેલી રહેલ છે. કોઈ વખતે ભક્ત બની ક્ષમાને ધારણ કરે છે કોઈ પ્રસંગે કોપાતુર બની ગાળો ભાડે છે અને સામે ધસી બીજાને મારવા તૈયાર થાય છે. કોઈ વખતે ગરીબ જેવો બને છે. કોઈ પ્રસંગે પાગલતા ધારણ કરે છે. કોઈ પ્રસંગે રાજા જેવો દમામ રાખે છે આવા ખેલો ખેલી શો લાભ ઉઠાવ્યો છે. વિવેક લાવવો જોઇએ. અલ્યા, રેતી પીલવાથી તેલ નીકળશે નહિ, ઘાસને પીલવાથી ઘી નીકળે કયાંથી ? માટે કયા સુખની ખાતર વિવિધ ખેલ ખેલી રહેલ છે, તેથી સત્ય ધનના સ્વામી થવાશે નહિ.

દુ:ખ દરિયાને દુર કરવા, તરવા માટે મનુષ્ય ભવરૂપી નાવ સારામા સારી મળી છે. તે છેદાય નહિ, ભેદાય નહિ, તે માટે સાવધાન બની તરી જા, ભેદાયા, છેદાયા પછી તારૂ કાંઈ ચાલશે નહિ, અને દુ:ખદરિયામા ફસાઈ પડવું પડશે માટે ચેતી જા.

સાચી સમજણ, સમ્યગ્જ્ઞાની મળવા અશકય છે. મુશ્કેલ છે. માટે તેમની સંગતિ કરી કાયારૂપી નૌકા પકડી જલ્દી તરી જાય.. અને સત્ય સુખ સાપડે તે મુજબ વર્તન રાખ.

અરે તું માનવ ? મુસાફર છે, કાયમ રહી શકે એમ

લીનતા ધારણ કરવાથી જ શરીરની ચામડી ચીરાતી છતા આત્મતત્ત્વમાં જ રમણતાના યોગે કર્મ કલકનો નાશ કરવા પૂર્વક કેવલજ્ઞાન પામી, જલ્દી પરમપદને પામી અનંત અવ્યાબાધ સમૃદ્ધિ પામ્યા. ત્યારે પાચસો શિષ્યોના ગુરૂ-રાજ શ્રી ખધકસૂરિ ચારસો નવાણું શિષ્યોને આત્માના સ્વરૂપે લીનતા કરાવી લોહ ઘાંણીમા પીલાતા-પીલાતાં તેઓ કર્મોને નષ્ટ કરી મોક્ષપદને પામ્યા પરતુ એક નાના શિષ્યની ખાતર કોપાતુર બની નિયાણુ કરી અગ્નિકુમાર થઈ દંડકી નૃપનો દેશ બાળી નાખ્યો. આ મુજબ સંસારની માયા-મમતામાં કોઈ પ્રકારનો લાભ નથી, તેથી રાગ-દ્વેષાદિકનો ત્યાગ કરવો જોઇએ. આત્મ શાશ્વત છે કોઈ પ્રકારે કોઈનાથી નાશ કરી શકાતો નથી, બાળી શકાતો નથી, ભીંજાવી શકાય એમ નથી માટે કલ્યાણના અર્થી અરે ભવ્ય ? અન્યત્ર ધમાલમાં નહિ લેપાતા એક આત્માને અન્તરમાં ધારણ કરશો. ભવોભવની ભીતિ નષ્ટ થશે. બુદ્ધિના સાગર બની શકશો. અને અતે કેવલજ્ઞાન પામશો.

સમાપ્ત.

કરવા પૂર્વક નિર્મલ બનીશ ત્યારે તું પણ અનત રીદ્ધિ, શક્તિનો સ્વામી બનશે હાલમાં એવા વિચાર કરી એવુ કાર્ય કર કે, બાજી સારી મળી છે. તે હારી જવાય નહિ. ચાલુ જીવનમા ખેલાડુ બની નવા ખેલો ખેલી રહેલ છે. કોઈ વખતે ભક્ત બની ક્ષમાને ધારણુ કરે છે. કોઈ પ્રસગે કોપાતુર બની ગાળો ભાડે છે. અને સામે ધસી બીજાને મારવા તૈયાર થાય છે. કોઈ વખતે ગરીબ જેવો બને છે. કોઈ પ્રસંગે પાગલતા ધારણુ કરે છે કોઈ પ્રસગે રાજા જેવો દમામ રાખે છે આવા ખેલો ખેલી શો લાભ ઉઠાવ્યો છે. વિવેક લાવવો જોઈએ. અલ્યા, રેતી પીલવાથી તેલ નીકળશે નહિ, ઘાસને પીલવાથી ઘી નીકળે ક્યાથી ? માટે કયા સુખની ખાતર વિવિધ ખેલ ખેલી રહેલ છે, તેથી સત્ય ધનના સ્વામી થવાશે નહિ.

દુ ખ દરિયાને દુર કરવા, તરવા માટે મનુષ્ય ભવરૂપી નાવ સારામાં સારી મળી છે. તે છેદાય નહિ, ભેદાય નહિ, તે માટે સાવધાન બની તરી જા, ભેદાયા, છેદાયા પછી તારૂ કાંઈ ચાલશે નહિ, અને દુ ખદરિયામાં ફસાઈ પડવું પડશે માટે ચેતી જા.

સાચી સમજણુ, સમ્યગ્જ્ઞાની મળવા અશક્ય છે. મુશ્કેલ છે માટે તેમની સ ગતિ કરી કાયારૂપી નૌકા પકડી જલ્દી તરી જાય. અને સત્ય સુખ સાપડે તે મુજબ વર્તન રાખ.

અરે તું માનવ ? મુસાફર છે, કાયમ રહી શકે એમ

સદ્ગુરૂ ઉપદેશ આપે છે, કર્મોના આધારે અરે જીવ ? શરીરનો સંગી બન્યો. એક નક્કી સમજશે. એક બે–ત્રણ–ચાર–પાંચ-ઇન્દ્રિય જાતિ રૂપે થયો છે તેમાં અકામ નિર્જરા અને પુણ્યોદયે દુર્લભ માનવભવ પામ્યો. માનવભવ પામ્યા પછી મોહ મમતાનો વેગ ખરા રૂપે હાજર થયો. તેના યોગે વિષય–કષાયો વ્હાલા લાગ્યા, તો પ્યારા લાગ્યા. તેથી આત્મિક ગુણોને એવા દબાવ્યા કે, આત્મ સ્વરૂપનું ભાન બીલકુલ રહ્યુ નહિ. તેથી ચારગતિ અને ચોરાશી લાખ યોનિઓમાં અકથ્ય વેદના–વિટંબના ભોગવી તેનો અંત આવ્યો નહિ. હવે મનુષ્યપણું પામી તે દુખોને દૂર કરવાનો સારામાં સારો અવસર છે

ભવોભવમા જે કમાણી, જે ન થઈ તેવી કમાણી કરવાની અમુલ્ય મોસમ છે તેની સફલતા કરવા આત્મ-તત્ત્વને ઓળખવાની અગત્યતા છે માટે વિષય કષાયના વિકારો અને વાસના, વિઘ્નો કર્તા બને છે. તેઓ તો જ્યારે પરમપુરૂષાર્થ ફોરવવામા આવે ત્યારે જ ટળે એમ છે. આમ હૈયામા અવધારજે, અરે આત્મન્ ભૂલતો નહિ જો ભૂલીશ તો આવી મનોહર મોસમ મળવી દુષ્કર બનશે. જેમ બ્રાહ્મણના હાથમા હીરો આવ્યો પણ વિકથાની વાતો કરતાં દરિયામા હાથથી ખસી ગયો, કહો હવે પુન પ્રાપ્ત થવો અશક્ય છે ને ? અરે વિજ્ઞાનીઓને પણ દુષ્કર છે તે સુજ્ઞ હાથમાથી મોસમ ચાલી ગઈ. કાંઈ પણ પરભવમા કમાણી સાથે આવી નહિ તેવી માનવ ભવરૂપી મોસમ શા

કરવા પૂર્વક નિર્મલ બનીશ ત્યારે તું પણ અનંત રીદ્ધિ, શક્તિનો સ્વામી બનશે. હાલમાં એવા વિચાર કરી એવુ કાર્ય કર કે, બાજી સારી મળી છે. તે હારી જવાય નહિ. ચાલુ જીવનમા ખેલાડુ બની નવા ખેલો ખેલી રહેલ છે. કોઈ વખતે ભક્ત બની ક્ષમાને ધારણ કરે છે. કોઈ પ્રસંગે કોપાતુર બની ગાળો ભાડે છે અને સામે ધસી બીજાને મારવા તૈયાર થાય છે. કોઈ વખતે ગરીબ જેવો બને છે. કોઈ પ્રસંગે પાગલતા ધારણ કરે છે. કોઈ પ્રસંગે રાજા જેવો દમામ રાખે છે આવા ખેલો ખેલી શો લાભ ઉઠાવ્યો છે વિવેક લાવવો જોઇએ. અલ્યા, રેતી પીલવાથી તેલ નીકળશે નહિ, ઘાસને પીલવાથી ઘી નીકળે કયાથી ? માટે કયા સુખની ખાતર વિવિધ ખેલ ખેલી રહેલ છે, તેથી સત્ય ધનના સ્વામી થવાશે નહિ.

દુ:ખ દરિયાને દુર કરવા, તરવા માટે મનુષ્ય ભવરૂપી નાવ સારામા સારી મળી છે. તે છેદાય નહિ, ભેદાય નહિ, તે માટે સાવધાન બની તરી જા, ભેદાયા, છેદાયા પછી તારૂ કાંઈ ચાલશે નહિ, અને દુખદરિયામાં ફસાઈ પડવુ પડશે માટે ચેતી જા.

સાચી સમજણ, સમ્યગ્જ્ઞાની મળવા અશકય છે મુશ્કેલ છે માટે તેમની સંગતિ કરી કાયારૂપી નૌકા પકડી જલ્દી તરી જાય.. અને સત્ય સુખ સાપડે તે મુજબ વર્તન રાખ.

અરે તું માનવ ? મુસાફર છે, કાયમ રહી શકે એમ

લીનતા ધારણ કરવાથી જ શરીરની ચામડી ચીરાતી છતા આત્મતત્ત્વમાં જ રમણતાના યોગે કર્મ કલંકનો નાશ કરવા પૂર્વક કેવલજ્ઞાન પામી, જલ્દી પરમપદને પામી અનંત અવ્યાબાધ સમૃદ્ધિ પામ્યા ત્યારે પાચસો શિષ્યોના ગુરૂ-રાજ શ્રી ખધકસૂરિ ચારસો નવાણું શિષ્યોને આત્માના સ્વરૂપે લીનતા કરાવી લોહ ઘાણીમાં પીલાતાં–પીલાતા તેઓ કર્મોને નષ્ટ કરી મોક્ષપદને પામ્યા. પરંતુ એક નાના શિષ્યની ખાતર કોપાતુર બની નિયાણુ કરી અગ્નિકુમાર થઈ દંડકી નૃપનો દેશ બાળી નાંખ્યો. આ મુજબ સંસારની માયા–મમતામાં કોઈ પ્રકારનો લાભ નથી, તેથી રાગ–દ્વેષા-દિકનો ત્યાગ કરવો જોઇએ. આત્મ શાશ્વત છે. કોઈ પ્રકારે કોઇનાથી નાશ કરી શકાતો નથી, બાળી શકાતો નથી, ભીંજાવી શકાય એમ નથી માટે કલ્યાણના અર્થી અરે ભવ્ય ? અન્યત્ર ધમાલમા નહિ લેપાતાં એક આત્માને અન્તરમાં ધારણ કરશો. ભવોભવની ભીતિ નષ્ટ થશે. બુદ્ધિના સાગર બની શકશો. અને અંતે કેવલજ્ઞાન પામશો.

સમાપ્ત.

ચમત્કાર વિદ્યા લબ્ધિનું સ્થાન તું,
ગુરૂગમ યુક્તિ-ભક્તિ અર્પે સર્વ જો;
પૂજા-ભક્તિ ધ્યાનાશય છે આતમા,
તત્ત્વજ્ઞાનથી નાસે મિથ્યા ગર્વજો...સહુ ૩

ચેતન શક્તિ ચેતન ભાવે દેખીયે,
જડની શક્તિ જડ સ્વભાવે જાણજો;
અનંત સુખનું સ્થાનક આતમ જાણીયે,
અનુભવયોગે પ્રગટે તેનુ ભાનજો...સહુ ૪

અખંડ ઉપયોગે તું ઘટમાં જાગજે,
દુઃખમય જાણી સઘળો આ સંસારજો;
વક્તા ધ્યાતા ધ્યેય તત્ત્વની એકતા,
દ્રવ્યાર્થિક નયથી મનસાં નિરધારજો...સહુ ૫

આતમ કર્તા કર્મ કરણ પણ આતમા,
સંપ્રદાન ને અપાદાન પણ એહ જો;
અધિકરણ પણ આતમને અવલોકીએ,
પર્યાયાર્થિક નયથી હોવે તેહજો...સહુ ૬

સમજી સાત નયો આત્મ સ્વરૂપને,
ટાળો મિથ્યા વિષય વાસના રાગજો;
બુદ્ધિસાગર અવસર પામી ચેતજો,
અન્તરથી કરજો સહુ માયા ત્યાગજો...સહુ ૭

સદ્ગુરૂ ઉપદેશે છે કે, મનુષ્યો શારીરિક શક્તિના અભા-
વમા પૈસાનો વ્યય કરી રસાયણાદિ દવા લેવા તત્પર બને
છે અને શક્તિવાળા અધિક દવાઓ લઈ ખુશી થાય છે
છતા તે શક્તિ ટકી શકતી નથી નષ્ટ થતી જાય છે જરા,
ઘડપણ આવતા મનોહર ખાવા પીવાની પણ ઈચ્છા તે મુજબ
રહેતી નથી અને મનમા મુંઝવણ થયા કરે છે

આવી વિનાશી શક્તિ ખાતર જીવન પર્યંત પ્રયાસ
કરતા હોય છે કારણ કે તેઓને દેહ દેવળમાં બીરાજી
રહેલા આત્માની શક્તિ અનત છે તેની માલુમ નથી તેથી
સદ્ગુરૂ કહે છે અરે શક્તિ માટે મહામહેનત કરતા
માનવો ? આત્માની શક્તિ અપરંપાર છે તેને ગુરૂગમ લઈ
જાણો અને સઘળી આશા-તૃષ્ણાને નિવારી અન્તરમા
લગની લગાડો પછી અનુક્રમે મન-વચન-તન કબજામાં
આવતા આત્મિક શક્તિનો પ્રભાવ-મહિમા કેવો છે તે
માલુમ પડશે, અનુભવમા આવશે

અરે મહાશય ? જે કેવલજ્ઞાન પામ્યા છે અને
સિદ્ધ થાય છે તે ભાગ્યવતોએ પ્રથમ રાગ-દ્વેષ અને મોહ-
માયા-મમતાનો ત્યાગ કરવા પૂર્વક અન્તરાત્મા બની તથા
પાચ ઇન્દ્રિયો-અને માનસિક વૃત્તિઓ આત્મિક ગુણોમા
યોજવાની સાચી દવા કરી છે તેથી અનુક્રમે તે ભવમા
ક અન્ય ભવના કેવલજ્ઞાની બની અઘાતીયા-કર્મનો ઘાત
કરી અનત શક્તિના સ્વામી થયા છે સિદ્ધ-બદ્ધ મુક્ત બન્યા
છે આવી શક્તિ અરે ! કલ્યાણ કામી તારામા છે અને